॥ ૐ ॥

श्री राज सोभाग सत्संग मंडळ

सायला

# આરાધના શિબિર-૧૬

(તા. ૨૫-૧૨-૯૮ થી ૩૧-૧૨-૯૮)

સંચાલન : બ્ર. નિ. શ્રી નલિનભાઈ

સંકલન કર્તા : બ્ર. નિ. શ્રી રસિકભાઈ


**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**

નેશનલ હાઈવે ૮-એ ઉપર, સોભાગ પરા,

સાયલા-૩૬૩૪૩૦

ફોન : (૦૨૭૫૫) ૩૩૫૩૩

॥ ॐ ॥

श्री राज सोभाग सत्संग मंडळ

સાયલા

# આરાધના શિબિર-૧૬

(તા. ૨૫-૧૨-૯૮ થી ૩૧-૧૨-૯૮)

સંચાલન : બ્ર. નિ. શ્રી નલિનભાઈ

સંકલન કર્તા : બ્ર. નિ. શ્રી રસિકભાઈ


**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**

નેશનલ હાઈવે ૮-એ ઉપર, સોભાગ પરા,

સાયલા-૩૬૩૪૩૦

ફોન : (૦૨૭૫૫) ૩૩૫૩૩

પ્રકાશક :
પ્રકાશન સમિતિ.
શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
સોભાગપરા - સાયલા ૩૬૩૪૩૦

પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦

વિ.સં. ૨૦૫૫

(પ્રાઈવેટ સરક્યુલેશન માટે)

મુદ્રક :
નૈષધ પ્રિન્ટર્સ
મ્યુ. સ્કૂલ પાસે,
નારણપુરા ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩

પ્રાપ્તિ સ્થાન :
શ્રીમદ્ રાજ સોભાગ આશ્રમ,
સોભાગપરા, સાયલા-૩૬૩૪૩૦
ગુજરાત
ફોન નં. : (૦૨૭૫૫) ૩૩૫૩૩

# પ્રસ્તાવના

આપણે સૌ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે સાધના કરી રહ્યા છીએ. આ પુસ્તિકામાં તે સાધનાને બળ મળે તેવી વાતોનું સંકલન કરવાનો પુરૂષાર્થ કરવામાં આવ્યો છે. મુખ્યત્વે બે વિષય છે. (૧) મોક્ષ અને મોક્ષ માર્ગ તથા સાધના (૨) વૈરાગ્ય સાથે સદ્‌બોધ

આ બન્ને વિષયોનો વિચાર કરી આપણે સૌ સાધકો સાધના માર્ગમાં આગળ વધવા પુરૂષાર્થી બનીએ એ જ અભ્યાર્થના સહ

લિ.

સાયલા — **બ્ર. નિ. સદ્‌ગુણાબેન સી. યુ. શાહ**

તા. ૨૫-૧૨-૧૯૯૮ — **બ્ર. નિ. નલિનભાઈ કોઠારી**

* * *

# મોક્ષ – મોક્ષમાર્ગ

પરમ કૃપાળુદેવ મોક્ષ અને મોક્ષમાર્ગ વિષે શું કહે છે તે પહેલાં જોઈશું અને પછી તીર્થંકર ભગવંતો તેના વિષે શું કહી ગયા છે તેનો વિચાર ભગવાન મહાવીર દ્વારા ઉત્તરાધ્યયન શાસ્ત્ર કે જેમાં ભગવાન મહાવીરની અંતિમ દેશના છે તે સૂત્રમાં શું કહેવામાં આવ્યું છે તેનાથી કરીશું.

**મોક્ષ :** ભગવાને કહ્યું કે હે ગૌતમ ! મોક્ષના અનંતસુખને હું જાણું છું; પણ તે કહી શકાય એવી અહીં આગળ કોઈ ઉપમા નથી. અનુપમેય મોક્ષને કહી શકાતું નથી. (શિ.પા. ૭૩) જો સર્વ ત્યાગી શકતા હો તો ત્યાગી દો એટલે મોક્ષ રૂપ જ થશો (શિ.પા. ૯૩) મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી. વિચારીને જેણે મતભેદને ટાળ્યો, તે અંતર્વૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે, પામશે (૫૪)* અનંતકાળમાં કાં તો સત્ પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરૂષ મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે (૫૫)

દર્શન અને વીર્યાદિ ગુણ સહિત તથા સંસારનાં કલેશો રહિત ચિદાનંદમયી આત્યંતિક અવસ્થા તેને સાક્ષાત્ મોક્ષ કહે છે. જેમાં આ આત્મા નિર્મળ, શરીર રહિત, ક્ષોભ રહિત, શાંતસ્વરૂપ, નિષ્પન્ન સિધ્ધરૂપ, અત્યંત અવિનાશી સુખરૂપ, કૃતકૃત્ય તથા સમીચીન સમ્યક્જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે તે પદને મોક્ષ કહીએ છીએ. (૧૦૨) જઘન્ય જ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય. જઘન્ય જ્ઞાન એટલે સામાન્યપણે મૂળવસ્તુનું જ્ઞાન; અતિ સંક્ષેપમાં છતાં મોક્ષના બીજ રૂપ છે. (૧૩૯) તીર્થંકર દેવે રાગ કરવાની ના કહી છે, અર્થાત્ રાગ હોય ત્યાં સુધી મોક્ષ નથી. (૧૪૬).

* કૌંસમાં આપેલા નંબર વચનામૃતના પત્રક્રમાંક દર્શાવે છે.

ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે; અને તે સત્પુરૂષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે (૨૦૧) કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છુટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દ વ્યાખ્યા છે (૨૧૮). જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે. પૂર્વે થયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે, તથાપિ સ્વરૂપ સ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણકે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષ જોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપ સ્થિતિ થવી સંભવિત માનીએ છીએ અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે કારણકે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરૂષ છે. (૨૪૯). દશા પ્રાપ્ત થવાનાં જે બે કારણ તે મળ્યા વિના જીવને અનંતકાળ થયાં રખડવું પડયું છે. જે બે કારણ મળ્યે મોક્ષ હોય છે. (૩૪૦) મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત હોય, પણ મુક્તિપણાનું દાન આપનાર એવા પુરૂષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે; અર્થાત્ મોક્ષ દુર્લભ નથી; દાતા દુર્લભ છે (૩૭૯).

પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે (૩૮૦). જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઈચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય છે. (૩૮૯).

પરમાર્થ પરમાર્થ સ્વરૂપ એ નિકટ મોક્ષનો ઉપાય છે. પરમાર્થ વ્યવહાર સ્વરૂપ એ અનંતર પરંપર સંબંધે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર પરમાર્થ સ્વરૂપ તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષનાં કારણભૂત થવાનો ઉપાય છે. (૪૭૨)

જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં, દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે તેથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે. તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે. અજ્ઞાનભાવના અનેક

પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે. તે જેમ જેમ છુટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે. મોક્ષપદ આ દેહમાં અનુભવમાં આવવા યોગ્ય છે. (૫૩૦). જો જ્ઞાની પુરૂષના દઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાની પુરૂષના આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં (૫૬૦). દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો એવો ધીર પુરૂષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુધ્ધ ચૈતન્ય સ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે. (૮૬૫). મોક્ષપદ છે તે વાતનો કોઈ કાળે સંશય નહીં થાય. (આ.પ.અ.હા.નો ૧/૨)

ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કાંઈ છે જ નહીં. જીવ માત્ર જ્ઞાન સ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ છે. (૫૩૦).

આત્મ વિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે. આત્મ જ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ કલેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે. એ વાત કેવળ સત્ય છે. કોઈપણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદ જાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી. અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્ય વૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે (૫૬૯). સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. (૬૦૯). અસંગતા સિધ્ધ થવી, પરિણત થવી તે મોક્ષ છે. (૬૪૦).

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ-૧૫.**

જો જીવ સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે. ૧૫.

**જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ-૮૯**

**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ-૯૦**

**દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,**
**સિધ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ-૯૧**

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ-૧૧૫.**

**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન, જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ-૧૧૬.**

(આ.સિ.શાસ્ત્ર-૭૧૮)

સર્વ કર્મનો ક્ષય થવારૂપ આત્મ સ્વભાવ તે 'ભાવ મોક્ષ' કર્મ વર્ગણાથી આત્મ દ્રવ્યનું જુદું થઈ જવું તે 'દ્રવ્ય મોક્ષ' (૭૬૧). સર્વ દુ:ખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે. (૭૬૨)

જેમ જેમ સમ્યક્ દર્શન શુધ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્ ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે, અને ક્રમે કરીને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિધ્ધ થતો જાય છે અને ક્રમે કરીને સર્વ કર્મ કલંકથી રહિત થવાથી એક શુધ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવ સમુદ્રમાં સ્થિત થાય છે (૭૫૫). જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ એ ચાર કારણ મોક્ષના કહ્યાં છે. તે એકબીજા અવિરોધપણે પ્રાપ્ત થયે મોક્ષ થાય. સ્વભાવ દશા શો ગુણ આપે ? તથારૂપ સંપૂર્ણ હોય તો મોક્ષ થાય. વીતરાગની આજ્ઞાથી પોરસીનો સ્વાધ્યાય કરે તો શો ગુણ થાય ? તથારૂપ હોય તો યાવત્ મોક્ષ થાય. વીતરાગની આજ્ઞાથી પોરસીનું ધ્યાન કરે તો શો ગુણ થાય ?

તથારૂપ હોય તો યાવત્ મોક્ષ થાય. (૯૧૮)

જે સંવરયુક્ત સર્વ કર્મની નિર્જરા કરતો છતો વેદનીય અને આયુષ્ય કર્મથી રહિત થાય તે મહાત્મા તે જ ભવે મોક્ષ પામે. (૭૬૬).

સ્વચ્છંદ ટળે તો મોક્ષ થાય. (ઉ.છા.૪). જ્ઞાનીપુરૂષ રૂપી સૂર્ય પ્રગટ થયા પછી ખરા અધ્યાત્મીઓ શુષ્ક રીતે પ્રવર્તે નહીં, ભાવ અધ્યાત્મમાં પ્રગટપણે વર્તે. આત્મામાં ખરેખરા ગુણો ઉત્પન્ન થયા પછી મોક્ષ થાય. (ઉ.છા.૬) મોક્ષ એટલે શું ? આત્માનું અત્યંત શુધ્ધપણું તે, અજ્ઞાનથી છુટી જવું તે, સર્વ કર્મથી મુક્ત થવું તે મોક્ષ. યથાતથ્ય જ્ઞાન પ્રગટ્યે મોક્ષ. જ્ઞાનસ્વરૂપ જાણે ત્યારે મોક્ષ થાય. (ઉ.છા.૯)

દૂધ ને પાણી જુદાં છે, તેમ સત્પુરૂષના આશ્રયે, પ્રતીતિએ દેહ અને આત્મા જુદા છે એમ ભાન થાય, અંતરમાં પોતાના આત્મ અનુભવરૂપે, જેમ દૂધ ને પાણી જુદા થાય તેમ દેહ અને આત્મા જુદા લાગે ત્યારે પરમાત્માપણું (મોક્ષ) પ્રાપ્ત થાય. જેને આત્માના વિચારરૂપી ધ્યાન છે, સતત નિરંતર ધ્યાન છે, આત્મા જેને સ્વપ્નમાં પણ જુદો ભાસે, કોઈ વખત જેને આત્માની ભ્રાંતિ થાય જ નહીં. તેને જ પરમાત્માપણું થાય. (ઉ.છા.૯)

સત્પુરૂષ અને સત્શાસ્ત્ર એ વ્યવહાર કલ્પિત નથી. સદ્ગુરુ, સત્શાસ્ત્રરૂપી વ્યવહારથી સ્વરૂપ શુધ્ધ થાય, કેવળ વર્તે. પોતાનું સ્વરૂપ સમજે તો સમક્તિ. સત્પુરૂષનું વચન સાંભળવું દુર્લભ છે, શ્રધ્ધવું દુર્લભ છે, વિચારવું દુર્લભ છે, તો અનુભવવું દુર્લભ હોય તેમાં શી નવાઈ? મોક્ષ સ્વાનુભવગોચર છે (ઉ.છા.૧૦)

'આત્મા છે'. આત્મા અત્યંત પ્રગટ છે કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે. અનુત્પન્ન અને અમિલન સ્વરૂપ હોવાથી 'આત્મા નિત્ય છે'. ભ્રાંતિપણે 'પરભાવનો કર્તા છે.' તેના 'ફળનો

ભોક્તા છે'; ભાન થયે 'સ્વભાવી પરિણામી છે'. સર્વથા સ્વભાવ પરિણામ તે 'મોક્ષ' છે. સદ્‌ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર અને સંયમાદિ તેના સાધન છે. (ઉ.છા. ૧૦)

આ કાળમાં મોક્ષ નથી એમ 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ' નામના જૈન સૂત્રમાં કહ્યું છે. આ ઉપરથી એમ ન સમજવું કે મિથ્યાત્વનું ટળવું અને તે મિથ્યાત્વ ટળવારૂપ મોક્ષ નથી. મિથ્યાત્વ ટળવારૂપ મોક્ષ છે; પણ સર્વથા એટલે આંત્યંતિક દેહ રહિત મોક્ષ નથી. આ કાળમાં મોક્ષના નહીં હોવાપણાની વાતો કોઈ કહે તે સાંભળવી નહીં. સત્પુરૂષની વાત પુરૂષાર્થને મંદ કરવાની હોય નહીં, પુરૂષાર્થને ઉત્તેજન આપવાની હોય (ઉ.છા.૧૧). જગતની વાત જાણવી તેને શાસ્ત્રમાં મુક્તિ કહી નથી. પણ આત્મા નિરાવરણ થાય ત્યારે 'મોક્ષ' (ઉ.છા. ૧૪).

પહેલે ગુણસ્થાનકે ગ્રંથિ છે તેનું ભેદન કર્યા વિના આત્મા આગળના ગુણસ્થાનકે જઈ શકતો નથી. જોગાનુજોગ મળવાથી અકામ નિર્જરા કરતો જીવ આગળ વધે છે, ને ગ્રંથિભેદ કરવાની નજીક આવે છે. અહીં આગળ ગ્રંથિનું એટલું બધું પ્રબળપણું છે કે, તે ગ્રંથિભેદ કરવામાં મોળો પડી જઈ, અસમર્થ થઈ જઈ પાછો વળે છે; હિંમત કરી આગળ વધવા ધારે છે; પણ મોહનીયના કારણથી રૂપાંતર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે, એમ સમજે છે; ઊલટું તે સમજવારૂપ મોહના કારણથી ગ્રંથિનું નિબિડપણું કરે છે. તેમાંથી કોઈક જ જીવ જોગાનજોગ પ્રાપ્ત થયે અકામ નિર્જરા કરતો અતિ બળવાન થઈને ગ્રંથિ મોળી પાડી અથવા પોચી કરી આગળ વધી જાય છે. જે અવિરતિસમ્યક્‌દૃષ્ટિનામા ચોથું ગુણસ્થાનક છે; જ્યાં મોક્ષમાર્ગની સુપ્રતીતિ થાય છે. આનું બીજું નામ 'બોધબીજ' છે. અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે; અર્થાત્ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે. (વ્યા. સા. ૧/૧)

દેવાદિ ગતિ જે પ્રાપ્ત થાય છે, તે મન, વચન, કાયાના શુભ જોગથી થાય છે. અને અબંધ એવું જે સમ્યક્ત્વ તથા ચારિત્ર પ્રગટ થયું છે તે કાયમ રહીને ફરી મનુષ્યપણું પામી ફરી તે ભાગને જોડાઈ મોક્ષ થાય છે. (વ્યા.સા.૧/૧૦). ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિ ભાવે સંગ્રામ ચલાવે છે, અને લાખો મનુષ્યોનો ઘાત કરે છે, તો પણ તેઓમાંના કોઈ કોઈનો તે જ કાળમાં મોક્ષ થયો છે. (વ્યા.સા.૧/૧૮) ત્યાં ક્રોધાદિ પ્રકાર સમજવા યોગ્ય છે.

વિચાર વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના સુપ્રતીતિ એટલે સમ્યક્ત્વ નહીં, સમ્યક્ત્વ વિના ચારિત્ર ન આવે અને ચારિત્ર ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન ન પામે, અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી મોક્ષ નથી (વ્યા. સા. ૧/૧૬૩). મોક્ષમાં આત્માના અનુભવનો જો નાશ થતો હોય તો તે મોક્ષ શા કામનો (વ્યા. સા. ૨/૧-૮). અનંતકાળથી જીવ રખડે છે, છતાં તેનો મોક્ષ થયો નહીં. જ્યારે જ્ઞાનીએ એક અંતર્મુહુર્તમાં મુક્તપણું બતાવ્યું છે (વ્યા. સા. ૨/૪-૨૯). જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહુતમાં મુક્ત થાય છે. (વ્યા. સા. ૨/૪-૩૦)

ભવ્ય એટલે જે જીવનું વીર્ય શાંતરસે પરિણમે ને તેથી નવો કર્મબંધ ન થતાં મોક્ષ થાય. આત્માની પરમ શાંત દશાએ 'મોક્ષ' અને ઉત્કટ દશાએ અમોક્ષ (વ્યા.સા.-૨/૨૯-૧) કર્મદ્રવ્યની સાથે એટલે પુદ્ગલ દ્રવ્યની સાથે જીવનો સંબંધ થવો તે બંધ. તેનો વિયોગ થવો તે મોક્ષ. (વ્યા સા.૨/૩૦-૧)

**મોક્ષમાર્ગ :**

વીર સ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વસ્વરૂપ યથાતથ્ય છે, એ ભૂલશો નહીં. તેની શિક્ષાની કોઈપણ પ્રકારે વિરાધના થઈ હોય, તે માટે પશ્ચાતાપ કરજો. આ કાળની અપેક્ષાએ મન, વચન, કાયા આત્મભાવે તેના ખોળામાં અર્પણ કરો એજ

મોક્ષનો માર્ગ છે. (૩૭). મોક્ષમાર્ગના ઉપદેષ્ટા મહા અતિશયથી પ્રતાપી એવા તીર્થંકર દેવ છે (૪૦). મોક્ષમાર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વ પ્રાપ્ય પુરૂષ-નિર્ગ્રંથ આત્મા જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે-ઉદય આપશે. ત્યારે જ તે પ્રાપ્ત થશે. (૫૪) મોક્ષ માર્ગની અનુકુળતા ધોરી વાટે પ્રથમ ધર્મ ધ્યાનથી છે (૬૨). મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે (૧૬૬).

ભાવ અપ્રતિબધ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરૂષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે.....જ્ઞાન પ્રાપ્તિનો એ જ માર્ગ છે, માટે દૃઢ મોક્ષેચ્છા કરવી. એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિશંક માનજો. સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષ માર્ગે ચડાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છેઃ 'હે આયુષ્યમાનો ! આ જીવે સર્વ કર્યું છે, એક આ વિના તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરૂષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યા નથી અને એને જ અમે મુનિઓનું સામાયિક-આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહીએ છીએ. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરૂષનો ખોજ રાખજો. બાકી બીજા બધા સાધન પછી કરવા યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (૧૯૪).

જેને લાગી છે તેને જ લાગી છે. અને તેણે જ જાણી છે; તે જ પિયુ પિયુ પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય ? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું ? લાગી છે તેને જ લાગી છે. તેના ચરણસંગથી લાગે છે; અને લાગે છે ત્યારે જ છુટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે નહીં. તથાપિ કોઈ પ્રયત્ન

કરતું નથી ! મોહ બળવાન છે (૨૪૧) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એમ મોક્ષ માર્ગ ચાર પ્રકારે છે. (૪૨૨) મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે; એક આત્મજ્ઞાનીની અને એક આત્મજ્ઞાનીના આશ્રયવાનની એમ શ્રી જિને કહ્યું છે (૫૫૧). સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ મોક્ષ માર્ગ છે. (૭૬૨)

સમ્યક્‌ત્વ, આત્મજ્ઞાન, રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર, સમ્યક્‌બુદ્ધિ જેને પ્રાપ્ત થએલ છે, એવા ભવ્ય જીવને મોક્ષમાર્ગ હોય. જે સર્વ સંગ માત્રથી મુક્ત થઈ, અનન્યમયપણે આત્મ સ્વભાવમાં સ્થિત છે, નિર્મલ જ્ઞાતા દ્દષ્ટા છે તે સ્વચારિત્ર આચરનાર જીવ છે. પર દ્રવ્ય પ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ જ્ઞાન દર્શનમય પરિણામી આત્મા છે તેનું 'સ્વચારિત્ર' આચરણ છે. (૭૬૬).

મોહાદિ વિકાર એવા છે કે સમ્યક્‌દ્રષ્ટિને પણ ડોલાયમાન કરી નાખે છે. માટે તમારે તો સમજવું કે મોક્ષમાર્ગ પામવામાં તેવા વિઘ્નો ઘણા છે. (ઉ.છા.૬) મોક્ષમાર્ગ કરવાળની ધાર જેવો છે, એટલે એકધારો-એક પ્રવાહરૂપે છે. ત્રણે કાળમાં એક ધારાએ એટલે એકસરખો પ્રવત્તે તે જ મોક્ષમાર્ગ (વ્યા.સા. ૧-૪૩) મિથ્યાત્વ પ્રકૃતિ ખપાવ્યા વિના સમ્યક્‌ત્વ આવે નહીં, સમ્યક્‌ત્વ પ્રાપ્ત થાય તેની દશા અદ્‌ભૂત વર્તે. ત્યાંથી ૫, ૬, ૭ અને ૮મે જઈ બે ઘડીમાં મોક્ષ થઈ શકે છે. (વ્યા. સા ૧/૧૫૬). દુર્ધર પુરૂષાર્થથી પામવા યોગ્ય મોક્ષમાર્ગ તે અનાયાસ પ્રાપ્ત થતો નથી. આત્મજ્ઞાન અથવા મોક્ષમાર્ગ કોઈના શાપથી અપ્રાપ્ત થતો નથી કે કોઈના આશીર્વાદથી પ્રાપ્ત થતો નથી. પુરૂષાર્થ પ્રમાણે થાય છે. (વ્યા. સા. ૧/૧૫૭) ફેરફાર જે છે તે વ્યવહાર મોક્ષમાર્ગમાં છે. મોક્ષમાર્ગ તો ફેરફારવાળો નથી. એક જ છે. તે પ્રાપ્ત કરવામાં શિથિલપણું છે, તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ત્યાં આગળ શૂરવીરપણું ગ્રહણ કરવા યોગ્ય છે. જીવને અમૂર્છિત કરવો એ જ જરૂરનું છે. (વ્યા. સા. ૧/૧૫૮). પોતે જે વ્યવહારમાં હોય તેથી બીજાનો ઊંચો

વ્યવહાર જોવામાં આવે તો તે ઊંચા વ્યવહારનો નિષેધ કરવો નહીં, કારણકે મોક્ષમાર્ગને વિષે કશો ફેરફાર નથી. ત્રણે કાળમાં ગમે તે ક્ષેત્રમાં, એક જ સરખો પ્રવર્તે તે જ મોક્ષમાર્ગ (વ્યા.સા. ૧/૧૬૦)

**મોક્ષમાર્ગએ અગમ્ય તેમજ સરળ છે.**

**અગમ્ય :** માત્ર વિભાવદશાને લીધે મતભેદો પડવાથી કોઈપણ સ્થળે મોક્ષમાર્ગ સમજાય તેવું રહ્યું નથી. અને તેને લીધે વર્તમાનમાં અગમ્ય છે. તેથી મોક્ષમાર્ગ સમજાય તેમ નથી.

**સરળ :** મતભેદની કડાકૂટ જવા દઈ, આત્મા અને પુદ્ગલ વચ્ચે વહેંચણી કરી, શાંતપણે આત્મા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે; અને દૂર નથી. શાસ્ત્રો ભણવામાં આવતાં હોય તો કોઈ દિવસ પાર આવે નહીં, પણ તેની સંકલના છે, ને તે શ્રી ગુરુદેવ બતાવે છે કે અંતર્મુહૂર્તમાં મહાત્માઓ તે પ્રાપ્ત કરે છે. (વ્યા. સા. ૨/૧૦-૧)

જો મોક્ષ છે તો તેનો માર્ગ પણ જોઈએ અને જો માર્ગ છે તો તેનો દષ્ટા પણ જોઈએ અને જે દ્રષ્ટા હોય તે જ માર્ગે લઈ જઈ શકે. માર્ગે લઈ જવાનું કાર્ય નિરાકાર ન કરી શકે; પણ સાકાર કરી શકે. અર્થાત્ મોક્ષ માર્ગનો ઉપદેશ સાકાર ઉપદેષ્ટા એટલે દેહસ્થિતિએ જેણે મોક્ષ અનુભવ્યો છે એવા કરી શકે. કર્મરૂપી પર્વતો તોડવાથી મોક્ષ થઈ શકે. (વ્યા. સા. ૨/૧૩-૧)

કેવળ સમવસ્થિત શુધ્ધ તે મોક્ષ અને તે સ્વભાવનું અનુસંધાન જેનાથી થાય તે મોક્ષમાર્ગ. આત્મ અનુભવગમ્ય અથવા આત્મજનિત સુખ અને મોક્ષ સુખ તે એક જ છે. (વ્યા. સા. ૧/૬૯)

યથાર્થ વીતરાગોનો મત સમજવાની યોગ્યતામાં ઘણી ખામી છે. દષ્ટિરાગનું પ્રબળ રાજ્ય વર્તે છે. વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબણા કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે. (આ. ૫. અ. હા. નો. ૨/૧૪)

# ઉત્તરાધ્યયન - અ. ૩ જું
## ચતુરંગીય - ચાર અંગ સંબંધી

**ચત્તારિ પરમંગાણિ દુલ્લહાણીહં જંતુણો ।**
**માણુસતં, સુઈ શ્રધ્ધાં સંજમમિય વીરિયં ॥૧॥**

પ્રાણીમાત્રને આ ચાર ઉત્તમ અંગો પ્રાપ્ત થવા આ સંસારમાં દુર્લભ છે. ૧. મનુષ્યત્વ, ૨. સત્શ્રુત, ૩. શ્રધ્ધા, ૪. સંયમ - યથાખ્યાત આચરણ. આશ્રવના વિરમણરૂપ સંયમ - આ ચાર નિર્વાણના અંગ છે. મનુષ્યદેહથી નહીં પરંતુ મનુષ્યત્વથી મુક્તિ છે.

મનુષ્યત્વ એટલે મનુષ્ય જાતિનો વાસ્તવિક ધર્મ, મનુષ્યદેહ મળ્યા પછી પણ મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું હોય છે, જે પરમ દુર્લભ છે. મનુષ્યત્વના ચાર લક્ષણો છે. ૧. સહજ સૌમ્યતા, ૨. સહજ કોમળતા, ૩. અમત્સરતા (નિરભિમાનતા) ૪. અનુકંપા. આ લક્ષણો પ્રાપ્ત થાય ત્યારે સત્ સત્‌રૂપે સમજાય અને તે પછી જ સાચી શ્રધ્ધા જાગે. સાચી શ્રધ્ધા જાગે ત્યારે સાચી અર્પણતા થાય અને અર્પણતા પછી જ યથાખ્યાત સંયમ-યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ તરફ પુરૂષાર્થ ઉપડે. મનુષ્યભવ મેળવીને ખોઈ નાખ્યા પછી ફરીને મેળવવો એ દશ દૃષ્ટાંતે દુર્લભ બતાવ્યો છે. તેથી મનુષ્યત્વ તો દુર્લભ છે. ક્રમ પ્રમાણે એક પછી એક વધારે ને વધારે દુર્લભ બતાવેલ છે. મનુષ્યભવ દુર્લભ છે. તેના વિષે દશ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે ૧. ચક્રીનું ભોજન, ૨. મંત્રેલા પાશા, ૩. ધાન્યનો ઢગલો અને ડોશી. ૪. જુગાર, ૫. રત્ન, ૬. સ્વપ્ન, ૭. ચક્રવેધ-રાધાવેધ, ૮. કુર્મ-કાચબો, ૯. યુગ-ઘોસરી અને કિલિકા, ૧૦. પરમાણુ.

**૧. ચક્રીનું ભોજન**

**ભુક્તં સ્વાદુરસં દ્વિજેન ભવને શ્રી બ્રહ્મદત્તસ્ય યત્ ॥**
**ક્ષેત્રે અસ્મિન્ ભરતે અખિલે પ્રતિગૃહે ભુક્ત્વા પુનઃ તદ્ગૃહે ॥**

**જાતં તસ્ય યથા મનોઅભિલષિતં, તદ્ભોજનં દુર્લભં ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તો તથા દુર્લભઃ ॥૧॥**

જે રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તીના ઘરે એકવાર ઉત્તમ ખીરનું ભોજન કરીને તે બ્રાહ્મણને ચક્રવર્તીને ત્યાં ફરીથી ખીરનું ભોજન કરવાની ઈચ્છા જાગી પરંતુ તેની એ ઈચ્છા પૂર્ણ થઈ શકી નહીં. કેમકે એના સામ્રાજ્યભરના ઘરોનો વારો તે પૂર્ણ ન કરી લે ત્યાં સુધી તેને ફરી ચક્રવર્તીને ત્યાં ખીર ખાવાને માટે જવાનો વારો પ્રાપ્ત થતો ન હતો. એ પ્રકારે આ સંસારમાં ભ્રમણ કરતાં કરતાં જીવને પુનઃ મનુષ્ય અવતાર મળવો મહા દુર્લભ છે.

**૨. પાશક (મંત્રેલા પાશા)**

**દેવ આરાધન લબ્ધ પાશકવરાન્ સ્થાલં ચ રત્નૈઃ ભૃતમ્ ।**
**ચાણક્યેન વિર્તીય કોડપિ પુરૂષઃ સ્વીયે પુરે ઘોષિતઃ ॥**
**સર્વેષામ્ ચ તત્ પુર અધિવસતાં જાતો યથા દુર્જયઃ ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જંતો તથા દુર્લભઃ ॥૨॥**

દેવની આરાધના કરીને ચાણક્યે વિજય અપાવનાર ચાર પાશાને મેળવ્યા. તે પાશા અને રત્ને ભરેલ થાળ લઈને એક પુરૂષને નગરમાં જુગાર રમવા મોકલ્યો. તેણે કહ્યું કે જે મને હરાવે તેને આખો થાળ ભરીને રત્નો આપી દઉં અને હારે તો એક રત્ન મને આપે પણ દેવની આરાધનાથી મેળવેલ પાશાથી રમતાં તે હાર્યો નહી, તેમ આ સંસારમાં ભમતાં ભમતાં ફરીને મનુષ્યભવને મેળવવો તે જીવને મહા દુર્લભ છે. ૨

### ૩. ધાન્યનો ઢગલો અને ડોશીનું દૃષ્ટાંત

દેવઃ કોઙપિ પુરા સમસ્ત ભરત ક્ષેત્રસ્ય ધાન્યાવલિં ।
પિન્ડીકૃત્ય ચ તત્ર સર્ષકણાન પ્રસ્થોન્મિતાન્ મીલીયેત્ ॥

પ્રસ્થં પુરયિતું પુનઃ વિભાજનં તેષામ્ યથાદુર્લભઃ ।
સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભઃ ॥૩॥

કોઈ દેવ ભરતક્ષેત્રમાં પાકી ગયેલા ધાન્ય રાશિને સાફ કરીને એક ખૂબ ઊંચો મોટો ઢગલો કરી દે પછી તેમાં એક પ્રસ્થ પ્રમાણ સરસવ મેળવીને એક વાંકી વળી ગયેલી અને આંખે ઓછું દેખાતું હોય તેવી ડોશીને આ ઢગલામાંથી એ પ્રસ્થ પ્રમાણ સરસવને ખોળીને અલગ પાડી આપ. તો જેમ એ કરવું ડોશીને દુર્લભ છે તેમ મનુષ્યભવ પૂરો કરીને સંસારમાં ભમતાં ફરીથી મનુષ્યભવ પામવો જીવને અતિ દુર્લભ છે. ૩.

### ૪. દ્યૂતનું દૃષ્ટાંત (જુગાર)

સ્તંભાનાં હિ સહસ્રમ્ અષ્ટ સહિતં પ્રત્યેકમ્ અષ્ટોતરં ।
કોણાનાં ચ સહસ્મેષુ જયતિ દ્યૂતે વિતુર્યં સુતઃ ॥
સામ્રાજ્યં લભતે સ તસ્ય વિજયો તે યથા દુર્લભઃ ।
સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભઃ ॥૪॥

સભાભવનના એક હજાર આઠ થાંભલા છે અને પ્રત્યેક થાંભલાને એક હજાર આઠ ખૂણા છે. એક એક ખૂણાને એકવાર જીતતાં જીતતાં બધાં જ ખૂણાને વચ્ચે એક પણ વખત હાર્યા વગર જીતી લે ત્યારે તે વિજયી કહેવાય છે અને સામ્રાજ્યનો અધિકારી બને છે. આ દુર્લભ વાત છે, તેમ સંસારમાં ભમતા આ જીવને ફરીને મનુષ્યભવ પ્રાપ્ત થવો મહા દુર્લભ છે. ૪.

૫. રત્નનું દૃષ્ટાંત

**તાતે અન્યત્રગતે ધરાન્તર ગતાન્યાદાય રત્નાનિયમ્ ।**
**વિક્રીતાનિ સુતૈઃ વિદેશિવણીજાં હસ્તેષુ પશ્ચાતતઃ ॥**
**રત્ના ન્યાનયતેતિ તાતકથને તત્ પાપણં દુષ્કરમ્ ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોં તથા દુર્લભઃ ॥૫॥**

પિતાના અન્યત્ર જવાથી ધરતીની અંદર દાટેલા રત્નો કાઢીને તે પુત્રોએ વિદેશના વેપારીઓને વેચી દીધા પછી પોતાના પિતાના વચનથી રત્નો પાછા મેળવવા માટે પ્રયત્ન કરે તો તે જેમ દુષ્કર વાત છે, તેવી જ રીતે સંસારમાં ભમતાં મનુષ્યભવ મેળવીને હારી જતાં ફરીને મનુષ્યભવ મેળવવો તે અતિદુષ્કર - મહાદુર્લભ છે.

૬. સ્વપ્નનું દૃષ્ટાંત

**સ્વપ્ને કાર્યિટિકેન રાત્રિ વિગમે ચન્દ્રં મુખાન્ અંતર્ગતઃ ।**
**દૃષ્ટ્વા સર્વ જગાગ્રતો નિગદિતં લબ્ધં ન રાજ્ય ફલમ્ ॥**
**સ્વપ્નઃ તસ્ય પુનઃ સ તત્ર શયિતસ્યાસીદ્યયા દુર્લભઃ ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભઃ ॥૬॥**

રાત્રિના પાછલા ભાગમાં એક પુરૂષ અને એક ભુવાએ બન્નેએ પોતાના મુખમાં ચન્દ્રને પેસતો જોયો. પુરૂષે બધાને વાત ન કરી, જ્યારે ભૂવો જ્યાં ને ત્યાં વાત કરતો ફર્યો. તેથી પેલા પુરૂષને સ્વપ્નના ફળરૂપે રાજ્ય મળ્યું, જ્યારે ભૂવાને તેનું ફળ રાજ્યરૂપે ન મળ્યું. તેથી ફરીને રાજ્ય મેળવવા માટે તે ભૂવો તે જ જગ્યાએ પથારી પાથરીને સૂતો પણ ફરીને તેનું તે જ સ્વપ્ન આવવું દુષ્કર છે તેવી જ રીતે મનુષ્યભવને હારી જતાં ફરીને મનુષ્યભવ મેળવવો એ મહા દુર્લભ છે. ૬.

૭. ચક્રનું દૃષ્ટાંત (રાધાવેધ)

રાધાયાવદ્નાધ્યઃ ક્રમવશાન્ ચક્રાણિ ચત્વાર્યપિ ।
ભ્રામ્યતીહ વિપર્યમેવ ખલુ તદ્વામાક્ષિ ભેદોયથા ॥

જાતો દુષ્કરતાં નરેન્દ્ર તનયા પાણિગ્રહાકાક્ષિમાલ્ ॥
સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભમ્ ॥૭॥

ચાર ચાર ચક્રો એક બીજાથી અવળી દિશામાં ફરતાં હોય તેની ઉપરના ભાગમાં ગોઠવેલ રાધા નામની પુતળીની ડાબી આંખ વિંધીને રાજાની પુત્રીને પરણવી તે જેમ દુષ્કર કામ છે. તેમ સંસારમાં ભમતાં મળેલા મનુષ્યભવને હારીને ફરીને મેળવવો મહા દુર્લભ છે. ૭.

૮. કૂર્મ (કાચબા-કચ્છપ)નું દૃષ્ટાંત

દૃષ્ટવા કોડપિ હિ કચ્છપો હ્દમુખે શૈવાલે બન્ધચ્યુતે ।
પૂર્ણેન્દુ મુદિતઃ કુટુમ્બમિહ તં દૃષ્ટું સમાનીતવાન્ ॥

શૈવાલે મિલિતે યથૈવ શશિનઃ સંદર્શનં દુર્લભમ્ ।
સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભમ્ ॥૮॥

ઊંડા પાણીના ધરામાં રહેતા કાચબાને જાંબુના ફળના પડવાથી શેવાળમાં પડેલા કાણાં વડે પૂર્ણ ચન્દ્ર દેખાવાથી હર્ષ પામ્યો. તેથી પોતાના આખા કુટુંબને બતાવવા માટે બોલાવવા ગયો. બોલાવીને આવ્યો ત્યાં તો જે છિદ્ર પડ્યું હતું તે પવનના થવાથી શેવાળનું હલન ચલન થવાથી બૂરાઈ ગયું. તેથી ફરીને ચંદ્રનું દર્શન કાચબા તથા તેના પરિવારને ન થયું. તેવી રીતે મનુષ્યજન્મ હારી જનારને ફરીને મનુષ્યભવ મળવો મહા દુર્લભ છે. ૮.

૯. યુગ દ્રષ્ટાંત (ધોસરૂં અને કિલિકાનું)

પ્રાચ્યબ્ધો યુગકિલિકા વિનિહિતા ક્ષિપ્તં યુગં પશ્ચિમે ।
યદ્ધ દુર્લભમેવ તત્ર વહતોઃ સંમીલનં તદ્ દ્વયોઃ ॥

**સમ્યાયાસ્તુ પુનઃ યુગસ્ય વિવરે તસ્યાં પ્રવેશોવથા ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભમ્ ॥૯॥**

અસંખ્ય યોજનવાળા લાંબા અને પહોળા તથા એક હજાર યોજનની ઊંડાઈવાળા સમુદ્રમાં કોઈ એક દેવ પૂર્વ દિશા તરફ ઘોસરૂં નાખી દે. પશ્ચિમ દિશા તરફ એ ઘોસરાની કીલીકાઓ નાખી દે. આ કીલીકાઓ વહેતી વહેતી ઘોસરાં પાસે આવી જાય અને તેના વિંધમાં પરોવાઈ જાય તે વાત ઘણી દુર્લભ છે. તેમ મળેલા મનુષ્યભવને સંસારમાં ભમતાં હારી જતાં ફરીને તે પ્રાપ્ત કરવો મહા દુર્લભ છે. ૯

**૧૦. પરમાણુનું દૃષ્ટાંત**

**ચૂર્ણીકૃત્ય પરાક્રમાત્ મણિમયં સ્તંભમ્ સુરઃ ક્રીડયા ।**
**મેરૌ સમ્નલિકા સમીરાવશતઃ ક્ષિપ્ત્વા રજો દિક્ષુતત્ ।**

**સ્તમ્ભસ્તૈઃ પરમાણુભિઃ સુમુલિનૈઃ લોકે યથા દુષ્કરઃ ।**
**સંસારે ભ્રમતઃ પુનઃ નરભવો જન્તોઃ તથા દુર્લભમ્ ॥૧૦॥**

કોઈ દેવ રમતના તોરમાં માણિક્યથી ભરેલા એવા સ્તંભને તોડી નાખ્યો પછી તેને પીસીને ચૂર્ણ બનાવી, તે ચૂર્ણને ભરીને સુમેરૂ પર્વતના શિખર પર ઊભા રહીને ચારે દિશામાં તે ચૂર્ણને ફૂંકથી ઉડાડી દીધુ અને વાયુ તેને ચારે દિશામાં દૂર દૂર ખેંચી ગયો. હવે આ પરમાણુઓને ફરી એકત્ર કરી સ્તંભનું નિર્માણ કરવું અત્યંત દુષ્કર છે તેવી જ રીતે આ મનુષ્યભવને સંસારમાં ભમતાં હારી જશો તો તે ફરીને મળવો મહા દુષ્કર-મહા દુર્લભ છે. ૧૦

**સમાવન્નાણ સંસારે, નાણા-ગોત્તાસુ જાઈસુ ।**
**કમ્મા નાણ-વિહા કટ્ટું મુઢો વિસ્સંભિયા પયા ॥૨॥**

આ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં જુદાં જુદાં કર્મો કરીને ગોત્ર અને જુદી જુદી જાતિઓમાં ભિન્ન ભિન્ન સ્થાને જીવો ઉત્પન્ન

થાય છે અને તેનાથી વિશ્વ વ્યાપ્ત થયું છે. કર્મવશાત્ જ જીવો સંસારમાં જુદે જુદે સ્થળે ઉત્પન્ન થાય છે.

**એ ગયા દેવલોએસુ નરણેસુ વિ એગયા ।**
**એ ગયા આસુરં કાયં આહા કમ્મેહિં ગચ્છઈ ॥ ૩॥**

કર્મોના પ્રકાર પ્રમાણે જીવો ક્યારેક દેવલોકમાં, ક્યારેક નરકમાં, ક્યારેક આસુરી ગતિઓમાં ગમન કરે છે. કર્મવશાત્ જીવાત્માની જેવી યોગ્યતા સ્વાભાવિક રીતે જ બની ગઈ હોય છે. તેવા સ્થાનમાં યોજાય છે, ઉત્પન્ન થાય છે.

**એગયા ખત્તિઓ હોઈ, તઓ ચન્ડાલ વોક્કઓ ।**
**તઓ કીડ-પયંગો ય તઓ કુન્થુ પિવીલિયા ॥૪॥**

ક્યારેક તે ક્ષત્રિય બને છે, ક્યારેક ચાંડાલ બને છે, ક્યારેક બુક્કસ બને છે, ક્યારેક કીડો કે પતંગિયુ બને છે, ક્યારેક કંથવો કે કીડી પણ થાય છે.૪.

જેની માતા બ્રાહ્મણ કુળની હોય તથા પિતા ચાંડાલકુળના હોય તે બુક્કસ કહેવાય છે. અર્થાત્ એવી મિશ્ર જાતિમાં જન્મ લે છે. ૪.

**એવમાવટ્ટ-જોણીસુ, પાણિણો કમ્મ કિબ્બિસા ।**
**ન નિવિ જજન્તિ સંસારે, સવ્વટ્ઠેસુ વ ખત્તિયા ॥૫॥**

કર્મથી વિંટાએલા પ્રાણીઓ આ પ્રકારે સંસારચક્રમાં ફરે છે અને સર્વાર્થોમાં ક્ષત્રિયોની જેમ સંસારમાં રહેતા છતા વૈરાગ્ય પામતાં નથી ૫.

ચાર વર્ણોમાં ક્ષત્રિયોને વધારે ભોગી માનવામાં આવ્યા છે તેથી તેની ઉપમાં આપી છે.

**કમ્મસંગેહિ સમ્મુઢા દુકિખયા બહુ-વેયણા ।**
**અમાણુસાસુ જોણીસુ વિણિહમ્મન્તિ પાણિણો ॥૬॥**

**કર્મના સંગ-પાશથી જકડાયેલા અને તેથી બહુ વેદના પામેલા દુ:ખી જીવો અમાનુષી-નરક કે તિર્યંચયોનિમાં હણાય છે. ૬**

**કમ્માણં તુ પહાણાએ, આણુ પૃથ્વી કયાઈઉ ।**
**જીવા સોહિમણુપ્પત્તા, આયયન્તિ મણુસ્સયં ॥૭॥**

કર્મોના ક્રમિક નાશ થયા પછી શુધ્ધિ પામેલાં જીવો અનુક્રમે મનુષ્ય ભવને પામે છે

મનુષ્યભવને ઉત્તમ માનવામાં આવ્યો છે કારણકે વિકાસનાં બધા સાધનો ત્યાં પ્રાપ્ત થાય છે.

**માણુસ્સં વિગ્ગદં લધ્ધું સુઈ ધમ્મસ્સ દુલ્લહા ।**
**જં સોચા પડિવજ્જન્તિ તવં ખન્તિગહિંસયં ॥૮॥**

મનુષ્ય શરીર પામીને પણ તે સત્યધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી જીવો તપશ્ચર્યા, ક્ષમા અને અહિંસા ને પામે. ૮

સત્‌શ્રુતની પ્રાપ્તિ; તત્વવેતાઓ દ્વારા જાણેલા માર્ગનું શ્રવણ, સદ્‌ધર્મના શ્રવણથી જ વ્યક્તિ જ્ઞેય, હેય, ઉપાદેયનો નિર્ણય કરી શકે છે. મનુષ્યત્વ પ્રાપ્ત કર્યા છતાં પણ શ્રુત પ્રાપ્ત કરવું પરમ દુર્લભ છે.

સત્સંગ, સત્ય કે સદ્‌ધર્મની પ્રાપ્તિ કે ઝાંખી ત્યારે જ થઈ ગણાય કે જ્યારે સત્પુરૂષના આશ્રયે આપણા સદ્‌ગુણો જાગૃત થાય

**આદચ્ચ સવણં લધ્ધું સધ્ધા પરમ દુલ્લહા ।**
**સોચ્ચા ને આઉયં મગ્ગં બહવે પરિભસ્સ ઈતિ ॥૯॥**

કદાચિત તેવું શ્રુતજ્ઞાનનું શ્રવણ થાય છતાં શ્રધ્ધા તો અત્યંત દુર્લભ છે, કારણકે ન્યાય માર્ગ-મુક્તિમાર્ગને-સાંભળ્યા છતાં પણ ઘણા જીવો પતિત થાય છે. ૯.

ગુરૂવચનનું સત્યબુધ્ધિથી નિશ્ચયપૂર્વક ધારણ કરવું તેવી સ્થિતિને

શ્રધ્ધા કહેવાય છે. શ્રધ્ધા થાય તો જ તે પ્રમાણે સાધના કરી આગળ વધવા પુરૂષાર્થી બને.

શ્રધ્ધા માત્ર કાંઈ સાંભળી કે જાણી લેવાથી જ નથી થતી, જાણી લેવા છતાં પણ શ્રધ્ધા પ્રાપ્ત થવી પરમ દુર્લભ છે.

**સુઈ ચ લધ્ધું સધ્ધં ચ વીરિયં પુણ દુલ્લહં ।**
**બહવે રોયમાણા વિ નો એણં પડિવજ્જણે ॥૧૦॥**

મનુષ્યત્વ, શ્રુતજ્ઞાનનું શ્રવણ અને શ્રધ્ધા પામ્યા પછી પણ યથાખ્યાત સાધના સંયમ-સાધનાની શક્તિ પ્રાપ્ત થવી દુર્લભ છે. ઘણા જીવો સત્ય પ્રત્યે રૂચિ ધરાવતા હોય છે. છતાં તેને આચરી શકતા નથી. ૧૦

એટલે કે આ સ્થળે કર્મનું અનિવાર્ય બંધન બતાવ્યું છે. અન્યથા વસ્તુની રુચિ થયા પછી તેને આચરવા વિના રહેવાય જ નહિં. યથાર્થ સંયમનું આચરણ જેણે જાણ્યું, જેણે શ્રધ્ધાના રૂપમાં સ્વીકાર્યું તે અનુસારે પુરૂષાર્થ કરવો તે વળી પરમ દુર્લભ છે.

**માણુસત્તમિ આયાઓ જો ધમ્મં સોચ્ચ સદ્દહે ।**
**તવસ્સી વીરિયં લધ્ધું, સંવુડે નિધ્ધુણે રયં ॥૧૧॥**

મનુષ્યત્વને પામેલો જીવ, ધર્મને સાંભળીને શ્રધ્ધાળુ બને છે, તે પૂર્વકર્મને નિર્જરા દ્વારા તથા યથાખ્યાત સંયમ તરફ આગળ વધીને તપશ્ચર્યા દ્વારા ખંખેરી નાખે છે, ક્ષય કરી નાખે છે. ૧૧

**સોહી ઉજ્જુય ભૂયસ્સ ધમ્મો સુધ્ધસ્સ ચિટ્ઠઈ ।**
**નિવ્વાણં પરમં જાઈ ઘય સિત વ્વ પાવએ ॥૧૨॥**

સરળ આત્માની શુધ્ધિ થાય છે અને શુધ્ધ અંતઃકરણમાં જ ધર્મ ટકી શકે છે તેમ જ ક્રમશ : તેવો જીવ ઘીથી સિંચાએલા અગ્નિની માફક શુધ્ધ શ્રેષ્ઠ મુક્તિને પામે છે. ૧૨

**વિગિંચ કમ્મુણો હેઉં જસં સચિણું ખન્તિએ ।**
**પાઢવં શરીરં હિચ્ચા ઉડ્ઢં પક્કમઈ દિસં ॥૧૩॥**

હે સાધક ! કર્મના હેતુને જાણ, ક્ષમાથી કીર્તિ મેળવ, આમ કરવાથી પાર્થિવ એટલે સ્થૂલ શરીરને છોડીને તું ઊંચી દિશામાં જઇશ. ૧૩

**વિસાલિસેહિં સીલેહિં જક્ખા ઉત્તર ઉત્તરા ।**
**મહાસુક્કા વ દિપ્પન્તા મન્નન્તા અપુણ ચ્ચવં ॥૧૪॥**

અતિ ઉત્કૃષ્ટ એવા આચારો-સંયમના પાલનથી ઉત્તમોત્તમ દેવો બને છે, તે દેવો અત્યંત શુક્લ-કાંતિવાળા હોય છે અને ફરીને ત્યાંથી જાણે પતન ન જ થવાનું હોય તેમ તેઓ માનતા હોય છે. ૧૪

દેવગતિમાં એકાંત સુખ (બાહ્ય) છે અને બાલવય, યુવાની તથા વૃધ્ધ અવસ્થા જેવું હોતુ જ નથી, તે મરણના અંત સુધી સમાન સ્થિતિમાં જ રહે છે. એમ શાસ્ત્રકારોનું કથન છે.

**અપ્પિયા દેવકામાણં કામરુવ - વિઉવ્વિણો ।**
**ઉડઢં કપ્પેસુ ચિટ્ઠન્તિ પુવ્વા વાસસયા બહૂ ॥૧૫॥**

દેવોના સુખોને પામેલા અને ઈચ્છા મુજબ રૂપ કરનારા તે દેવો ઊંચા કલ્પ આદિ દેવલોકમાં સેંકડો પૂર્વ સુધી રહે છે. ૧૫

**તત્થા ઠિચ્ચા જહાઠાણં જક્ખા આઉક્ખએ ચુયા ।**
**ઉવેન્તિ માણુસં જોણિં સે દસગેડભિ જાયઈ ॥૧૬॥**

તે દેવલોકમાં યથાયોગ્ય સ્થિતિ કરીને આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યુત થઇને તે દેવો મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં તેમને દશ અંગો ઉત્તમોત્તમ સાધનો મળે છે. ૧૬.

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ ૨ પસવો દાસ પોરુસં ।**
**ચત્તારિ કામ ખન્ધાણિ તત્થસે ઉવવજ્જઈ ॥૧૭॥**

૧. ક્ષેત્ર, ૨. વાસ્તુ-(ઘર), ૩. સુવર્ણાદિ ધાતુઓ તથા ૪. પશુઓ, દાસો, નોકરો આ ચાર કામ ધંધો જ્યાં હોય ત્યાં તે ઉત્પન્ન થાય છે. આ ચારેય થઈને એક અંગ કહેવાય છે. ૧૭

**મિત્તવં નાયવં હોઈ ઉચ્ચાગોએ ય વણ્ણવં ।**
**અવ્યાયંકે મહાપન્ને અભિજાએ જસોબલે ॥૧૮॥**

તેમજ ૨. મિત્રવાન, ૩. જ્ઞાતિમાન, ૪. ઉચ્ચગોત્ર, ૫. કાન્તિમાન, ૬. અલ્પરોગી, ૭. મહાબુધ્ધિશાળી, ૮. કુલીન, ૯. યશસ્વી અને ૧૦. બલિષ્ઠ થાય છે. ૧૮

**ભોચ્ચા માણુસ્સહો ભોએ અપ્પડિરૂવે અહાઉયં ।**
**પુવ્વં વિશુધ્ધ સધ્ધમ્મે કેવલં બોહિ બુજ્જિઝયા ॥૧૯॥**

અનુપમ એવા મનુષ્યયોગ્ય ભોગોને આયુષ્યના અંત પર્યંત ભોગવતાં છતાં પ્રથમના વિશુદ્ધ સત્યધર્મને અનુસરીને તે દ્વારા શુધ્ધ સમ્યક્ત્વ પામે છે. ૧૯

**ચઉરંગં દુલ્લહં તચ્ચા સંજમં પડિવજ્જિયા ।**
**તવસા ધુયકમ્મંસે સિધ્ધે હવઈ સાસએ ॥૨૦॥ ત્તિ બેમિ ॥**

તથા જે પુરૂષ ચાર અંગો મળવા દુર્લભ જાણીને સંયમને સ્વીકારીને કર્માંશોને-કર્મના દળિયાને તપ વડે દૂર કરે છે તે નિશ્ચલપણે સિધ્ધ થાય છે. (મુક્તિ પામે છે) સ્થિર મુક્તિ પામે છે. એમ કહું છું. ૨૦

જૈન દર્શનમાં પુણ્ય અને નિર્જરા એવા આત્મવિકાસનાં બે અંગો છે. પુણ્યથી સાધનાના સાધનો પ્રાપ્ત થાય છે અને સત્‌ધર્મને સમજીને તે સાધનો દ્વારા આત્મવિકાસને માર્ગે ચાલે છે તેને નિર્જરા કહેવાય છે સત્‌ધર્મને આચરવાવાળો જે છે તે દૃષ્ટિ હંમેશાં મોક્ષ તરફ રાખીને સાધનામાર્ગમાં આગળ વધતો રહે છે. જે મોક્ષમાર્ગનું વર્ણન ભગવંતે ઉ.સૂના અ.૨૮માં કર્યું છે. તેમ જ તે મોક્ષ સિધ્ધ કરવાના સાધનરૂપ સમ્યક્ પરાક્રમ નામનું ૨૯મું અધ્યયન ભગવાને ફરમાવ્યું છે.

## ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮
## મોક્ષ માર્ગ ગતિ

સર્વ જીવોનું લક્ષ્ય એક માત્ર મોક્ષ, નિર્વાણ કે મુક્તિ જ છે. દુઃખથી કે કષાયોથી મુકાવું તે મોક્ષ. કર્મબંધનથી મુકાવું તે મુક્તિ. શાંતિસ્થાન પ્રાપ્ત કરવું તે નિર્વાણ. તે સ્થિતિમાં જ સર્વ સુખ સમાયાં છે. આખો સંસાર ચેતન અને જડ (જીવ અને અજીવ)માં સમાયેલો છે. તેમાંથી ચેતન એટલે જીવની ઓળખાણ થવી-જીવનું યથાર્થ ભાન થવું એ સૌથી પ્રથમ આવશ્યક છે.

આ સ્થિતિ એ જ સમ્યગ્દર્શન છે. આવી સ્થિતિ થયા પછી આત્માના અનુપમ જ્ઞાનની જે ચિનગારી ફૂટી નીકળે તે જ સાચું જ્ઞાન. આવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં શાસ્ત્રશ્રવણ, આત્મચિંતન, સત્સંગ, સદાચાર, સદ્વાંચન, એ બધાં ઉપકારક અંગો છે. આ નિમિત્તો દ્વારા સત્યને જાણી, વિચારી, તથા અનુભવી આગળ વધવું એ જ એક હેતુ હોવો જોઈએ. આના વિષે આ અધ્યયનમાં સ્પષ્ટ સમજ આપવામાં આવી છે.

**મોક્ખ મગ્ગં ગઈ તચ્ચં, સુણેહ જિણભાસિયં ।**
**ચઉકારણ સંજુત્તં, નાણ દંસણ લક્ખણં - ॥૧॥**

યથાર્થ મોક્ષનો માર્ગ જે જિનેશ્વરોએ કહેલો છે તેને સાંભળો તે માર્ગ ચાર કારણોથી સંયુક્ત અને જ્ઞાન દર્શન લક્ષણરૂપ છે. ૧.

અહીંયા "જ્ઞાન દર્શન લક્ષણ" વિશેષણ આપવામાં આવ્યું છે તેનું પ્રયોજન એ છે કે મોક્ષ માર્ગમાં તે બન્નેની જ પ્રથમ આવશ્યકતા છે. તે પ્રગટ થયે ચારિત્ર અને વીર્ય (તપ) યથાર્થપણે પ્રવર્તે છે. તેને સાંભળો.

**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ નવો તહા ।**
**એસ મગ્ગોત્તિ પણ્ણત્તો, જિણેહિં વરદંસિહિં ॥૨॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, આ પ્રકારથી યુક્ત મોક્ષનો માર્ગ કેવળજ્ઞાની જિનેશ્વરોએ ફરમાવ્યો છે. ૨.

દર્શન મોહનીયનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવાથી સમ્યગ્ દર્શનનો આર્વિભાવ થાય છે. તે થવાથી સમ્યક્ સમજણ હતી તે હવે સમ્યગ્ જ્ઞાન રૂપે પરિણામ પામે છે. સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરીને જીવ જેટલો સમય સ્વભાવમાં-સ્વરૂપમાં રહે તેટલો સમય સમ્યક્ ચારિત્ર છે. આ દરમ્યાન જે કર્મ ઉદયમાં આવે છે તે નિર્જરી જાય છે અને નવા કર્મનું બંધન થતું નથી. સમ્યગ્ દર્શન થવાથી સત્ ક્રિયાઓમાં (સાધનમાં) **પ્રવૃત્તિરૂપ પરિણતિ** તે ચારિત્ર છે. સમ્યક્ ચારિત્રરૂપ પરિણતિ કરવા માટે બાહ્ય તથા આભ્યંતર તપરૂપ વીર્ય ફોરવવું પડે છે. મોક્ષ માર્ગે આગળ વધવા માટેનો જિનેશ્વરોએ દર્શાવેલ માર્ગ સત્પુરૂષ દ્વારા પ્રાપ્ત થવો જોઇએ અને માર્ગ મળ્યા બાદ તે પ્રમાણે પુરૂષાર્થ આદરવો તે તપ છે, પુરૂષાર્થ છે.

**નાણં ચ દંસણ ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**એયં મગ્ગ મણુપત્તા, જીવા ગચ્છંતિ સુગ્ગઈ ॥૩॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી સંયુક્ત એવા આ માર્ગને પામેલા જીવો સદ્ગતિમાં જાય છે. મુક્તિને પ્રાપ્ત કરે છે. ૩.

**તત્થ પંચવિહં નાણં, સૂર્યં આભિણિબોહિયં ।**
**ઓહિનાણં ચ તઈઅં, મણ નાણં ચ કેવલં ॥૪॥**

તે પૈકી જ્ઞાન પાંચ પ્રકારનું છે. ૧. શ્રુતજ્ઞાન, ૨. મતિજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. મનઃપર્યવજ્ઞાન અને ૫. કેવલજ્ઞાન.

**શ્રુતજ્ઞાન :** પ્રત્યક્ષ ભગવાનની વાણી સાંભળળી અથવા સદ્ગુરુ પાસેથી જિનેશ્વરોએ પ્રરૂપેલ ભાવોને સાંભળવા તે સાંભળનાર માટે

શ્રુતજ્ઞાન કહેવાય છે. આમાં પાંચે જ્ઞાનેન્દ્રિયો તથા મનની જરૂર પડે છે.

**મતિજ્ઞાન :** જે શ્રુતજ્ઞાન સાંભળવા મળ્યું તેનું પોતાની બુધ્ધિમાં પરિણમવું તે મતિજ્ઞાન છે. તેમાં પણ પાંચે જ્ઞાનેન્દ્રિયો અને મનની જરૂર પડે છે. બીજું નામ આભિનિબોધિક જ્ઞાન પણ છે.

**અવધિજ્ઞાન :** જ્ઞાનેન્દ્રિયોની મદદ વગર અમુક હદ સુધીનું જ્ઞાન થવું તે અવધિજ્ઞાન કહેવાય છે.

**મનઃપર્યવજ્ઞાન :** મનઃપર્યવ જ્ઞાન વડે જીવ સંજ્ઞી જીવોના મનના ભાવ જાણી શકે છે. ઈચ્છા વગર પણ જણાય છે.

**કેવલજ્ઞાન :** તે સંપૂર્ણ જ્ઞાન છે તે કરવા માટે કોઈપણ પ્રકારનો ઉપયોગ તેમાં જોડવો પડતો નથી. સહજપણે શ્રોતાના આત્માના અરિસામાં જ્ઞેય પ્રતિબિંબિત થયા કરતું હોય છે.

મતિ અને શ્રુત રૂપી અને અરુપીપદાર્થોને અમુક પ્રમાણમાં જાણે છે. અવધિ અને મનઃપર્યવ ફક્ત રૂપી પદાર્થોને જ લક્ષમાં લઇને થાય છે.

**એયં પંચવિહં નાણં, દવ્વાણ ય ગુણાણય ।**
**પજ્જવાણ ય સવ્વેસિં, નાણં નાણી હિં દેસિયં ॥૫॥**

જ્ઞાની પુરૂષોએ દ્રવ્ય, ગુણ અને તેના સર્વ પર્યાયોને સમજવા માટે આ પ્રમાણે પાંચ પ્રકારનું જ્ઞાન બતાવ્યું છે. ૫.

પર્યાય એટલે પલટાતી અવસ્થા. તે પદાર્થ અથવા ગુણ માત્રમાં હોય છે. દ્રવ્ય અને ગુણ સાથે જ રહે. તેમાં ફેરફાર થાય નહીં. પર્યાયમાં ફેરફાર થાય છે.

**ગુણાણમાસઓ દવ્વં, એગ દવ્વસ્સિયા ગુણા ।**
**લક્ખણં પજ્જવાણંતુ, ઉભઓ અસ્સિયા ભવે ॥૬॥**

ગુણો જેને આશ્રયે રહેલા હોય છે, તેને દ્રવ્ય કહેવાય છે.

અને દ્રવ્ય તથા ગુણ બન્નેને આશ્રિત થઈ રહે છે તેને પર્યાયો કહેવાય છે. ૬.

જેમકે આત્મા એ દ્રવ્ય છે. જ્ઞાનાદિ તેના ગુણો છે. અને કર્મ વશાત્ ભિન્ન ભિન્ન રીતે રૂપાંતર થાય છે તે તેના પર્યાયો છે. દ્રવ્ય અને ગુણથી રહિત એકલી પર્યાય પ્રતીત થઈ શકતી નથી. આથી જ દ્રવ્ય ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે.

**ધમ્મો અધમ્મો આગાસં, કાલો પુગ્ગલ જંતુવો ।**
**એસ લોગો ત્તિ પન્નત્તો, જિણેહિં વરસંદંસિહિં ॥૭॥**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ છ દ્રવ્યરૂપ લોક, કેવળજ્ઞાની જિનેશ્વરોએ બતાવ્યો છે. ૭.

**ધમ્મો અધમ્મો આગાસં, દવ્વં ઇક્કિક્ક માહિયં ।**
**અણંતાણિ ય દવ્વાણિ, કાલો પુગ્ગલ જંતવો ॥૮॥**

ધર્મ, અધર્મ, આકાશ એ ત્રણે એકેક દ્રવ્ય છે. અને કાળ, પુદ્ગલ તથા જીવોની સંખ્યા અનંત છે. (સમય ગણનાની અપેક્ષાએ કાળની અનંતતા બતાવી છે.)૮.

**ગઈ લક્ખણો ઉ ધમ્મો, અહમ્મો ઠાણ લક્ખણો ।**
**ભાયણં સવ્વ દવ્વાણં, ણહં ઓગાહ લક્ખણં ॥૯॥**

ગતિમાં સહાય કરવી તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે, સ્થિરતામાં સહાય કરવી એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે. આકાશ એ બધા દ્રવ્યોનું ભાજન છે. અને બધાંને અવકાશ આપવો તે તેનું લક્ષણ છે. ૯.

**વત્તણા લક્ખણો કાલો, જીવો ઉવઓગ લક્ખણો ।**
**નાણેણં દંસણેણં ચ, સુહેણય દુહેણય ॥૧૦॥**

વર્તના જેનું લક્ષણ છે તે કાળ છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. તે જ્ઞાન દર્શન સુખ અને દુઃખથી વ્યક્ત થાય છે. ૧૦.

**નાણં ચ દંસણં ચેવ, ચરિતં ચ તવો તહા ।**
**વીરયં ઉવઓગોવ, એવં જીવસ્સ લક્ખણં ॥૧૧॥**

સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનાં (વિશિષ્ટ) લક્ષણો છે. ૧૧.

**સદંધયાર ઉજ્જોઓ, પભા છાયા ડડતવો ઈવા ।**
**વણ્ણ ગંધ રસા ફાસા, પુગ્ગલાણં તુ લક્ખણં ॥૧૨॥**

શબ્દ, અંધકાર, પ્રકાશ, પ્રભા, છાયા, તાપ, વર્ણ, ગંધ રસ અને સ્પર્શ એ બધાં પુદ્ગલનાં લક્ષણ છે.

**એગનં ચ પુહુતં ચ, શંખા સંઠાણ મેવ ય ।**
**સંજોગાય વિભાગાય, પજ્જવાણં તુ લક્ખણં ॥૧૩॥**

એકઠું થવું, વિખરાવું, સંખ્યા, આકાર (વર્ણાદિનો) સંયોગ તથા વિભાગ એ બધી ક્રિયાઓ પર્યાયોની બોધક છે માટે તે જ તેનું લક્ષણ ધારવું એટલે કે આ બધું પર્યાય દ્વારા જાણી શકાય છે. ૧૩.

**જીવા જીવા ય બંધોય, પુણ્ણં પાવાસવો તહા ।**
**સંવરો, નિજ્જરા, મોક્ખો, સંતે એ તહિયા તવ ॥૧૪॥**

જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આસ્રવ તથા સંવર, નિર્જરા મોક્ષ એ નવ તત્ત્વ છે.

**તહિયાણં તુ ભાવાણં, સબ્ભાવે ઉવએસણં ।**
**ભાવેણ સદ્દહંતસ્સ, સમ્મતં તં વિયાહિયં ॥૧૫॥**

સ્વાભાવિક રીતે - જાતિ સ્મરણ જ્ઞાન ઇત્યાદિથી કે કોઈના ઉપદેશથી ભાવપૂર્વક તે બધા પદાર્થોની યથાર્થ શ્રધ્ધા થવી તે સ્થિતિને મહાપુરૂષોએ સમક્તિ કહ્યું છે. ૧૫.

સમક્તિ એટલે સમ્યક્ત્વ, યથાર્થ આત્મભાન, જૈન દર્શનમાં વર્ણવેલા ૧૪ ગુણસ્થાનકોમાંનાં ચોથે ગુણ સ્થાનકથી જ આત્મવિકાસ શરૂ થાય છે. તે શરૂઆતને સમક્તિ કહેવાય છે.

યથાર્થ અનુભવના વિષયભૂત જીવાદિક પદાર્થોનું યથાર્થ શ્રધ્ધાન સદ્‌ગુરુના ઉપદેશદ્વારા અંતઃકરણમાં થયું છે તેનું નામ સમક્તિ છે.

**નિસગ્ગુવએસ રૂઈ, આણારુઈ સુત્ત બીયરૂમેવે ।**
**અભિગમ વિત્થારરૂઈ, કિરિયા સંખેવ ધમ્મરુઈ ॥૧૬॥**

**આ ગાથામાં દશ પ્રકારના સમ્યક્ત્વ વર્ણવ્યા છે.**

૧. **નિસર્ગરુચિ :** સ્વભાવથી જ નવતત્ત્વોમાં શ્રધ્ધારૂપ રુચિ.

૨. **ઉપદેશરુચિ :** સદ્‌ગુરુના ઉપદેશથી નવ તત્ત્વોમાં શ્રધ્ધારૂપ રુચિ.

૩. **આજ્ઞા રુચિ :** આપ્ત પુરૂષના વચનથી તત્વાર્થમાં શ્રધ્ધારૂપ રુચિ.

૪. **સૂત્ર રુચિ :** આગમદ્વારા તત્વાર્થમાં શ્રધ્ધારુપ રુચિ.

૫. **બીજ રુચિ :** અનેકાર્થ બોધક એકપણ વચનથી તત્વાર્થમાં શ્રધ્ધારુપ રુચિ.

૬. **અભિગમ રુચિ :** જ્ઞાનથી તત્ત્વોમાં શ્રધ્ધારૂપ રુચિ.

૭. **વિસ્તાર રુચિ :** વિસ્તારથી તત્ત્વોની શ્રધ્ધારૂપ રુચિ.

૮. **ક્રિયા રુચિ :** સત્ સાધનોમાં શ્રધ્ધારૂપ રુચિ.

૯. **સંક્ષેપ રુચિ :** સંક્ષેપમાં તત્ત્વોની શ્રધ્ધારુપ રુચિ.

૧૦. **ધર્મ રુચિ :** શ્રુતધર્મ આદિમાં રુચિ થવી તે - ૧૬.

**ભૂયત્થેણાહિગયા, જીવા જીવા ય પુણ્ણપાવં ચ ।**
**સહ સમ્મુઈ આસવ સંવરોય, રોએઇ ઊ નિસગ્ગો ॥૧૭॥**

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર વિગેરે પદાર્થોને યથાર્થ રીતે કોઈના સહારા વિના અથવા જાતિ સ્મરણાદિ જ્ઞાને કરીને જાણવાપણું થાય અને તે શ્રધ્ધા એમને એમ ટકી રહે તે નિસર્ગ રૂચિ કહેવાય છે. ૧૭.

**જો જિણદદ્દે ભાવે, ચઉદવિહે સદહાઈ સયમેવ ।**
**અમેવ નણ્ણહત્તિય, નિસગ્ગ રૂઈત્તિ નાયવ્વો ॥૧૮॥**

જિનેશ્વરોએ યથાર્થ અનુભવેલા ભાવોનો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી પોતાની મેળે જ જાણીને તે એમ જ છે, બીજી રીતે નથી એવી અડગ શ્રધ્ધા જે રાખી શકે છે તે નિસર્ગ સમક્તી જાણવો. ૧૮.

**એ એ ચેવ ઉ ભાવે, ઉવઈટ્ઠે જો પરેણ સદ્દહઈ ।**
**છઉમત્થેણ જિણેણ વ, ઉવએસ રૂઈ ત્તિ નાયવ્વો ॥૧૯॥**

ઉપર્યુક્ત ભાવો કે જે કેવળી કે છદ્મસ્થ ગુરુઓ વડે કહેવાયેલા છે તેના ઉપર જે શ્રધ્ધા રાખી શકે છે. તે ઉપદેશ રુચિવાળો સમક્તી જાણવો.

**રાગો દોષો મોહો, અણ્ણાણં જસ્સ અવગયં હોઈ ।**
**આણાએ રોયંતો, સો ખલુ આણારુઈ નામઃ ॥૨૦॥**

જેનાં રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન નીકળી ગયાં છે તેવા મહાપુરૂષની આજ્ઞાથી તત્ત્વ પર રુચિપૂર્વક શ્રધ્ધા ધરાવે તે આજ્ઞારુચિ સમક્તિ કહેવાય છે. ૨૦.

**જો સુત્ત મહિજ્જંતો, સુએણ, ઓનાહઈ ઉ સમ્મત્તં ।**
**અંગેણ બાહિરેણ વ, સો સુત્ત રૂઈતિ નાયવ્વો ॥૨૧॥**

જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્રને ભણીને તે સૂત્ર વડે સમક્તિ

પામે છે. તે સુત્ર રુચિવાળો સમક્તિ જાણવો. (આચારાંગાદિ અંગો અંગપ્રવિષ્ટ કહેવાય છે કે જે ગણધરો દ્વારા રચવામાં આવ્યા છે. અને તે સિવાયના બીજા સૂત્રોને અંગબાહ્ય કહેવાય છે જે આચાર્યાદિ દ્વારા રચવામાં આવ્યા છે.) ૨૧.

**એગેણ અણેગાઈ પયાઈ, જો પસરઈ ઉ સમ્મત્તં ।**
**ઉદએવ્વ તેલ્લબિંદુ, સો બીય રૂઈત્તિ નાયવ્વો ॥૨૨॥**

જેમ જળમાં પડેલું તેલનું બિંદુ વિસ્તાર પામે, તેમજ એક પદના જાણવા માત્રથી જેની શ્રધ્ધારૂપ રૂચિ અનેક પદોમાં ફેલાઈ જાય છે, તેને બીજરુચિ સમકિતી જાણવો. ૨૨.

**સો હોઈ અભિગમ રુઈ, સુયનાણં જેણ અત્થઓ દિઢં ।**
**ઈક્કારસ્સ અંગાઈ, પઈણણગં દિઢિ વાઓ ય ॥૨૩॥**

જેણે અગિયાર અંગ અને બારમો દષ્ટિવાદ તથા બીજા ઈતર સિદ્ધાંતોના અર્થને જાણીને સમક્તિ પ્રાપ્ત કર્યું છે તેને અભિગમ રુચિ સમકિતી જાણવો. ૨૩.

**દવ્વાણ સવ્વભાવા, સવ્વ પમાણેહિં જસ્સ ઉવલધ્ધ ।**
**સવ્વાહિ નય વિહીહિ, વિત્થાર રુઈ તિ નાયવ્વો ॥૨૪॥**

દ્રવ્યોના સર્વ ભાવો, સર્વ પ્રમાણો અને સર્વ નયોથી જેણે જાણીને સમક્તિ પ્રાપ્ત કર્યું છે તેને વિસ્તારરુચિ સમકિતી જાણવો. ૨૪.

નય એ પ્રમાણનો અંશ છે. નય એટલે વિચારોનું વર્ગીકરણ. તેના સાત પ્રકાર છે. ૧. નૈગમ ૨. સંગ્રહ ૩. વ્યવહાર ૪. ઋજુસૂત્ર ૫. શબ્દ ૬. સમભિરૂઢ ૭. એવંભૂત. પ્રમાણ ચાર છે. ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમાન ૪. આગમ

**દંસણ નાણ ચરિત્તે, તવ વિણએ પચ્ચ સમિઈ ગુત્તીસુ ।**
**જો કિરિય ભાવ રુઈ, સો ખલુ કિરિયા રુઇ નામ ॥૨૫॥**

સમ્યક્ દર્શન, જ્ઞાન-ચારિત્ર, તપ, વિનય, પાંચ સમિતિ, ત્રણ

ગુપ્તિ ઇત્યાદિ ક્રિયાઓના ભાવને રુચિ પૂર્વક આદરે તેને ક્રિયારુચિ સમકિતી કહેવો. ૨૫.

**અણભિગ્ગહિય કુદિટ્ઠી, સંખેવ રૂઈત્તિ હોઈ નાયવ્વો ।**
**અવિસારઓ પવયણે, અણભિગ્ગહિઓવ સેસેસુ ॥૨૬॥**

જે અસત્ મત, વાદ કે દર્શનોમાં સપડાયો નથી કે સત્ય સિવાયના બીજી કોઈપણ વાદોને માનતો નથી. છતાં વીતરાગના પ્રવચનમાં અતિ નિપુણ નથી. તે સંક્ષેપ રુચિ સમકિતી જાણવો. ૨૬.

**જો અત્થિકાય ધમ્મં, સુય ધમ્મં ખલુ ચરિત્ત ધમ્મં ચ ।**
**સદ્દહઈ જિણાભિહિયં, સો ધમ્મ રૂઈત્તિ નાયવ્વો ॥૨૭॥**

જે સાધક, અસ્તિકાયના ધર્મોને, શ્રુત ધર્મને અને ચારિત્રધર્મને જિનેશ્વરોએ કહેલ છે તે રીતે શ્રધ્ધા રાખે છે તેને ધર્મરુચિવાળો સમકિતી જાણવો. ૨૭.

**પરમત્થ સંથવો વા, સુદિટ્ઠ પરમત્થ સેવણા વાવિ ।**
**વાવન્ન કુંદસણ વજ્જણા, ય સમ્મત સદ્દહણા ॥૨૮॥**

(૧) પરમાર્થનું ગુણકીર્તન કરવું (૨) જે પુરૂષો પરમ અર્થને પામ્યા છે તેઓની સેવા કરવી. (૩) જે માર્ગથી પતિત થયા છે તેનાથી દૂર રહેવું કે વાદમાં માનતા હોય તેનાથી દૂર રહેવું. એ ત્રણ ગુણો વડે સમક્તિની શ્રધ્ધા પ્રગટે છે અથવા તેવા સાધકોમાં સમ્યક્ત્વનો સદ્ભાવ ખ્યાયિત છે. ૨૮.

**નત્થિ ચરિત્તં સમ્મત્ત વિહુણં, દંસણે ઉ ભવિયવ્વં ।**
**સમ્મત્ત ચરિત્તાઈ, જુગવં પુવ્વં વ સમ્મત્તં ॥૨૯॥**

સમ્યક્દર્શન વિના ચારિત્ર હોઈ શકે નહિ, અને સમક્તિ હોય ત્યાં ચારિત્ર હોય અને ન પણ હોય. જો એકી સાથે સમ્યક્ત્વ અને ચારિત્ર ઉત્પન્ન થાય તો ત્યાં પહેલાં સમ્યક્ત્વને માનવું. સમ્યક્ત્વ

એ ચારિત્રની પૂર્વવર્તી સ્થિતિ છે. યથાર્થ જાણ્યા વિનાનું આચરેલું અર્થ વિનાનું છે. ૨૯.

**નાડદંસણિસ્સ નાણં, નાણેણ વિણાન હુંતિ ચરણ ગુણા ।**
**અગુણિસ્સ નત્થિ મોકખો, નત્થિ અમોકખસ્સ નિવ્વાણં ॥૩૦॥**

સમ્યકદર્શન વિના સમ્યકજ્ઞાન ન હોય, સમ્યકજ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય અને ચારિત્રના ગુણો વિના કર્મથી મુક્તિ મળે નહીં અને કર્મમુક્તિ રૂપ મોક્ષ વિના નિર્વાણગતિ-સિધ્ધપદ ન હોય. ૩૦.

**નિસંકિય, નિકંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢા દિદ્ઠીય ।**
**ઉવનુડુ થિરીકરણે, વચ્છલ્લ પ ભાવણે અદ્ર ॥૩૧॥**

નિઃશંક્તિ, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપબૃહન, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ સમ્યક્ત્વના અંગો છે. આચાર છે. લક્ષણ છે. ૩૧.

૧. નિઃશંક્તિ અંગ (લક્ષણ) : જે તત્ત્વોની શ્રધ્ધા કરીને સમ્યક્ત્વી થયા છે, તે તેના પર કદી શંકા લાવતા નથી. જે જાણવા યોગ્ય વાતો સમજમાં નથી આવતી અને સત્‌શાસ્ત્રથી જાણવામાં આવે છે તેના પર અશ્રધ્ધાન કરતા નથી તથાપિ તેને જ્ઞાનીદ્વારા સમજવાનો ઉદ્યમ કરે છે. તે નિઃશંક્તિ અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** - પોતાના આત્મામાં નિઃશંક થઈ, નિર્ભય થઈને રહેવું.

**૨. નિઃકાંક્ષિત અંગ (લક્ષણ) :** સમ્યક્દર્શી સંસારનાં ઈન્દ્રિયજનિત સુખોમાં સુખપણાની શ્રધ્ધા રાખતા નથી. તેઓ એવા સુખને દુઃખના મૂળ, તૃષ્ણાવર્ધક, પાપકર્મવર્ધક અને નાશવંત માને છે. તેથી તેની ઈચ્છા કે વાંચ્છા કરતા નથી તે નિઃકાંક્ષિત અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** - અતીન્દ્રિય આનંદમાં મગ્ન રહેવું. બાહ્ય ભાવમાં ઈચ્છા કરવી નહીં. તે નિઃકાંક્ષિત અંગ.

**૩. નિર્વિચિકિત્સા અંગ (લક્ષણ) : સમકિતી** દરેક પદાર્થના સ્વરૂપને યથાતથ્ય વિચારીને, જાણીને કોઈ પ્રત્યે ગ્લાનિ ભાવ રાખતા નથી. દુઃખી, દરિદ્રી, રોગી, પ્રાણીઓ ઉપર દયાભાવ રાખીને તેમની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરીને તેમનો કલેશ મટાડે છે. સહાયરૂપ થાય છે. તે નિર્વિચિકિત્સા અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્મસ્વરૂપની મગ્નતામાં સામ્યભાવનું અવલંબન કરે છે.

**૪. અમૂઢદષ્ટિ અંગ (લક્ષણ)** : દેખાદેખી, મિથ્યાત્વવર્ધક કે નિરર્થક ક્રિયાઓને ધર્મ માનીને કરતા નથી. અને રત્નત્રયના સાધક ધર્મનાં કાર્ય કરે છે. આ અમૂઢદષ્ટિ અંગ છે. (દા.ત. સુલસા સતિ) આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્માના સ્વરૂપમાં મૂઢતા રહિત છે, યથાર્થ આત્મબોધ સહિત છે.

**૫. ઉપગુહનઅંગ (લક્ષણ) : સમ્યક્ત્વી બીજાના** ગુણો દેખીને પોતાના ગુણો વધારે છે. પારકાના અવગુણ ગ્રહણ કરી ઉઘાડા કરતાં નથી. કોઈ દોષ બીજાથી થયો હોય તો તેને સમજાવીને તે દોષ છોડાવે છે, પણ ખુલ્લો કરતો નથી. આ ઉપગુહન અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્મિક સ્વભાવથી સ્થિરતામાં લીન છે. પરભાવને ગ્રહણ કરતા નથી.

**૬. સ્થિરીકરણ અંગ (લક્ષણ)** : પોતાના આત્માને સદા ધર્મમાં સ્થિર કરતાં રહે છે. તથા બીજા જીવોને પણ ધર્મ માર્ગમાં સ્થિર થવાની સદા પ્રેરણા કરતા રહે છે. આ સ્થિરીકરણ અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્મામાં આત્મા દ્વારા સ્થિર છે.

**૭. વાત્સલ્ય અંગ (લક્ષણ)** : ધર્મ અને જ્ઞાની પ્રત્યે, ગાય ને વાછરડા પ્રત્યે પ્રેમ હોય છે, તેવો પ્રેમભાવ રાખે છે. તથા તેના દુઃખો મટાડવા યથાશક્તિ ઉદ્યમ કરે છે. આ વાત્સલ્ય અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્માનંદમાં કમળમાં ભ્રમરની માફક આસક્ત છે.

**૮. પ્રભાવના અંગ (લક્ષણ)** : ધર્મની ઉન્નતિ કરવાનો સદા પ્રયત્ન

કરવો તે સમકતીનું મુખ્ય કર્તવ્ય છે. જે રીતે બીજા જીવો ઉપર સત્ય ધર્મનો પ્રભાવ પડે અને સત્ય ધર્મને ધારણ કરે એવો ઉદ્યમ કરતા કે કરાવતા રહે છે. તે પ્રભાવના અંગ છે. આ વ્યવહારથી કહ્યું. **નિશ્ચયથી** આત્મિક પ્રભાવના વિકાસમાં કાળજીપૂર્વક વર્તે છે.

**સામાઈયત્થપઢમં, છેદોવટ્ઠાવણં ભવે બીયં ।**
**પરિહાર વિસુધ્ધીયં, સુહુમં તહ સંપરાય ચ ॥૩૨॥**

**અકષાય મહક્ખાયં, છઉમત્થસ્સ જિણસ્સ વા ।**
**એયં ચયસ્તિ કરં, ચારિત્તં હોઈ આહિયં ॥૩૩॥**

પ્રથમ સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાનીય, ત્રીજું પરિહાર વિશુધ્ધ ચારિત્ર, ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર અને પાંચમુ કષાય રહિત યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થને તથા કેવળીને હોય છે. આ પ્રમાણે કર્મને ખપાવનારાં ચારિત્ર પાંચ પ્રકારનાં કહ્યા છે. (૩૨, ૩૩)

**૧. સામાયિક ચારિત્ર :** સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિઓના ત્યાગરૂપ અને સમતાના લાભરૂપ સામાયિક ચારિત્ર છે.

**૨. છેદોપસ્થાનીય ચારિત્ર :** પૂર્વ પર્યાયનો ઉચ્છેદ કરીને આત્માને પાંચ મહાવ્રતરૂપ શુધ્ધ ધર્મમાં સ્થાપિત કરવામાં આવે છે. તે બે પ્રકારે સાતિચાર અને નિરતિચાર.

**૩. પરિહાર વિશુધ્ધિ ચારિત્ર :** પાંચ મહાવ્રતરૂપ ધર્મનો ત્યાગ કરીને, તેનાથી ઉત્તમ અનુત્તર ધર્મ ગ્રહણ કરવો. તેને પરિહાર વિશુધ્ધિ ચારિત્ર કહે છે. આ ચારિત્ર વિશિષ્ટ પ્રકારની તપસ્યારૂપ હોય છે.

પરિહાર વિશુધ્ધિ ચારિત્રમાં ગુરૂની આજ્ઞા લઈ નવ સાધુઓ વિચરે. તેમાં ૪ તપસ્યા કરે, ૪ સેવા કરે, ૧ ઉપદેશ કરે, છ મહિના પછી સેવા કરનાર તપસ્યા કરે, તપસ્યા કરનાર સેવા કરે અને એક ઉપદેશ આપે. ત્રીજા છ મહિના પછી ઉપદેશ આપનાર

તપ કરે, ગમે તે ઉપદેશ આપે અને સેવા પણ કરે. આમ અઢાર માસ પછી ગુરૂ પાસે આવે. આગળ માટે ગુરૂ આજ્ઞા માગે. તેમાંથી કોઈ જિનકલ્પીપણું પણ સ્વીકારે.

**૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :** આ ચારિત્ર ૧૦મા ગુણ સ્થાનકે હોય. ઉપશમ શ્રેણીથી જીવ જ્યારે પડવાઈ થઈ ૧૧માથી ૧૦મા ગુણસ્થાનકે આવે ત્યારે સંક્લિશ્યમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્ર હોય. (અલ્પકષાય હોય) જીવ જયારે શ્રેણીએ ચઢતો હોય ત્યારે વિશુધ્ધમાન ચારિત્ર - પરિણતિ હોય.

**૫. યથાખ્યાત ચારિત્ર :** (અ) મોહનીય કર્મનો ઉપશમ થતાં ૧૧મા ગુણસ્થાનકે છદ્મસ્થને તથા મોહનીય કર્મનો ક્ષય થતાં ૧૨મા ગુણ સ્થાનકે છદ્મસ્થને હોય (બ) તેરમા ગુણસ્થાનકે સયોગી કેવળી તથા ૧૪મા ગુણ સ્થાનકે અયોગી કેવળીને આ ચારિત્ર હોય. જેમાં કષાયભાવ સંપૂર્ણ નાશ પામેલા હોય.

**તવો ય દુવિહો વુત્તો, બાહિર બ્ભંતરો તહા ।**
**બાહિરો છવ્વિહો વુત્તો, એવમ બ્ભંતરો તવો ॥૩૪॥**

તપ બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્યના છ પ્રકાર છે. તેમજ અભ્યંતરના પણ છ પ્રકાર છે. (૩૪)

આખો સંસાર આધિ ભૌતિક, આધિ દૈવિક અને આધ્યાત્મિક દુઃખોથી ઘેરાયેલો છે. સંસારના સર્વ જીવો આધિ, વ્યાધિ અને ઉપાધિથી હણાઈ રહ્યા છે. કોઈ વખતે શારીરિક તો કોઈ વખતે માનસિક એમ દર્દોની હાર લાગી રહી છે. તેનું નિવારણ કરવાના ઉપાયો દરેક કાળમાં સર્વજ્ઞ દેવો આપતા રહ્યા છે. ભગવાન મહાવીરે સર્વ સંકટોના નિવારણ માટે જે ઉપાય બતાવ્યો છે તે તપશ્ચર્યાના નામે ઓળખાય છે. તેના બે પ્રકાર છે-બાહ્ય અને અભ્યંતર.

બાહ્ય તપશ્ચર્યા ખાસ કરીને જીવને અપ્રમત રાખવા અર્થે છે. જો શરીર પ્રમાદી હોય તો તેની પ્રવૃત્તિ પાપ તરફ ઢળતી હોય છે. અને તેવી પરિસ્થિતિમાં શરીર તથા ઇન્દ્રિયો સાધકને બદલે બાધક થઈ પડે છે. જ્યારે શરીર અપ્રમત્ત અને સંયમી બને ત્યારે જ ખરી આત્મજિજ્ઞાસા પ્રગટે છે અને ચિંતન મનન, યોગાભ્યાસ, ધ્યાન વિ. આત્મ સાધનાનાં અંગોમાં પ્રવૃત્ત થઈ શકે છે. તે માટે બાહ્ય તપમાં ૧. અણસણ (ઉપવાસ) ૨. ઉણોદરી (અલ્પાહાર) ૩. વૃત્તિસંક્ષેપ (મળેલાં સાધનોનો પણ પરિમિત ઉપયોગ કરવો) ૪. રસપરિત્યાગ (સ્વાદેન્દ્રિય નિગ્રહ) ૫. કાયકલેશ (દેહ દમનની ક્રિયા) અને ૬. સંલીનતા (એકાંત સ્વાધ્યાય ધ્યાનની અનુકૂળતાવાળા સ્થાનમાં રહી અંતર્મુખ રહેવું.

આંતરિક (અભ્યંતર) તપમાં ૧. પ્રાયશ્ચિત ૨. વિનય ૩. સેવા (વૈયાવૃત્ય) ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન અને ૬. કાયોત્સર્ગ આ છયે સાધનો આત્માની ઉન્નતિના ભિન્ન ભિન્ન પગથીયા છે.

**નાણેણ જાણઈ ભાવે, દંસણેણ ચ સધ્ધહે ।**
**ચરિત્તેણ નિગિણ્હાઈ, તવેણ પરિસુઝઈ ॥૩૫॥**

જીવાત્મા જ્ઞાનથી સર્વ પદાર્થના ભાવોને જાણે છે, દર્શનથી તે પર શ્રધ્ધા રાખે છે. ચારિત્રથી આવતાં કર્મોનો રોધ કરે છે. અને તપથી પૂર્વનાં કર્મો ખપાવી શુધ્ધ થાય છે. (૩૫)

**ખવિત્તા પુણ્ય કમાઈં, સંજમેણ તવેણય ।**
**સવ્વદુખ પહીણઠ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥૩૬॥ તિબેમિ**

પૂર્વ કર્મોને સંયમ (ચારિત્ર) અને તપથી ખપાવે છે. અને સર્વ દુઃખથી રહિત થઈ મહર્ષિઓ શીઘ્ર મોક્ષગતિ પામે છે. (૩૬) એમ કહું છું.

# ૬.સૂત્ર-અધ્યયન-૨૯
## સમ્યક્ત્વ પરાક્રમ

પરાક્રમ શક્તિ કે સામર્થ્ય તો જીવ માત્રમાં છે, પરંતુ વિશ્વમાં તેનો ઉપયોગ જુદી રીતે જુદા જુદા રૂપે થતો જણાય છે. તે જ દર્શાવે છે કે દરેક જીવો ભિન્ન ભિન્ન ભૂમિકાઓમાં રહેલા છે. જે કોઈ શસ્ત્રને અન્ય પર ન વાપરતાં પોતા પર જ વાપરે છે, તે શૂરવીર ન ગણાતાં મૂર્ખમાં ખપે છે. તે જ પ્રમાણે જે પ્રાપ્ત થયેલાં તરવાનાં સાધનોથી પોતે જ ડૂબે છે, તે બાલજીવ-અજ્ઞાની જીવ કહેવાય છે.

જ્યારે જીવનો બાલભાવ-અજ્ઞાનભાવ છૂટે છે ત્યારે તેની દૃષ્ટિ પણ બદલાય છે. આ દૃષ્ટિ એટલે સમ્યક્દર્શન એ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી જે પુરૂષાર્થ થાય છે તે જ સાચો પુરૂષાર્થ કે સાચું પરાક્રમ કહેવાય છે.

જીવ માત્ર સાધક છે. સંસાર એ સાધનાની ભૂમિ છે. તેમાં પણ મનુષ્યભવ એ સાધનાનું ઉચ્ચક્ષેત્ર છે. ત્યાં મળેલા સાધનો સુમાર્ગે પ્રયુક્ત થાય તો સાધકની સાધના સફળ થઈ જાય છે અને તે શીઘ્ર પોતાનું કલ્યાણ સાધે છે.

જેમ જીવો ભિન્ન ભિન્ન તેમ તેનાં સાધનોમાં અને પ્રવૃત્તિમાં પણ ભિન્નતા છે. તેથી સમ્યક્ પરાક્રમનાં ભિન્ન ભિન્ન સાધનો ભિન્ન ભિન્ન રૂપે પ્રરૂપવામાં આવેલ છે. આ અધ્યયનમાં એવા ૭૩ પ્રકારનાં સાધનો સમજાવવામાં આવ્યા છે. તે પૈકી પોત પોતાને સાધનામાં ઈષ્ટ સાધનો જણાય તેનું શોધન કરી પ્રત્યેક સાધકે પુરૂષાર્થ કરવો અને વિચારણા કરવી જરૂરી છે.

જીવો અનાદિકાળથી દરેક ગતિમાં કર્મો બાંધવામાં જ પોતાની

શક્તિનું પરાક્રમત્ત ફોરવે છે, કારણકે કર્મો જે અસત્ય, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહરૂપ સંસાર પ્રત્યે મૂર્છાભાવ રાખી બાંધે છે, તે અજ્ઞાન હોવાથી બાંધે છે. જે ભોગવવા માટે દુર્ગતિમાં જવું પડે છે. હવે આપણો જન્મ આર્ય કુળમાં થયો છે, કે જેમાં કર્મોનો ક્ષય કરવાનું શક્ય બની શકે તેમ છે, તો આ અધ્યયનમાં સમ્યક્ પરાક્રમ કરવા માટેના ૭૩ બોલ આપવામાં આવ્યા છે, તેને જાણીને, સમજીને, તે પ્રમાણે આચરણ કરીને આપણને પ્રાપ્ત થયેલ સંયોગો, શક્તિનો સદુપયોગ કરવો ઘટે છે.

સુયં મે આઉસં ! તેણં ભગવયા એવમકખાયં ઈહ ખલુ સમ્મત પરાક્રમે નામં અજઝયણે સમણેણે ભગવયા મહાવીરેણ કાસવેણં પવેઇએ જં સમ્મં સદહિતા, પત્તઈત્તા, રોયઇત્તા, ફાસઈત્તા, પાલઈત્તા, તીરિતા, કિત્તઈતા, સોહઈત્તા, આરાહઈત્તા આણાએ અણુપાલઈત્તા બહવે જીવા સિજઝંતિ, બુજઝંતિ, મુચ્ચંતિ પરિનિવ્વાયંતિ સવ્વ દુક્ખાણમંતંકરંતિ ।

હે આયુષ્યમાન શિષ્ય ! મે ભગવાન પાસેથી સાંભળ્યુ કે જે શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રવાળા હતા, તેમણે સમ્યક્ પરાક્રમ નામનું અધ્યયન પ્રરૂપેલું છે, જેમાં સમ્યક્ પ્રકારે શ્રધ્ધા કરીને, વિશ્વાસ કરીને, પ્રતીતિ કરીને, તેનું પાલન કરીને કેટલાય જીવો શાંતિ પામ્યા છે. એમ જાણીને, મનમાં રુચી લાવીને, તેના વ્રત પચ્ચક્ખાણ લઈને, બરાબર પાલન કરીને, તેના ગુણોનું કીર્તન કરીને, ભૂલનું પ્રાયશ્ચિત લઈને, સુધારીને આરાધના કરતાં અને આજ્ઞાનું અનુપાલન કરતાં ઘણા જીવો સીઝયા છે, બોધ પામ્યા છે, કર્મોથી મુકાયા છે, પરિનિર્વાણ પામ્યા છે અને સર્વ દુઃખોનો અંત કરેલ છે.

સુધર્મા સ્વામીએ જંબુસ્વામીને કહ્યું કે : હે આયુષ્યમાન ! તે ભગવાન મહાવીરે આ પ્રમાણે કહેલું તે મેં સાંભળ્યું છે તે તને કહું

છું. જેને યથાર્થપણે સાંભળીને, તેના પર વિશ્વાસ અને શ્રધ્ધા લાવીને, તેની રુચિ જમાવીને (જગાડીને) તેનો સ્પર્શ કરીને, તેનું પાલન કરીને, તેનું શોધન, કીર્તન અને આરાધન કરીને ઘણા જીવો સિધ્ધ, બુધ્ધ, મુક્ત થાય છે. પરિનિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

તસ્સણં અયમટ્ઠે, એવમાહિજ્જઈ તંજહા-૧. સંવેગે, ૨. નિવ્વેએ, ૩. ધર્મ્મસધ્ધા, ૪. ગુરુસાહમ્મિય સુસ્સૂસણયા, ૫. આલોયણયા, ૬. નિંદણયા, ૭. ગરિહણયા ૮. સામાઈયે ૯. ચઉવીસત્થએ ૧૦. વંદણએ ૧૧. પડિક્કમણે ૧૨. કાઉસ્સગ્ગે ૧૩. પચ્ચક્ખાણે ૧૪. થયથુઈમંગલે ૧૫. કાલપડિલેહણાએ ૧૬. પ્રાયશ્ચિતકરણે ૧૭. ખમાવણયા ૧૮. સજ્ઝાએ ૧૯. વાયણયા ૨૦. પડિપુચ્છણયા ૨૧. પરિયટ્ટણયા ૨૨. અણુપ્પેહા ૨૩. ધમ્મકહા ૨૪. સુયસ્સ આરાહણયા ૨૫. એગગ્ગમણ સંનિવેસણયા ૨૬. સંજમે ૨૭. તવે ૨૮. વાંદાણે ૨૯. સુહસાએ ૩૦. અપડિબધ્યયા ૩૧. વિવતસયણાસણ સેણવયા ૩૨. વિણિયટ્ટણયા ૩૩. સંભોગ પચ્ચકખાણે ૩૪. ઉવહિ પચ્ચકખાણે ૩૫. આહાર પચ્ચકખાણે ૩૬. કસાય પચ્ચક્ખાણે ૩૭. જોગ પચ્ચક્ખાણે ૩૮. શરીર પચ્ચક્ખાણે ૩૯. સહાય પચ્ચક્ખાણે ૪૦. ભત્ત પચ્ચક્ખાણે ૪૧. સન્ભાવ પચ્ચક્ખાણે ૪૨. પડિરૂપણયા ૪૩. વેયાવચ્ચે ૪૪. સવ્વગુણ સંપણ્ણયા ૪૫. વીયરાગયા ૪૬. ખંત્તી ૪૭. મુત્તી ૪૮. અજ્જવે ૪૯. મદવે ૫૦. ભાવસચ્ચે ૫૧. કરણ સચ્ચે ૫૨. જોગ સચ્ચે ૫૩. મણ ગુત્તયા ૫૪. વયગુત્તયા ૫૫. કાય ગુત્તયા ૫૬. મણ સમાધારણયા ૫૭. વયસમાધારણયા ૫૮. કાય સમાધારણયા ૫૯. નાણ સંપણયા ૬૦. દંસણ સંપણ્ણયા ૬૧. ચરિત્તસંપણ્ણયા ૬૨. સોઇંદિયણિગ્ગહે ૬૩. ચક્ખૂદિંયણિગ્ગહે ૬૪. ધાણિંદિયણિગ્ગહે ૬૫. જિબ્ભિદિયણિગ્ગહે ૬૬. ફાસિંદયણિગ્ગહે ૬૭. કોહવિજએ ૬૮. માણવિજએ ૬૯. માયાવિજએ ૭૦.

લોભવિજએ ૭૧. પેજ્જદોસ મિચ્છાદંસણવિજએ ૭૨. સેલેસી ૭૩. અકમ્મયા.

**તેનો અર્થ આ પ્રમાણે ક્રમથી કહેવાય છે.**

૧. સંવેગ - મોક્ષાભિલાષ ૨. નિર્વેદ-વૈરાગ્ય ૩. ધર્મશ્રધ્ધા ૪. ગુરૂસાધર્મિક સુશ્રુષણા-મહાપુરૂષો અને સહધર્મીઓની સેવા ૫. આલોચના-દોષોની વિચારણા ૬. નિન્દા-દોષોની નિંદા-આત્મનિંદા ૭. ગર્હા-દોષ પ્રત્યે તિરસ્કાર ૮. સામાયિક-આત્મભાવમાં લીન થવાની ક્રિયા ૯. ચતુર્વિશતિસ્તવ-ચોવીશ તીર્થંકરોની સ્તુતિ ૧૦. વંદન ૧૧. પ્રતિક્રમણ-પાપનું પ્રાયશ્ચિત કરવાની ક્રિયા ૧૨. કાયોત્સર્ગ ૧૩. પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા કરવી ૧૪. સ્તવ સ્તુતિ મંગળ-ગુણીજનની સ્તુતિ ૧૫. કાલ પ્રતિલેખના - સમય નિરીક્ષણ ૧૬. પ્રાયશ્ચિત કરણ - પ્રાયશ્ચિતની ક્રિયા ૧૭. ક્ષમાપના ૧૮. સ્વાધ્યાય ૧૯. વાંચન ૨૦. પ્રતિપૃચ્છના (પ્રશ્નોત્તર) ૨૧. પરિવર્તના-પુનરાવર્તન ૨૨. અનુપ્રેક્ષા-ચિંતન ૨૩. ધર્મકથા ૨૪. શાસ્ત્ર આરાધના-જ્ઞાનપ્રાપ્તિ ૨૫. ચિત્તની એકાગ્રતા ૨૬. સંયમ ૨૭. તપ ૨૮. વ્યવદાન-કર્મનું વિખરાવું ૨૯. સુખશાય-સંતોષ ૩૦. અપ્રતિબધ્ધતા-અનાસક્તિ ૩૧. એકાંત આસન, શયન અને સ્થાનનું સેવન ૩૨. વિનિવર્તના-પાપ ક્રિયાથી નિવૃત્ત થવું ૩૩. સંભોગ પ્રત્યાખ્યાન-સ્વાવલંબન ૩૪. ઉપધિ પ્રત્યાખ્યાન-અનાવશ્યક વસ્તુઓનો ત્યાગ અથવા વસ્ત્ર, પાત્ર ઈત્યાદિનો ત્યાગ ૩૫. આહાર પ્રત્યાખ્યાન ૩૬. કષાય પ્રત્યાખ્યાન ૩૭. યોગ પ્રત્યાખ્યાન - પાપ પ્રસંગનો ત્યાગ ૩૮. શરીરનો ત્યાગ ૩૯. સહાયકનો ત્યાગ ૪૦. ભક્ષ્ય પ્રત્યાખ્યાન-અણસણ-શરીરનો અંતકાલ જાણી સર્વથા આહારનો ત્યાગ ૪૧. સ્વભાવ પ્રત્યાખ્યાન-દુષ્ટ પ્રકૃતિઓથી નિવૃત્તિ ૪૨. પ્રતિરૂપતા મન, વચન અને કાયાની એકતા-કર્તવ્ય પાલન ૪૩. વૈયાવૃત્ય-ગુણી જનની સેવા ૪૪. સર્વગુણસંપન્નતા - આત્માના

સર્વગુણોની પ્રાપ્તિ ૪૫. વીતરાગતા - રાગદ્વેષની વિરક્તિ ૪૬. ક્ષમા ૪૭. નિર્લોભતા-મુક્તિ ૪૮. સરળતા-કપટનો ત્યાગ ૪૯. મૃદુતા-નિરભિમાનતા ૫૦. ભાવસત્વ-શુધ્ધ અંતઃકરણ ૫૧. કરણ-સત્ય-સાચી પ્રવૃત્તિ ૫૨ યોગ સત્ય-મન, વચન અને કાયાનો વ્યાપાર-સત્યરૂપ હોય તે દશા. ૫૩. મનોગુપ્તિ ૫૪. વચનગુપ્તિ - વચનનો સંયમ ૫૫. કાયગુપ્તિ - કાયાનો સંયમ ૫૬. મન : સમાધારણા - સત્યમાં ચિત્તની એકાગ્રતા ૫૭. વાક્‌સમાધારણા - વચનનું યોગ્ય માર્ગમાં નિરૂપણ ૫૮. કાયસમાધારણા - સત્યપ્રવૃત્તિમાં શરીરનું સ્થાપન ૫૯. જ્ઞાન સંપન્નતા - જ્ઞાનની પ્રાપ્તિ ૬૦. દર્શન સંપન્નતા - સમ્યકત્વ પ્રાપ્તિ ૬૧. ચારિત્ર સંપન્નતા - શુધ્ધ ચારિત્રની પ્રાપ્તિ ૬૨. શ્રોત્રેન્દ્રિયનિગ્રહ - કાનનો સંયમ ૬૩. આંખનો સંયમ ૬૪. ઘ્રાણેન્દ્રિય-નાકનો સંયમ ૬૫. જીભનો સંયમ ૬૬. સ્પર્શેન્દ્રિયનો સંયમ ૬૭. ક્રોધવિજય ૬૮. માનનો વિજય ૬૯. માયાનો વિજય ૭૦. લોભનો વિજય ૭૧. રાગદ્વેષ અને મિથ્યાદર્શન (અજ્ઞાનનો) વિજય ૭૨. શૈલેષી-મન, વચન અને કાયાના યોગનું રૂંધવું-પર્વતની પેઠે. આત્મ અડોલતાની સ્થિતિ અને ૭૩. અકર્મતા-કર્મરહિત અવસ્થા

૧. સંવેગણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સંવેગણં અણુત્તરં ધમ્મસધ્ધં જણયઈ, અણુત્તરાએ ધમ્મસધ્ધાએ સંવેગં હવ્વમાગચ્છઈ, અણંતાણુબંધી કોહ, માણ, માયા, લોભં ખવેઈ, નવં ચકમ્મં ન બંધઈ, તપ્પચ્ચઈયચણં મિચ્છત્ત વિસોહિકાઉણ દંસણારાહએ ભવઈ, દંસણ વિસોહીએણં વિસુધ્ધાએ અત્થેગઈયા જીવા તેણેવ ભવગ્ગહણેણે સિજ્ઝઈ, બુજઝઈ, મુચ્ચઈ, પરિનિવ્વયઈ સવ્વદુકખાણમંતં કરેઈ । વિસોહીએણં વિસુધ્ધાએ તચ્ચં પુણો ભવ્વગહણં નાઈક્કમહિ

શિષ્ય : હે પૂજ્ય ! સંવેગથી જીવાત્મા શું પ્રાપ્ત કરી શકે છે ? (કયા ગુણને પામે છે ?)

ગુરૂ : સંવેગથી અનુત્તર ધર્મશ્રધ્ધા જાગે છે અને એવી અપૂર્વ ધર્મશ્રધ્ધાથી શીઘ્ર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને તે દ્વારા તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભને ખપાવે છે (કોઈ પણ એક પ્રકારના સમક્તિની સ્થિતિ હોય છે) તે જીવાત્મા નવું કર્મ બાંધતો નથી અને કર્મબંધનના નિમિત્તરૂપ મિથ્યાત્વની શુધ્ધિ કરીને દર્શન (સમક્તિ)નો આરાધક થાય છે. ઉચ્ચ પ્રકારની સમક્તિની વિશુધ્ધિથી (ક્ષાયિક સમક્તિની ઉચ્ચ સ્થિતિથી) કોઈ કોઈ જીવ તો તે જ ભવે મોક્ષ પામે છે. અને જેઓ તે જ ભવે મોક્ષ ન પામે તેઓ પણ આત્મ વિશુધ્ધિ વડે ત્રીજે ભવે અવશ્ય મોક્ષ પામે છે. ક્ષાયિક સમકિતી ત્રણ ભવથી અધિક ભવ કરતો નથી.

૨. નિવ્વેએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

નિવ્વેએણં દિવ્વ માણુસ્સ તિચ્ચિછએસુ કામ ભોગેસુ નિવ્વેયં હવમાગચ્છઈ, સવ્વવિસએસુ વિરજ્જઈ, સવ્વવિસએસુ વિરજ્જમાણે આરંભ પરિગ્ગહ પરિચ્ચાયં કરેઈ આરંભ પરિગ્ગહ-પરિચ્ચાયં કરેમાણે સંસાર મગ્ગં વોચ્છિંદઈ સિધ્ધિમગ્ગં પડિવણ્ણે ય ભવઈ.

હે પૂજ્ય ! જીવાત્મા નિર્વેદ (નિરાસક્તિ)થી શું પામે છે ? નિર્વેદથી દેવ, મનુષ્ય અને પશુ સંબંધીના પ્રત્યેક કામભોગોમાં શીઘ્ર વૈરાગ્ય પામે છે અને તેથી બધા વિષયોથી વિરક્ત થાય છે. અને સર્વ વિષયોથી વિરક્ત થયેલો તે આરંભનો-પાપક્રિયાનો પરિત્યાગ કરે છે. આરંભનો પરિત્યાગ કરીને સંસારના માર્ગને ક્રમપૂર્વક છેદી નાખે છે અને સિધ્ધિ-મોક્ષમાર્ગે ગમન કરે છે.

૩. ધમ્મ સધ્ધાએણં ભંતે ! કિં જણવઈ ?

ધમ્મ સધ્ધાએણં સાયા સાંકખેસુ રજ્જમાણે વિરજ્જઈ આગાર ધમ્મં ચ ણં ચયઈ, અણગારિએણં જીવે સારીરમાણસાણં દુકખાણં છેદણ ભેયણ સંજોગાઈણં વોચ્છેયં કરેઈ, અવ્વાબાહં ચ સુહં નિવ્વત્તેઈ.

૩. હે પૂજ્ય ! જીવાત્મા ધર્મશ્રધ્ધાથી શું ફળ પામે છે ?

ધર્મ શ્રધ્ધાથી સાતાવેદનીય કર્મથી પ્રાપ્ત થયેલાં સુખો મળવા છતાં તેમાં રાચતો નથી. પણ વૈરાગ્યધર્મને પામે છે અગર ગૃહસ્થાશ્રમ ધર્મને છોડી દે છે અને અણગાર થઈ શારીરિક, માનસિક છેદન, ભેદન, સંયોગ અને વિયોગોના દુ:ખોનો નાશ કરે છે એટલે કે નવા કર્મબંધનથી નિવૃત્ત થઈ પૂર્વકર્મનો ક્ષય કરે છે અને અવ્યાબાધ-બાધા રહિત એવા મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

૪. ગુરૂ સાહમ્મિય સુસ્સૂણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ગુરૂ સાહમ્મિ સુસ્સૂણયાએણં વિણય પડિવત્તિ જણયઈ વિણયઈ પડિવન્નેયણં જીવે અણચ્ચાસાયણ સીલે નેરઈય-તિરિકખ જોણિય મણુસ્સ દેવ-દુગ્ગઈઓ નિરૂંભઈ, વણ્ણ સંજલણ-ભત્તિ બહુમાણયાએ મણુસ્સ દેવ સુગ્ગઈઓ નિબંધઈ, સિધ્ધિ સોગ્ગઈ ચ વિસોદેઈ, પસત્થા ઈ ચ ણં વિણય મુલાઈ સવ્વ કજ્જાંઈ સાદેઈ, અણ્ણેવ બહવે જીવા વિણઈતા ભવઈ ।

હે પૂજ્ય ! ગુરૂજન અને સ્વધર્મીઓની સેવાથી જીવ શું પામે છે ? ગુરૂજન અને સ્વધર્મીઓની સેવાથી સાચા વિનય-મોક્ષનું મૂળ કારણને પ્રાપ્ત કરે છે. વિનય મેળવીને સમ્યક્ત્વનાં રોધક કારણોનો નાશ કરે છે અને તેથી નરક, પશુ, મનુષ્ય અને દેવ સંબંધીની દુર્ગતિને અટકાવે છે. અને જગતમાં બહુમાન કીર્તિ પામતો તે અનેક ગુણને દીપાવી સેવા ભક્તિના અપૂર્વ સાધન વડે ઉચ્ચમનુષ્ય ગતિ અને દેવગતિને પામે છે. મોક્ષ અને સદ્ગતિના માર્ગ-જ્ઞાન-દર્શન અને ચારિત્રને વિશુધ્ધ કરે છે અર્થાત્ વિનયથી પ્રાપ્ત થતાં સર્વ પ્રશસ્ત કાર્યોને તે સાધે છે. અને સાથે સાથે બીજા જીવોને પણ તે માર્ગે દોરે છે.

૫. આલોયણાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

આલોયણાએણં માયા, નિયાણ મિચ્છાદંસણ સલ્લાણં

મોક્ખમગ્ગવિગ્ઘાણં અણંત સંસાર બધ્ધણાણં, ઉધ્ધરણં કરેઈ, ઉજ્જુભાવં જણયઈ, ઉજ્જુભાવં પડિવણ્ણેયણં જીવે સમાઈ ઇત્થિવેયં નપુંસકવેયં ચ ણ બંધઈ, પુવ્વબધ્ધં ચ ણં નિજ્જરઈ.

હે પૂજ્ય ! આલોચનાથી જીવાત્મા શું પામે છે ?

આલોચનાથી માયા-કપટ, નિદાન અને મિથ્યાદર્શન-અસદ્ દૃષ્ટિ આ ત્રણ શલ્યો કે જે મોક્ષમાર્ગના વિઘાતરૂપ અને સંસારનાં બંધન કરનાર છે તેને દૂર કરે છે અને તેથી અપ્રાપ્ય સરળતાને પ્રાપ્ત થાય છે. સરળ જીવ કપટ રહિત બને છે, તેથી સ્ત્રીવેદ કે નપુંસકવેદને બાંધતો નથી અને પૂર્વે બાંધેલ હોય તો તેનો નાશ કરે છે.

૬. નિંદણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

નિંદણયાએણં પરઠાણુતાવં જણયઈ, પચ્છાણુતાવેણં વિરજ્જમાણે કરણગુણસેઢિ પડિવજ્જઈ કરણ ગુણ સેઢિ પડિવન્નેય અણગારે મોહણિજ્જ કમ્મં ઉગ્ઘાએઈ.

હે પૂજ્ય ! આત્મનિંદાથી જીવ શું પામે છે ?

આત્મદોષોની નિંદાથી પશ્ચાતાપની ભઠ્ઠીને જગાવે છે અને પશ્ચાતાપની ભઠ્ઠીમાં દોષોને બાળી વૈરાગ્ય પામે છે અને એ વિરક્ત પુરૂષ અપૂર્વકરણની શ્રેણિ-ક્ષપકશ્રેણિ-પ્રાપ્ત કરે છે અને તે પ્રાપ્ત કરનાર તે ત્યાગીજન મોહનીય કર્મને ખપાવે છે.

૭. ગરહણઆએ ણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ગરહણઆએ અપ્પુકાર જણયઈ, અપ્પુરકારગએણં જીવે અપ્પસત્થેહિંતો જોગ હિંતો નિયત્તેઈ પસત્થે ય પડિવજ્જઈ પસત્થ જોગ પડિવન્નેયેણં અણગારે અનંત ઘાઈ પજ્જડવે ખવેઈ.

હે પૂજ્ય ! ગર્હા (અન્ય સમીપે આત્મનિંદા કરવાથી) થી જીવ શું મેળવે છે ? ગર્હાથી આત્મનમ્રતા (લઘુતારૂપ બુદ્ધીને) મેળવે છે

અને તેવો જીવ અપ્રશસ્ત કર્મબંધનના હેતુથી યોગોને નિવૃત્ત કરી પ્રશસ્ત યોગો પામે છે અને પ્રશસ્ત યોગો પામીને તે અણગાર કે સાધક અનંત આત્મઘાતક કર્મોના પર્યાયોને નષ્ટ કરી નાખે છે.

૮. સામાઈએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

હે પૂજ્ય ! સામાયિકથી જીવાત્મા શું પામે છે ?

સામાઈએણં સાવજ્જજોગ વિરંઈ જણયઈ.

સામાયિક કરવાથી સાવદ્યજોગની વિરતિ થાય છે. એટલે કે ૧૪ રાજલોકમાંથી આવતા પાપ પ્રવાહરૂપ આશ્રવની નિવૃત્તિ થાય છે. સામાયિક કરવાથી આત્મસંતોષરૂપ વિરામ મળે છે.

૯. ચઉવીસત્થએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ચઉવીસત્થએણં દંસણ વિસોહિં જણયઈ.

હે પૂજ્ય ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવ શું પામે છે ?

ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી આત્મદર્શનની વિશુધ્ધિ થતી જાય છે. જીવ જેવું ધ્યાન ધરે છે તેવું જ તેનું આંતરિક વાતાવરણ બની જાય છે અને આખરે તેવો જ થઈ જાય છે. દા.ત. દઢપ્રહરી, ચેલાતીપુત્ર વિ.

૧૦. વંદણએણ ભંતે ! જીવ કિં જણયઈ ?

વંદણએણં નીયાગોયં, કમ્મં ખત્તઈ, ઉચ્ચા ગોયં કમ્મં નિબંધઈ, સોહગ્ગંચ ણં અપ્પડિહયં આણાફલ નિવ્વત્તેહિ દાહિણભાવં ચ ણં જણયઈ.

હે પૂજ્ય ! વંદનથી જીવ શું મેળવે છે ?

વંદનથી નીચ ગોત્રનું કર્મ બાંધ્યું હોય તે ખપાવી ઊંચ ગોત્રનું કર્મ બાંધે છે અને સૌભાગ્ય પ્રાપ્ત કરે છે તથા આજ્ઞાનું સફળ સામર્થ્ય પામે છે અને દાક્ષિણ્યભાવને પામે છે.

૧૧. પડિક્કમણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પડિક્કમણેણં વયચ્છિદાઈ પિહંઈ પિહિયવયચ્છેદ પુણ જીવે નિરુધ્ધાસવે અસબલ ચરિત્તે અટ્ઠસુ પવયણ માયાસુ ઉવઉત્તે અપુહત્તે સુપ્પણિહિએ વિહરઈ.

હે પૂજ્ય ! જીવ પ્રતિક્રમણથી શું મેળવે છે ?

પ્રતિક્રમણથી વ્રતના છિદ્રો ઢંકાઈ જાય છે અને શુધ્ધ વ્રતધારી થઈ તે હિંસાદી આશ્રવથી નિવૃત્ત થઈ આઠ પ્રવચનમાતામાં સાવધ થાય છે. અને વિશુધ્ધિ ચારિત્ર મેળવી સંયમ યોગથી અલગ ન થતાં જીવન પર્યંત સંયમમાં સમાધિપૂર્વક વિચરે છે.

૧૨. કાઉસ્સગ્ગેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કાઉસગ્ગેં તીય પંડુપણ્ણં પાયચ્છિતં વિસોહંઈ, વિશુધ્ધ પાયચ્છિતે ય જીવે નિવ્વુયહિયએ ઓહરિય ભરૂવ્વ ભારવહે પસત્થજ્ઝાણેવગએ સુહં સુદંણં વિહરઈ.

હે પૂજ્ય ! કાયોત્સર્ગથી જીવ શું પામે છે ?

કાયોત્સર્ગથી ભૂત તથા વર્તમાનકાળના દોષોનું પ્રાયશ્ચિત કરી વિશુધ્ધ બને છે. અને ભારવાહક જેમ ભારથી રહિત થઈ શાંતિપૂર્વક વિચરે છે તેમ તેવો જીવ ચિંતા રહિત થઈ પ્રશસ્ત ધ્યાનમાં સુખપૂર્વક વિચરે છે.

૧૩. પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પચ્ચક્ખાણેણં આસવદારાઈ નિરૂંભઈ, પચ્ચક્ખાણેણં ઈચ્છા નિરોહં જણયઈ, ઇચ્છાનિરોહં ગએણં જીવે સવ્વ દવ્વેસુ વિણીયતણહેસીઈભૂએ વિહરઈ

પચ્ચક્ખાણથી જીવ શું પામે છે ? પ્રત્યાખ્યાનથી નવાં પાપો રોકી ઈચ્છાનો નિરોધ કરે છે અને ઈચ્છાનો નિરોધ કરવાથી સર્વ પદાર્થોમાં તે તૃષ્ણા રહિત બની પરમ શાંતિ ઝીલી શકે છે. પરમ શાંત થઇને વિચરે છે.

૧૪. થયથુઈ મંગલેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

થયથુઈ મંગલેણં નાણ-દંસણ-ચરિત્ત બોહિલાભં જણયઈ, નાણ-દંસણ-ચરિત્ત બોહિલાભ સંપણ્ણે ય ણં જીવે અંતકિરિયં કપ્પવિમાણોવવત્તિયં આરાહણં આરાહેઈ.

હે પૂજ્ય ! સ્તવ સ્તુતિમંગળથી જીવ શું પામે છે ?

સ્તવ સ્તુતિ મંગળથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ બોધિલાભને મેળવે છે અને તે બોધિલાભને મેળવી દેહાંતે મોક્ષ પામે છે અથવા ઉચ્ચ વૈમાનિક દેવગતિને પ્રાપ્ત કરે છે. કલ્પવિમાનોમાં ઉત્પન્ન થાય છે.

૧૫. કાલ પડિલેહણાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કાલ પડિલેહણાએણં નાણાવરણિજ્જં કમ્મં ખવેઈ.

હે પૂજ્ય ! સ્વાધ્યાયાદિ કાળના પ્રતિલેખનથી જીવ શું પામે છે ?

તેવા પ્રતિલેખનથી જીવાત્મા જ્ઞાનાવરણીય કર્મને દૂર કરે છે, ખપાવે છે.

૧૬. પાયચ્છિત્તકરણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પાયચ્છિતકરણેણં પાવકંમ્મં વિસોહિં જણયઈ, નિરઈયારે યાવે ભવઈ સમ્મંચ ણં પાયચ્છિત્તં પડિવજ્જમાણે મગ્ગં ચ મગ્ગફલં ચ વિસોહેઈ આયારં ચ આચારફલં ચ આરાહેઈ.

હે પૂજ્ય ! જીવ પ્રાયશ્ચિત કરવાથી શું પામે છે ?

પ્રાયશ્ચિત કરવાથી પાપની વિશુધ્ધિ કરે છે અને વ્રતના અતિચારો-દોષો રહિત થાય છે. અને શુધ્ધ મનથી પ્રાયશ્ચિત ગ્રહણ કરીને કલ્યાણના માર્ગ અને તેના ફળની વિશુધ્ધિ કરે છે અને તે ક્રમથી ચારિત્ર અને તેના ફળ-મોક્ષને આરાધી શકે છે.

૧૭. ખમાવણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ખમાવણયાએણં પલ્લાણભાવં જણયઈ, પલ્લાણ

ભાવમુવગએણંય સવ્વ પાણ ભૂત જીવ સત્ત સુમિતીભાવ મુપ્પાએઈ, મિત્તીભાવ મુયગએ યતિ જીવે ભાવવિસોહિં કાઉણ નિભ્ભએ ભવઈ.

હે પૂજ્ય ! ક્ષમાથી જીવ શું પામે છે ?

ક્ષમાથી ચિત્તમાં આહ્‌લાદ થાય છે અને તેવો પ્રશાંત આહ્‌લાદ ચિત્તવાળો જીવ જગતનાં સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વ એ ચારે પ્રકારના જીવોમાં મિત્રભાવ ઉત્પન્ન કરી શકે છે અને મૈત્રીભાવને પામી પોતાના ભાવની વિશુધ્ધિ કરી આખરે નિર્ભય બને છે. અન્યના દોષો અને ભૂલો ગળી જવાથી ચિત્ત પ્રસન્ન રહે છે અને એ સતત ચિત્ત પ્રસન્નતાથી વિશુધ્ધ પ્રેમ સર્વ જીવો પ્રત્યે પ્રગટે છે, ને કોઇને ભય પમાડતો નથી તેથી જ નિર્ભય બને છે.

૧૮. સજ્ઝાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સજ્ઝાએણં નાણાવરણિજ્જં કમ્મં ખવેઈ.

હે પૂજ્ય ! સ્વાધ્યાયથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

સ્વાધ્યાયથી જ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે.

૧૯. વાયણાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વાયણાએણં નિજ્જરં જણયઈ, સુયસ્સ અણુસજ્જણાએ અણાસાયણાએ વટ્ટઈ, અણુસજ્જણાએ અણાસાયણાએ વટ્ટમાણે તિત્થધમ્મં અવલંબઈ, તિત્થધમ્મં અવલંબમાણે મહા નિજ્જરે મહપજ્જવસાણોભવઈ

હે પૂજ્ય ! વાચનથી જીવ શું પ્રાપ્ત કરી શકે છે ?

વાચનથી કર્મની નિર્જરા થાય છે અને સૂત્રપ્રેમ થવાથી જ્ઞાનમાં વૃધ્ધિ થાય છે. અને તેવા સૂત્રપ્રેમથી તીર્થંકરોના ધર્મનું અવલંબન મળે છે. અને તે સત્ય ધર્મના અવલંબન વડે કર્મની મહા નિર્જરા કરી નિષ્કર્મી બને છે.વાચનમાં સ્વવાચન અને અધ્યયન એ બન્નેનો સમાવેશ થાય છે.

૨૦. પડિપુચ્છણાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પડિપુચ્છણાએણં સુત્તત્થંત્તદુભયાઈ વિસોદેઈ, કંખા મોહણિજ્જં કમ્મં વોચ્છિદઈ.

હે પૂજ્ય ! શાસ્ત્રચર્ચાથી જીવ શું મેળવે છે ?

શાસ્ત્રચર્ચાથી મહાપુરૂષોનાં સૂત્રો અને તેનું રહસ્ય તે બન્નેને શોધી શકે છે, વિશુધ્ધ કરે છે અને તેથી કાંક્ષા મોહનીય કર્મ (મતિ વિપર્યાસ)ને છેદી નાખે છે.

૨૧. પરિયટ્ટણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પરિયટ્ટણયાએણં વંજણાઈ જણયઈ, વંજણ લધ્ધિં ચ ઉપ્પાએઈ.

હે પૂજ્ય ! સૂત્ર પરિવર્તનથી જીવ શું મેળવે છે ?

વારંવાર અભ્યાસને ફેરવવાથી વિસરેલા મૂળ અક્ષરો (વાતો)ને સંભારે છે અને તે જીવાત્મા અક્ષર લબ્ધિ પામે છે.

૨૨. અણુપ્પેહાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

અણુપ્પેહાએણં આઉય વજ્જાઓ સત્તકમ્મ પયડીઓ ઘણિય બંધણબધ્ધાઓ સિઢિલબંધણ બધ્ધાઓ પકરેઈ, દીહકાલ ઢિઈયાઓ હસ્સકાલ ઢિઈયાઓ પકરેઈ, નિવ્વાણુભાવાઓ મંદાણુભાવાઓ પકરેઈ, બહુયએસગાઓ અપ્પપએસગાઓ પકરેઈ, આઉય ચ ણં કમ્મં સિયા બંધઈ, સિયા ણો બંધઈ, અસાયાવેયણિજ્જં ચ ણં કમ્મ ણો ભુજ્જો ઉવચિણાઈ, અણાઈયં ચ ણં અણવયગ્ગં દીહમધ્ધં ચાઉરંત સંસાર કંતારં ખિપ્પામેવ વીઈવયઈ.

હે પૂજ્ય ! અનુપ્રેક્ષાથી જીવ શું પામે છે ?

અનુપ્રેક્ષાથી આયુષ્ય કર્મને છોડીને બાકીના સાત કર્મોના ગાઢ બંધનથી બંધાયેલી પ્રકૃતિઓને શિથિલ બંધનવાળી બનાવે છે. તે કર્મપ્રકૃત્તિ લાંબા કાળની સ્થિતિવાળી હોય તો ટૂંકા કાળની સ્થિતિવાળી બનાવે છે. તીવ્ર રસવાળી હોય તો તે મંદ રસવાળી

બનાવે છે. બહુ પ્રદેશોવાળી હોય તો અલ્પપ્રદેશવાળી બનાવે છે. કદાચ આયુષ્યકર્મ બંધાય અગર ન બંધાય. અસાતાવેદનીય કર્મ ન બંધાય અને જીવાત્મા અનાદિ અનંત અને દીર્ઘકાલિક એવા આ સંસારરૂપી અરણ્યને (જંગલને) જલ્દી ઓળંગી જાય છે.

૨૩. ધમ્મ કદાણેણં ભંતે ? જીવે કિં જણયઈ ?

ધમ્મ કદાએણં નિજ્જરં જણયઈ, ધમ્મ કદાએણં પવયણં પભાવેઈ, પવયણ પભાવેણં જીવે આગમિસ્સ ભદ્દતાએ કમ્મં નિખંધઈ.

હે પૂજ્ય ! ધર્મકથાથી જીવ શું પામે છે ?

ધર્મકથાથી નિર્જરા થાય છે. અને જિનેશ્વરોનાં પ્રવચનોની પ્રભાવના થાય છે એવા પ્રવચનોના પ્રભાવથી ભવિષ્યકાળમાં તે જીવ શુભકર્મ બાંધે છે.

૨૪. સુયસ્સ આરાહણાએ ણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સુયસ્સ આરાહયણાએણં અન્નાણં ખવઈ, ણ ય સંકિલિસ્સઈ.

હે પૂજ્ય ! સૂત્ર સિધ્ધાંતની આરાધનાથી જીવ શું પામે છે ?

સૂત્ર સિધ્ધાંતની આરાધનાથી અજ્ઞાન (ભાવ) દૂર થાય છે અને તેથી તે જીવ કોઈ સ્થાને કલેશ પામતો નથી.

૨૫. એગગ્ગમણ સન્નિવેસણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

એગગ્ગમણ સન્નિવેસણયાએણં ચિત નિરોદં કરેઈ.

હે પૂજ્ય ! મનની એકાગ્રતાથી જીવ શું પામે છે ?

મનની એકાગ્રતાથી તે જીવ ચિત્તનો નિરોધ કરે છે.

૨૬. સંજમેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સંજમેણં અણણ્હતં જણયઈ.

**હે પૂજ્ય ! સંયમથી જીવ શું પામે છે ?**

સંયમથી (આત્મરમણતારૂપસ્થિતિથી) અને આસ્રવપણું-પાપને આવવાના દ્વાર બંધ કરવારૂપ સ્થિતિને પામે છે.

૨૭. તવેણં ભંતે ! કિં જણયઈ ?

તવેણં વોઠણં જણયઈ.

હે પૂજ્ય ! તપથી જીવ શું પામે છે ?

શુદ્ધ તપશ્ચર્યા કરવાથી પૂર્વ કર્મોનો ક્ષય થાય છે.

૨૮. વોદાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વોદાએણં અકિરિયં જણયઈ, અકિરિએ ભવિત્તા તઓ પચ્છા સિજ્ઝઈ, બુજ્ઝઈ પરિનિવ્વાયંત્તિ સવ્વદુક્ખાણમંતં કરેઈ ।

હે પૂજ્ય ! સર્વકર્મના વિખરાવાથી સર્વ કર્મની નિવૃત્તિથી - જીવ શું પામે છે ?

કર્મ વિખરાયાથી જીવાત્મા સર્વ પ્રકારની ક્રિયાથી રહિત થાય છે અને ક્રિયા રહિત થયા બાદ સિધ્ધ, બુધ્ધ અને મુક્ત થઈ શાંત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

૨૯. સુહસાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સુહસાએણં અણુસ્સુયત્તં જણયઈ, અણસ્સુએણં જીવે અણુકંપએ, અણુબ્ભડે વિગયસોગે ચરિત્ત મોહણિજ્જ કમ્મં ખવેઈ.

હે પૂજ્ય ! ભોગજન્મ્ય સુખથી દૂર રહી સંતોષથી જીવનાર જીવ શું પામે છે ?

સંતોષથી અવ્યાકુળ-શાંત બને છે અને તેવો સ્થિતબુધ્ધિ જીવ હર્ષ, વિષાદ કે શોક રહિત થઈ ચારિત્રમોહનીય કર્મોને ખપાવે છે.

૩૦. અપ્પડિબધ્ધયાએણં ભંતે ! જીવ કિં જણયઈ ?

અપ્પડિબધ્ધયાએણં, નિસ્સંગતં જણયઈ, નિસ્સંગતેણં જીવે એ

ગે એ ગગ્ગચિત્તે દિયા ય રાઓ ય અસજ્જમાણે અપ્પડિબધ્ધ યા વિ વિહરઈ.

હે પૂજ્ય ! અપ્રતિબંધથી જીવ શું પામે છે ?

અપ્રતિબંધથી - અનાસક્તિથી - અસંગતાનું ફળ ઉત્પન્ન થાય છે. અસંગતાથી ચિત્તની એકાગ્રતા થવાથી જીવ રાત્રિ દિવસ કોઈપણ વસ્તુમાં ન બંધાતા એકાંત શાંતિ પામે છે અને અપ્રતિબંધપણે વિચરે છે.

૩૧. વિવિત્તસયણાસણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વિવિત્ત સયણા સયણયાએણં ચરિત્તગુત્તિં જણયઈ, ચરિત્ત ગુત્તેયણં જીવે વિવિત્તાહારે દઢ ચરિત્તે એગંતરએ મોક્ખભાવ પડ્વિણ્ણેય અટ્ઠવિહં કમ્મગંઠિ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! એકાંત સ્થાન, આસન અને શયનને ભોગવતાં જીવ શું પામે છે ?

તેવા એકાંત સ્થાનથી ચારિત્રનું રક્ષણ થાય છે અને શુધ્ધ ચારિત્રવાળો જીવ રસ આસક્તિ છોડી ચારિત્રમાં નિશ્ચલ થાય છે. આવી રીતે એકાંતમાં રક્ત મોક્ષભાવને પામેલ જીવાત્મા આઠે પ્રકારનાં કર્મોનાં બંધનથી મુક્ત થાય છે.

૩૨. વિણિયટ્ટણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વિણિયટ્ટણયાએણં અકરણયાએ અબ્ભુટ્ઠેઈ પુવ્વબધ્ધાણ યાનિજ્જરયાએ પાવં નિયત્તેઈ, તઓ પચ્છા ચાઉરંતં સંસાર કંતારં વીઈવયઈ

હે પૂજ્ય ! વિષય વિરક્તિથી જીવ શું પામે છે ?

વિષય વિરક્તિથી નવાં પાપ કર્મો થતાં અટકે છે અને પૂર્વે બંધાયેલા હોય છે તે ટળે છે ને ત્યારબાદ તે જીવ ચાર ગતિરૂપ સંસાર અટવીને ઓળંગી જાય છે.

૩૩. સંભોગ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સંભોગ પચ્ચક્ખાણેણં આલંબણાઈ ખવેઈ, નિરાલંબણસ્સ આયટ્ઠિપા જોગ ભવંતિ, સએણં લાભેણં સતુસ્સઈ, પરસ્સ લાંભ નો આસાએઈ, નો તક્કંઈ, નો પીહેઈ, નો પત્થેઈ, નો અભિલસઈ, પરસ્સ લાંભ અસાસાયમાણે અતક્કેમાણે અપીહિમાણે અપત્થેમાણે અણભિલસમાણે દુચ્ચં સુહસેજ્જં ઉપસંપજ્જિતાણં વિહરઈ.

હે પૂજ્ય ! સંભોગના પ્રત્યાખ્યાનથી જીવ શું પામે છે ?

સંભોગના પ્રત્યાખ્યાનથી પરાવલંબનનો ક્ષય કરે છે અને તે સ્વાવલંબી જીવાત્માના યોગો ઉત્તમ અર્થવાળા થાય છે. તે પોતાના જ લાભથી સંતોષ પામે છે. બીજાના લાભની આશા કરતો નથી. તેમ કલ્પના, સ્પૃહા, પ્રાર્થના કે અભિલાષા પણ કરતો નથી. તે આવી રીતે અસ્પૃહી-અનૂઅભિલાષી બની ઉત્તમ પ્રકારની સુખશય્યા-શાંતિ પામીને વિચરે છે.

નોટ : સંયમીઓનાં પારસ્પરિક વર્તનોને સંભોગ કહેવાય છે. આવા સંભોગથી વિરમવું અર્થાત્ સૌથી નિર્લેપ રહેવું.

૩૪. ઉવહિ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ઉવહિ પચ્ચક્ખાણેણં અપલિ મંથં જણયઈ, નિરૂવહિએણં જીવે નિક્કંખી ઉવહિ મંતરેણ ય ન ય સંકિલિસ્સઈ.

હે પૂજ્ય ! ઉપધિના પચ્ચક્ખાણથી જીવ શું પામે છે ?

ઉપધિના પ્રત્યાખ્યાનથી તે પદાર્થના લેવા, મૂકવા કે સાચવવાની ચિંતાથી મુક્ત થાય છે. અને ઉપધિ રહિત જીવ નિસ્પૃહી થઈ જાય છે. અને કલેશ પામતો નથી.

૩૫. આહાર પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

આહાર પચ્ચક્ખાણેણં જીવિયાસંસપ્પઓગં વોચ્ચિંછદઈ, જીવિયાસંસપ્પઓગ, વોચ્ચિંછદિતા જીવે આહારમંતરેણ ન સંકિલિસ્સઈ.

હે પૂજ્ય સર્વથા આહારના ત્યાગથી જીવ શું પામે છે ?

આહાર ત્યાગ કરવાની યોગ્યતાવાળો જીવ આહાર ત્યાગથી જીવનની લાલસાથી મુક્ત બને છે અને જીવનનો મોહ છેદવાથી તે જીવાત્મા આહાર વિના પણ ખેદ-કલેશ પામતો નથી.

૩૬. કસાય પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કસાય પચ્ચક્ખાણેણં વીયરાગભાવં જણયઈ, વીયરાગભાવ પડિવન્નેવિ ય ણં જીવે સમસુહદુક્ખે ભવઈ.

હે પૂજ્ય ! કષાયના ત્યાગથી જીવ શું પામે છે ?

કષાયના ત્યાગથી વીતરાગભાગ ઉત્પન્ન થાય છે અને વીતરાગભાવને પામેલા જીવને દુઃખ અને સુખ સમાન બને છે.

૩૭. જોગ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

જોગ પચ્ચક્ખાણેણં અજોગત્તં જણયઈ, અજોગીણં જીવે નવં કમ્મં ન બંધઈ, પુવ્વ બધ્ધં ચ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! યોગના ત્યાગથી જીવ શું પામે છે ?

યોગના ત્યાગથી જીવ અયોગી-મન, વચન, કાયાના વ્યાપાર રહિત થાય છે અને તેવો અયોગી જીવ ખરેખર કર્મ બાંધતો નથી અને પૂર્વે બાંધેલુ હોય તેને સર્વથા દૂર કરે છે.

૩૮. શરીર પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

શરીર પચ્ચક્ખાણેણં સિધ્ધાઈસય ગુણત્તેણં નિવ્વત્તેઈ, સિધ્ધાસય ગુણં સંપણેણં ય ણં જીવે લોગગ્ગભાવ મુવગએ પરમ સુહી ભવઈ

હે પૂજ્ય ! શરીરના ત્યાગથી જીવ શું પામે છે ?

શરીરના ત્યાગથી સિધ્ધના અતિશય-ઉચ્ચ-ગુણભાવને પામે છે અને સિધ્ધના અતિશય ગુણથી સંપન્ન થઈ તે જીવાત્મા લોકના અગ્રભાગમાં જઈ પરમ સુખ પામે છે અર્થાત્ સિધ્ધ થાય છે - મુક્ત થાય છે.

૩૯. સહાય પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સહાય પચ્ચક્ખાણેણં એગીભાવં જણયઈ, એગીભાવ ભૂએ વિયણં, જીવે એગગ્ગંભાવેમાણે અપ્પસદે અપ્પઝંઝે અપ્પકલહે અપ્પકષાયે અપ્પ તુમં તુમે સંજમ બહુલે સંવર બહુલે સમાહિએ યાવિ ભવઈ.

હે પૂજ્ય ! સહાયકના ત્યાગથી જીવ શું પામે છે ?

સહાયકના પ્રત્યાખ્યાનથી એકત્વ ભાવને પામે છે અને એકત્વ ભાવને પામેલો જીવ અલ્પકષાયી, અલ્પકલેષી અને અલ્પભાષી થઈ સંયમ સંવર અને સમાધિમાં વધુ દઢ થાય છે.

૪૦. ભત્ત પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ભત્ત પચ્ચક્ખાણેણં અણેગાઈ ભવ સયાઈ નિરૂંભઈ.

હે પૂજ્ય ! આહાર ત્યાગની તપશ્ચર્યા કરનાર જીવ શું પામે છે ?

તેવા અણસણથી સેકંડો ભવોને કાપી નાખે છે. અલ્પસંસારી બને છે.

૪૧. સબ્ભાવ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સબ્ભાવ પચ્ચક્ખાણેણં અણિયટ્ટિ જણયઈ, અણિયટ્ટિ પડિવણ્ણે ય અણગારે ચત્તારિ કેવલિ કમ્મંસે ખવેઈ તંજહા વેયણીજ્જં આઉયં નામં ગોયં, તઓ પચ્છાસિજ્ઝઈ, બુઝ્ઝઈ, મુચ્ચઈ, પરિનિવ્વાયઈ સવ્વ દુક્ખાણમંતં કરેઈ.

હે પૂજ્ય ! ત્યાગથી જીવ શું પામે છે ?

વૃત્તિમાત્રના ત્યાગથી અનિવૃત્તિકરણ પામે છે. અનિવૃત્તિને પામેલા સાધક કેવળી થઈ બાકી રહેલા ચારે કર્માંશોને (આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીયને) ખપાવે છે. અને પછી સિધ્ધ, બુધ્ધ અને મુક્ત થઈ શાંત ભાવને પામે છે એટલે કે સર્વ દુઃખોનો અંત થઈ જાય છે.

૪૨. પડિરૂવયાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પડિરૂવયાણેણં લાઘવિયં, જણયઈ, લહું ભૂએણં જીવે અપ્પમત્તે પણ્ડલિંગે પસત્થલિંગે વિશુધ્ધ સમ્મત્તે સત્ત સમિઈત્તે સમત્તે સવ્વપાણ ભૂય જીવ સત્તેસુ વીસણિજ્જે રૂવે અપ્પડિલેહે જિઇંદિએ વિપુલ તવ સમિઈ સમણ્ણાગએ યાવિ ભવઈ.

હે પૂજ્ય ! પ્રતિરૂપતા (આંતર અને બાહ્ય ઉપાધિ રહિત દશા) વડે જીવ શું પામે છે ?

પ્રતિરૂપતાથી મન-વચન-કાયાની એકતાથી-લઘુપણા-નમ્રતાને પામે છે. અને તેવો જીવ અપ્રમત્તપણે પ્રશસ્ત અને પ્રકટ ચિહ્નોને ધારણ કરે છે ને તેવો નિર્મળ સમ્યક્ત્વી અને સમિતિ સહિત બને છે તથા સર્વ જીવોને વિશ્વાસરૂપ જિતેન્દ્રિય અને વિપુલ તપશ્ચર્યાથી યુક્ત પણ થાય છે.

૪૩. વેયાવચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વેયાવચ્ચેણં તિત્થયરનામ ગોયં કમ્મં નિબંધઈ.

હે પૂજ્ય ! સેવાથી જીવ શું પામે છે ? (વૈયાવચ્ચથી જીવ શું પામે છે ?)

સેવાથી જીવાત્મા તીર્થંકર નામ ગોત્ર બાંધે છે.

૪૪. સવ્વગુણ સંપન્નયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સવ્વગુણ સંપન્નયાએણં અપુણરાપત્તિ જણયઈ, અપુણરાવત્તિપત્તએણં જીવે સારીર માણસાણં દુક્ખાણં નો ભાગી ભવઈ.

હે પૂજ્ય ! સર્વગુણ પ્રાપ્ત કરવાથી જીવ શું પામે છે ?

જ્ઞાનાદિ સર્વગુણોની પ્રાપ્તિ થયા પછી સંસારમાં આવવું પડતું નથી; અને સંસારમાં ન આવવાથી તે જીવાત્મા શારીરિક અને માનસિક દુઃખોથી મુક્ત થાય છે.

૪૫. વીયરાગયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વીયરાગયાએણં ણેહાણુબંધણાણી તણ્હાણુ બંધણિમય વો ચ્છિંદઈ, મણુણ્ણા મણુણ્ણેસુ સદ્દકરિસરસ, રૂવ, ગંધેસુ વિરજ્જઈ.

હે પૂજ્ય ! વીતરાગપણાથી જીવ શું પામે છે ?

તેવી નિરાસક્તિથી સ્નેહનાં બંધનોને તે જીવ છેદી નાખે છે તથા મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ઇત્યાદિ વિષયોમાં વૈરાગ્ય પામે છે. (વિરક્તપણાને પામે છે.)

૪૬. ખંતીએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ખંતીએણં પરિસહે જિણેઈ

હે પૂજ્ય ! ક્ષમાથી જીવ શું પામે છે ?

ક્ષમાથી વિકટ પરિષહો ઉપર જીવ વિજય મેળવે છે.

૪૭. મુત્તીએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

મુત્તીએણં અકિંચણં જણયઈ, અકિંચ હોય જીવે અત્થ લોલાણં પુરિસાણં અપત્થણિજ્જે ભવઈ.

હે પૂજ્ય ! નિર્લોભતાથી જીવ શું પામે છે ?

નિર્લોભતાથી જીવ અપરિગ્રહી બને છે અને અપરિગ્રહી બનીને ધનલોલુપી પુરૂષોના કષ્ટો - પરાધીનતાઓથી બચી જાય છે, અર્થાત્ નિરાકુળ બને છે.

૪૮. અજ્જવયાણં ભંતે ! જીવે કિં જણયઈ ?

અજ્જવયાણં કાઉજ્જુયયં ભાવુજ્જુયમં ભાસુજ્જુયયં અવિસંવાયણં જણયઈ અવિસંવાયણ સંપણ્ણયાએણં જીવે ધમ્મસ્સ આરાહએ ભવઈ.

૪૮. હે પૂજ્ય ! નિષ્કપટતાથી જીવ શું પામે છે ?

નિષ્કપટતાથી મન, વચન અને કાયાથી સરળતા અને સુંદરતા

પ્રાપ્ત કરે છે. અને કોઈની સાથે ઠગાઈ કે પ્રવંચના કરતો નથી. તેવો જીવાત્મા ધર્મનો આરાધક બને છે.

૪૯. મદ્દુવયાણં ભંતે ! જીવે કિં જણયઈ ?

મદ્દ્ વયાએણં અણુંસ્સિયત્તં જણયઈ, અણુસ્સિયત્તેણં જીવે મિઉમદવ સંપણણે અટ્ઠમયઠાણાઈં નિટ્ઠાવેઈ.

૪૯. હે પૂજ્ય ! મૃદુતાથી જીવ શું પામે છે ?

મૃદુતાથી જીવ અભિમાન રહિત થાય છે અને કોમળ મૃદુતાને પ્રાપ્ત કરી આઠ પ્રકારના મદ (જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય) કરતો નથી. તેનો નાશ કરી નાખે છે.

૫૦. ભાવ સચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ભાવ સચ્ચેણં ભાવ વિસોહી જણયઈ, ભાવ વિસોહીએ વટ્ટયાણે જીવે અરિહંતપણ્ણત્તસ્સ ધમ્મસ્સ આરાહણયાએ અબ્ભુટ્ઠેઈ અરિહંત પણ્ણત્તસ્સ ધમ્મસ્સ અબ્ભુ ટ્ઠિત્તા પરલોગ ધમ્મસ આરાહએ ભવઈ.

હે પૂજ્ય ! ભાવ સત્યથી (શુધ્ધ અંતઃકરણથી) જીવ શું પામે છે ?

ભાવ સત્યથી હૃદયવિશુધ્ધિ ઉત્પન્ન થાય છે અને વિશુધ્ધ અંતઃકરણવાળો જીવ જ અર્હંતપ્રભુના બતાવેલા ધર્મની આરાધના કરી શકે છે અને તે ધર્મની આરાધનામાં ઉદ્યમી થઈ પરલોકમાં પણ ધર્મનો આરાધક બને છે.

૫૧. કરણસચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કરણસચ્ચેણં કરણસત્તિં જણયઈ, કરણ સચ્ચે વટ્ટમાણે જીવે જહાવાઈ તહાકારી યાવિ ભવઈ.

હે પૂજ્ય ! કરણ સત્યથી જીવ શું પામે છે ?

કરણ સત્ય-સત્ય પ્રવૃત્તિ કરવાથી સત્ય ક્રિયા કરવાની શક્તિ

જન્મે છે. અને સત્ય પ્રવૃત્તિમાં રહેલો જીવ જેવું બોલે છે તેવું જ કરે છે.

૫૨. જોગ સચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

જોગ સચ્ચેણં જોગં વિસોહેઈ.

હે પૂજ્ય ! યોગસત્યથી જીવ શું પામે છે ?

સત્ય યોગોથી યોગોની વિશુધ્ધિ થાય છે.

૫૩. મણુગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

મણુગુત્તયાએણં જીવે એગગ્ગં જણયઈ, એગગ્ગં ચિત્તેણં જીવે મણગુત્તે સંજમાસહએ ભવઈ.

હે પૂજ્ય ! મનગુપ્તિથી જીવ શું પામે છે ?

મનના સંયમથી એકાગ્રતા-માનસિક લબ્ધિ-સંપન્ન થાય છે અને એકાગ્ર ચિત્તવાળો જીવ સંયમનો આરાધક બને છે.

૫૪. વયગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વયગુત્તયાએણં નિવ્વિયારત્તં જણયઈ, નિવ્વિયારેણ જીવે વય ગુત્તે અજઝપ્પજોગ સાહણ જુત્તે યાવિ ભવઈ

હે પૂજ્ય ! વચનસંયમથી જીવ શું પામે છે ?

વચન સંયમથી તે વિકાર રહિત બને છે અને નિર્વિકાર જીવ આધ્યાત્મિક યોગસાધનોથી મુક્ત થઈ વિચરે છે.

૫૫. કાયગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કાયગુત્તયાએણં સંવર જણયઈ સંવરેણં કાયગુત્તે પુણો પાવાસવ નિરોહં કરેઈ.

હે પૂજ્ય ! કાયાના સંયમથી જીવ શું પામે છે ?

કાયાના સંયમથી સંવર-પાપોને આવતા રોકવા અને તેમાંથી કાય-લબ્ધિ ઉત્પન્ન થાય છે અને સંવરથી જીવ નવા પાપપ્રવાહનો નિરોધ કરે છે.

૫૬. મણ સમાહારણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

મણ સમાહારણયાએણં એગગ્ગં જણયઈ, એગગ્ગં જણઈત્તા નાણપજ્જવે જણયઈ, નાણ પજ્જવે જણઈત્તા સમ્મતં વિસોહેઈ મિચ્છતં ચ નિજ્જરે ઈ.

હે પૂજ્ય ! મનને સત્યમાર્ગમાં (સમાધિમાર્ગમાં) સ્થાપવાથી જીવ શું પામે છે ?

મનને સત્યમાર્ગમાં સ્થાપવાથી એકાગ્રતા ઉત્પન્ન થાય છે અને એકાગ્રતા ઉત્પન્ન કરીને જીવ જ્ઞાનના પર્યાયોને ઉત્પન્ન કરે છે અને જ્ઞાનના પર્યાયોને ઉત્પન્ન કરીને સમ્યકૃત્વની શુધ્ધિ કરે છે અને મિથ્યાત્વને દૂર કરે છે.

૫૭. વય સમાહારણાયએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

વય સમાહારણાયએણં વય સાહારણ દંસણ પજ્જવે વિસોહેઈ, દંસણ પજ્જવે વિસોહિતા સુલહુબોહિયત્તં નિવ્વત્તેઈ, દુલ્લહ બોહિયત્તં નિજ્જરેઈ.

હે પૂજ્ય ! વચનને સત્યમાર્ગમાં સ્થાપવાથી જીવ શું પામે છે ?

વચનને સત્યમાર્ગમાં સ્થાપવાથી સમ્યકત્વના પર્યાયોને નિર્મળ કરે છે. અને સમ્યકદર્શનના પર્યાયોને વિશુધ્ધ કરીને સુલભ બોધિત્વ પામે છે. તેમજ દુર્લભ બોધિત્વથી નિવૃત્ત થાય છે.

૫૮. કાય સમાહારણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કાય સમાહારણયાએણં ચરિત્ત પજ્જવે વિસોહેઈ, ચરિત્ત પજ્જવે વિસોહિત્તા અહક્ખાય ચરિત્ત વિસોહેઈ, અહક્ખાય ચરિત્તં વિસોહિત્તા ચત્તારિ કેવલિ કમ્મંસે ખવેઈ, તઓ પચ્છા સિજ્ઝઈ, બુજ્ઝઈ, મુચ્ચઈ, પરિનિવ્વાયઈ સવ્વ દુકખાણમંતં કરેઈ.

હે પૂજ્ય ! કાયાને સંયમમાં સ્થાપવાથી જીવ શું પામે છે ?

કાયાને સત્યભાવે સંયમમાં સ્થાપવાથી ચારિત્રના પર્યાયો નિર્મળ

થાય છે અને ચારિત્રના પર્યાયોને નિર્મળ કરીને અનુક્રમે યથાખ્યાત ચારિત્રની સાધના કરે છે. યથાખ્યાત ચારિત્રની વિશુધ્ધિ કરીને ચાર અઘાતિ કર્મના અંશોને ખપાવે છે અને ત્યારબાદ તે જીવ સિધ્ધ, બુધ્ધ, મુક્ત અને શાંત થઈ સર્વ દુઃખોનો અંત કરે છે.

૫૯. નાણ સંપણ્ણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

નાણ સંપણ્ણયાએણં જીવે સવ્વભાવાહિગમં જણયંઈ, નાણસંપણ્ણેણં જીવે ચાઉરંત્તે સંસાર કંતાર ન વિણિસ્સઈ, જહા સુઈ સસુત્તા. પડિયા વિન વિણસ્સઈ. તહા જીવે સસુત્તે સંસારે ન વિણસ્સઈ. નાણ વિણય નવ ચરિત્ત જોગે સંપાઉણઈ, સસમય પરસમય વિસારએય અસંધાયણિજ્જે ભવઈ.

હે પૂજ્ય ! જ્ઞાનસંપન્નતાથી જીવ શું પામે છે ?

જ્ઞાનસંપન્ન જીવ સર્વ પદાર્થોના યથાર્થ ભાવને જાણી શકે છે. અને તે ચતુર્ગતિરૂપ સંસાર અટવીમાં ભટકતો નથી. જેમ દોરાવાળી સોય ખોવાતી નથી, તેમ જ્ઞાની જીવ સંસારમાં ભૂલો પડતો નથી અને જ્ઞાન-દર્શન ચારિત્ર, તપ અને વિનયના યોગોને પ્રાપ્ત કરે છે. તેમજ પોતાનું દર્શન અને પરના દર્શનને બરાબર જાણીને અસત્ય માર્ગમાં ફસાતો નથી. અયોગ્ય વાતોમાં ફસાતો નથી.

૬૦. દંસણ સંપણ્મયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

દંસણ સંપણ્ણયાએણં ભવમિચ્છત્તં છેયણં કરેઈ પરં નવિજ્ઝયઈ પરં અવિજ્ઝાએમાણે અણુત્તરેણ નાણં દંસણેણં અખાણં સંજોએમાણે સમ્મં ભાવે માણે વિહરઈ.

હે પૂજ્ય ! દર્શન સંપન્નતાથી જીવ શું પામે છે ?

સમકિતી જીવ સંસારના મૂળરૂપ અજ્ઞાનનું છેદન કરે છે. તેના જ્ઞાનનો પ્રકાશ ઓલવાતો નથી અને તે પ્રકાશતા શ્રેષ્ઠ જ્ઞાન તથા દર્શનથી પોતાના આત્માને સંયોજીને સમ્યક્ ભાવના ભાવતા વિચરે છે.

૬૧. ચરિત્ત સંપણ્ણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ચરિત્તં સંપણ્ણયાએણં સેલેસીભાવં જણયઈ, સેલેસિં પડિવણ્ણેય અણગારે ચત્તારિ કેવલિ કમ્મંસ ખવેઈ, તઓ પચ્છા સિજ્ઝઈ, બુજ્ઝઈ, મુચ્ચંઈ, પરિનિવ્વાયઈ સવ્વ દુક્ખાણ મંતં કરેઈ.

હે પૂજ્ય ! ચારિત્ર સંપન્નતાથી જીવ શું પામે છે ?

ચારિત્રસંપન્નતાથી શૈલેશી-મેરૂ જેવા નિશ્ચળ-ભાવને ઉત્પન્ન કરે છે અને તેવા નિશ્ચળ ભાવને પામેલો અણગાર બાકી રહેલાં ચાર કર્મોને ખપાવે છે અને ત્યારબાદ સિધ્ધ, બુધ્ધ, મુક્ત અને શાંત થઈ સર્વ દુઃખોનો અંત કરે છે.

૬૨. સોઈંદિય નિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

સોઈંદિય નિગ્ગહેણં મણુણ્ણામણેસુ સદ્દેસુ રાગદોસ નિગ્ગહં જણયઈ. તપ્પચ્ચઈયં ચ ણં કમ્મં ન બંધઈ પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ.

હે પૂજ્ય શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવ શું પામે છે ?

શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી સુંદર કે અસુંદર શબ્દોમાં રાગદ્વેષ રહિતપણે વર્તે છે. અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો બાંધતો નથી અને પૂર્વે જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

૬૩. ચક્ખિંદિય નિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ચક્ખિંદિય નિગ્ગહેણં મણુણ્ણામણેસુ રૂવેસુ રાગ દોસ નિગ્ગહં જણયઈ, તવ્વચ્ચઈયં ચ ણં કમ્મં ન બંધઈ પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! ચક્ષુઈન્દ્રિયના સંયમથી જીવ શું પામે છે ?

આંખના સંયમથી સુંદર કે અસુંદર રૂપોમાં-દશ્યોમાં રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મોને બાંધતો નથી અને પૂર્વે જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

૬૪. ઘાણિંદિય નિગ્ગદેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ઘધાણિંદિય નિગ્ગદેણં મણુણ્ણા મણેસુ, ગંધેસુ, રાગદોસ નિગ્ગહં

જણયઈ, તપ્પચ્ચંઈયં ચ ણં કમ્મં ન બંધઈ, પુવ્વ બધ્ધં ચ નિજ્જરેઈ

૬૪. હે પૂજ્ય ! ઘ્રાણેન્દ્રિયના નિગ્રહથી જીવ શું મેળવે છે ?

નાક (ઘ્રાણેન્દ્રિય)ના સંયમથી સુવાસિત કે દુર્ગંધિત પદાર્થોમાં રાગદ્વેષ રહિત થાય છે. તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મોને બાંધતો નથી અને પૂર્વે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

૬૫. જિબ્ભિદિય નિગ્ગદેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

જિબ્ભિદિય નિગ્ગહેણં મણુણ્ણામણેસુ રસેસુ રાગદોસ નિગ્ગહં જણયઈ, તપ્પચ્ચઈયં ચ ણં કમ્મં ન બંધઈ, પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ

હે પૂજ્ય ! જિહ્વેન્દ્રિયના નિગ્રહથી જીવ શું મેળવે છે ?

જીભના સંયમથી સુંદર કે અસુંદર રસોમાં રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો બાંધતો નથી અને પૂર્વે જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

૬૬. ફાસિંદિય નિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

ફાસિંદિય નિગ્ગહેણં મણુણ્ણા મણેસુ ફાસેસુ રાગદોસ નિગ્ગહં જણયઈ, તપ્પચ્ચંઈયં ચ ણં કમ્મં ન બંધઈ, પુવ્વબંધ્ધં ચ નિજ્જરેઈ

હે પૂજ્ય ! સ્પર્શેન્દ્રિયના સંયમથી જીવ શું પામે છે ?

સ્પર્શેન્દ્રિયના સંયમથી સુંદર કે અસુંદર સ્પર્શોમાં રાગદ્વેષ રહિત થાય છે અને તેથી રાગદ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો બાંધતો નથી અને પૂર્વે જે કર્મો બાંધેલા છે તેનો ક્ષય કરે છે.

૬૭. કોહ વિજયેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

કોહ વિજયેણં ખંતિ જણયઈ, કોહ વેયણિ જ્જં કમ્મં ન બંધઈ, પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! ક્રોધના વિજયથી જીવ શું પામે છે ?

ક્રોધ વિજયથી જીવ ક્ષમાના ગુણને પ્રગટાવે છે. ક્રોધથી

ઉત્પન્ન થતાં કર્મોને બાંધતો નથી અને પહેલાં બાંધ્યા હોય તેને ખપાવે છે.

૬૮. માણ વિજયેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

માણ વિજયેણં મદવં જણયઈ, માણવેયણિજ્જં કમ્મં ન બંધઈ પુવ્વબધ્ધંચ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! માનના વિજયથી જીવ શું પામે છે ?

માનના વિજયથી મૃદુતાના અપૂર્વ ગુણને પ્રગટાવે છે. અને માનજન્ય કર્મો બાંધતો નથી અને પૂર્વે જે બાંધ્યા છે તેને ખપાવે છે.

૬૯. માયા વિજયેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

માયા વિજયેણં ભંતે અજ્જવં જણયઈ, માયા વેયણિજ્જં કમ્મં ન બંધઈ, પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ.

હે પૂજ્ય ! માયાના વિજયથી જીવ શું પામે છે ?

માયાના વિજયથી સરળ ભાવપણું પામે છે. અને માયાથી વેદવાં પડતાં કર્મો બાંધતો નથી અને પૂર્વે બંધાયા હોય તો તેને દૂર કરે છે.

૭૦. લોભ વિજયેણં ભંતે ! જીવે કિં જણયઈ ?

લોભ વિજયેણં સંતોસં જણયઈ, લોભ વેયણિજ્જં કમ્મં ન બંધઈ, પુવ્વબધ્ધં ચ નિજ્જરેઈ,

હે પૂજ્ય ! લોભના વિજયથી જીવ શું પામે છે ?

લોભના વિજયથી સંતોષરૂપી અમૃતને મેળવે છે. લોભજન્ય કર્મને બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં છે તેને વિખેરે છે.

૭૧. પિજ્જદોસ મિચ્છાદંસણ વિજએણં ભંતે ! જીવે કિં જણયઈ ?

પિજ્જદોસ મિચ્છાદંસણ વિજયેણં નાણ દંસણ ચરિત્તાઆરાહણાયાએ અબ્ભુટ્ઠેઈ, અટ્ઠવિહસ્સ કમ્મસ્સ કમ્મગંઠિ

વિમોયણયાએ, તપ્પઢમયાએ જહાણુ પુવ્વિ અઠ્ઠવીસઈ વિહં મોહણિજ્જં કમ્મં ઉગ્ધાએઈ પંચવિહં નાણાવરણિજ્જં, નવવિહં દંસણાવચમણિજ્જ, પંચ વિહં અંતરાયં એ એ તિણ્ણિ વિ કમ્મસે જુગવં ખવેઈ, તઓ પચ્છા અણુત્તરં અણંત્ત કસિણં પડિપુણ્ણં નિરપ્પરણં વિત્તિમિરં વિસુધ્ધં લોગા લોગપ્પભાવં કેવણવરણાણ દંસણ સમુપ્પાદેઈ જાવ સજોગી ભવઈ તાપ ઈરિયાવહિયં કમ્મં નિબંધઈ, સુહ ફરિસં દુસમયં કિઈયં તંજહા-પઢમસમએબધ્ધં, બિઈસમએ વેઈયં, તઈવ સમએ નિજ્જિજ્ણ્ણં, તં બધ્ધં ખુટ્ઠં ઉદીરિયં વેઈયં નિજ્જિણ્ણં સેયાલે અકમ્મં યા વિ ભવઈ.

હે પૂજ્ય ! રાગદ્વેષ અને મિથ્યાદર્શનના વિજયથી જીવ શું પામે છે ? રાગદ્વેષ અને મિથ્યાદર્શનના વિજયથી પ્રથમ તો જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં તે જીવાત્મા ઉદ્યમી બને છે. અને પછી આઠ પ્રકારનાં કર્મોની ગાંઠથી મુકાવા માટે ક્રમપૂર્વક અઠ્ઠાંવીસ પ્રકારના મોહનીયકર્મની પ્રકૃતિનો ક્ષય કરે છે. અને ત્યારબાદ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મ, નવ પ્રકારના દર્શનાવરણીય કર્મ અને પાંચ પ્રકારનાં અંતરાય કર્મ એ ત્રણે કર્મો એકી સાથે ખપાવે છે. અને ત્યારબાદ શ્રેષ્ઠ, સંપૂર્ણ, આવરણ રહિત, અંધકાર રહિત, વિશુધ્ધ અને લોકોલોકમાં પ્રકાશિત એવા કેવળજ્ઞાન તથા કેવળદર્શનને પામે છે. કેવળજ્ઞાન થયા પછી જ્યાં સુધી સયોગી હોય છે ત્યાં સુધી ઈર્યાપથિક કર્મ બાંધે છે. તે કર્મનો સ્પર્શ માત્ર બે સમયની સ્થિતિવાળો અને સુખકર હોય છે. તે કર્મ પહેલે સમયે બંધાય છે. બીજે સમયે વેદાય છે અને ત્રીજે સમયે નષ્ટ થાય છે. પહેલે સમયે તે કર્મ બંધાયુ, બીજે સમયે વેદાયું અને ત્રીજે સમયે છેવટે નષ્ટ થયું એટલે ચોથે સમયે તો તે જીવાત્મા કર્મરહિત થાય છે.

૭૨. અહાઉયં પાલઈત્તા અંતો મુહુત્તધ્ધાવસેસાએ જોગનિરોહં કરેમાણે સુહુમં કિરિયં અપ્પડાડિવાઈ સુક્કજઝાણ ઝાયમાણે તપ્પઢમયાએ મણજોગં નિરૂંભઈ, વયજોગં નિરૂંભઈ, કાયજોગં નિરૂંભઈ આણપાણ

નિરોહં કરેઈ ઈસિ પંચ રહસ્સકખ રૂચ્ચારણઠાએ, ય ણં અણગારે સમુચ્છિન્ન કિરિયં અણિયટ્ટિ સુક્કજઝાણં ઝિયાયમાણે, વેયણિજ્જં આઉયં નામં ગોયં ચ એ એ ચત્તારિ કમ્મં સે જુગવં ખવેઈ.

શૈલેષીકરણ : ત્યારબાદ તે કેવળી જેટલું આયુષ્ય હોય તેટલું પૂર્ણ કરીને આયુષ્યના અંતથી અંતર્મુહુર્ત - બે ઘડી - જેટલો કાળ બાકી રહે ત્યારે મન, વચન, કાયાના વ્યાપારનો રોધ કરી તે જીવ સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતિ (શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ છે) ચિંતવીને સૌથી પહેલાં મન યોગ રૂંધે, વચન યોગ રૂંધે, કાયાનો યોગ રૂંધે છે અને તે વ્યાપાર રૂંધીને શ્વાસોશ્વાસનો પણ નિરોધ કરે છે અને તે નિરોધ કર્યા પછી પાંચ હ્રસ્વ અક્ષરોનું ઉચ્ચારણ કરતાં જેટલો કાળ થાય તેટલો કાળ તેમાં રહીને તે અણગાર સમુચ્છિનક્રિયા ક્રિયારહિત અને અનિવૃત્તિ - અક્રિયાવૃત્તિ નામના શુક્લધ્યાનને ચિંતવતો તે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે કર્મોને એકી સાથે ખપાવે છે.

નોંધ : આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એમ ધ્યાનના ચાર ભેદો છે. શુક્લ ધ્યાનના પણ ચાર ભેદો છે. તેમાંના છેલ્લા બે કેવળી જીવાત્મા ચિંતવે છે.

૭૩. તઓ ઓરાલિયા તેવ કમ્માંઈ ચ સવ્વાહિ વિપ્પજહણાહિ, વિપ્પજહિતા, ઉજ્જુજસેઢિપત્તે અકુસમાણ ગઈ ઉઠ્ઠં એગ સમએણં અવિગ્ગહેણં તત્થ ગંતાસાગરોવઉત્તે સિજઝઈ, બુજઝઈ, મુચ્ચઈ, પરિનિવ્વાયઈ સવ્વ દુક્ખાણમંતં કરેઈ.

અકર્મતા : ત્યારબાદ ઔદારિક, તૈજસ, કાર્મણ એ સર્વ શરીરોને છોડીને સમ (ઋજુ) શ્રેણીને પ્રાપ્ત કરીને કોઈ સ્થળે રોકાયા વગર એક જ સમયમાં અવક્રગતિએ સિધ્ધસ્થાનને પામીને પોતાની મૂળ શરીરની અવગાહનાના ૨/૩ જેટલા આકાશ પ્રદેશ થાય તેથી યુક્ત થઈ સર્વ કર્મોનો અંત કરે છે, સીઝે છે, બુધ્ધ થાય છે, કર્મોથી મુક્ત થાય છે, શાંત થાય છે અને બધા દુઃખોનો અંત કરે છે.

૭૪. એસ ખલુ સમ્મતિ પરક્કમસ્સ અજઝયણસ્સ અટ્ઠે સમણેણં ભગવયા મહાવીરેણં આધવિએ પણ્ણવિએ પરૂવિએ દંસિએ પુરુવિએ નિદંસિએ । ।।તિ બેમિ ।।

(એસ)-એ (ખલુ) નિશ્ચયથી (સમ્મતિ પરક્કમસ્સ) સમ્યક્ પરાક્રમ (અજઝયણસ્સ) અધ્યયનના (અટ્ઠે) રહસ્યભાવને શ્રમણ ભગવાન મહાવીરે (આધધવિએ) સામાન્ય અને વિશેષરૂપે (પણ્ણવિએ) તેના હેતુ અને ફળ બતાવેલા છે (પરૂવિએ) સ્વરૂપનું વર્ણન કરેલ છે, (દંસિએ) અનેક ભેદો વડે સમજાવેલ છે. (ઉરૂવિએ) ઉપસંહાર વડે બતાવેલ છે. (નિદંસિએ) દષ્ટાંતો આપી સમજાવેલ છે તે પ્રમાણે હું તને કહું છું. (તિબેમિ)

સમક્તિ સ્થિતિ એ ચોથા ગુણસ્થાનકની સ્થિતિ છે. જીવાત્મા કર્મ, માયા કે પ્રકૃતિને આધીન રહે છે, ત્યારે પ્રથમથી માંડીને સાવ મુક્ત થતાં સુધીમાં તે ઘણી ઘણી ભૂમિકાઓથી પસાર થતો રહે છે. સંસારના ગાઢ બંધનથી માંડીને સાવ મુક્ત થતા સુધી કે અશુધ્ધ ચૈતન્યથી માંડીને સાવ શુધ્ધ ચૈતન્ય થાય ત્યાં સુધીની ભૂમિકાઓને જૈનદર્શન સંક્ષિપ્તથી ચૌદ પ્રકારમાં વિભક્ત કરે છે તેને જ ગુણસ્થાનક તરીકે ઓળખવામાં આવે છે.

આ ભૂમિકાઓ સ્થાન વિશેષ નહિ પણ આત્માની સ્થિતિ વિશેષ છે પહેલું સ્થાનક મિથ્યાદષ્ટિનું છે. બીજી અને ત્રીજી ભૂમિકા પણ અસ્થિર છે, તેથી ચોથીથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે એમ સમજવું જોઇએ અન્ય દર્શનોમાં આ સ્થિતિને આત્મસાક્ષાત્કાર તરીકે વર્ણવી છે. આ ભૂમિકામાં સંસાર પરિભ્રમણ કરાવવાના નિમિત્તરૂપ તીવ્ર કષાયો મંદ પડી જાય છે. એ આત્મપરિણામો જેટલાં વિશુધ્ધ, કૃત્રિમ, શુધ્ધ કે મિશ્ર હોય તે પ્રમાણમાં તે ક્ષાયિક, ઉપશમ અને ક્ષયોપશમ સ્થિતિ તરીકે કહેવાય છે. આઠમે ગુણસ્થાનકે પહોંચ્યા પછી આ ત્રણ પૈકી માત્ર બે શ્રેણીઓ રહે છે. જે ઉપશમ અને ક્ષપક શ્રેણિ કહેવાય છે.

ઉપશમ-કર્મોને ઉપશમાવનાર-શ્રેણિવાળા જીવનું આગળ વધ્યા પછી પણ પતન જ થાય છે કારણકે તે વિશુધ્ધિ સાચી નહિ પણ કૃત્રિમ હોય છે જેમ રાખથી ઢંકાયેલા અગ્નિ ન દેખાવા છતાં વાયુના સપાટાથી સ્પષ્ટ દેખાઈ રહે છે, તે જ પ્રકારે ઉપશમ શ્રેણિવાળો જીવાત્મા અગિયાર ગુણસ્થાન જેવી ઉચ્ચ ભૂમિકા પર પહોંચ્યા છતાં સૂક્ષ્મ-લોભનો ઉદય થતા પતિત થાય છે.

ક્ષપક-કર્મોનો ક્ષય કરનાર શ્રેણિવાળો જીવાત્મા દસમી ભૂમિકા પરથી અગિયારમીએ ન જતાં સીધો બારમી ભૂમિકા પર પહોંચે છે. આ સ્થિતિમાં તેનાં કષાયો ક્ષીણ થયા હોય છે અને તેથી તે તેરમા ગુણસ્થાનકે જઈ કેવળી થાય છે. આ વખતે આઠ કર્મો પૈકી ચાર કર્મોનાં નિસત્વ જેવાં આવરણ રહે છે. એને કેવળી જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી ભોગવતા રહે છે, પરંતુ તે કેવળી ભગવંત આસક્તિ રહિત હોઈને તે કર્મો તેમને બંધન કર્તા થતા નથી અને તુરત જ ખરી પડે છે. આ ક્રિયાને ઈર્યાપથિકી ક્રિયા કહે છે.

આયુષ્યકાળ પૂર્ણ થવાના સમયે શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ કે જેને સૂક્ષ્મક્રિયા-પ્રતિપાતી કહે છે તેને ચિંતવીને સૌથી પ્રથમ મનોયોગ, વચનયોગ અને કાયયોગ એમ ક્રમપૂર્વક રૂંધન કરી આખરે શ્વાસોશ્ચ્છવાસને રૂંધી તે જીવાત્મા સાવ નિષ્કંપ બને છે. આ શૈલેષી અવસ્થા કહેવાય છે. ત્યાં अ, ई, उ, ऋ અને ऌ એવાં પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલો સમય રહી આખરે શુક્લ ધ્યાનના ચોથા ભેદને સ્પર્શી બાકી રહેલાં ચારે કર્મોનો ક્ષય કરી પૂર્ણ આત્મસ્વરૂપી શુધ્ધ, બુધ્ધ અને મુક્ત થાય છે.

શુધ્ધ ચેતનની સ્વાભાવિક ઊર્ધ્વગતિ હોવાને લીધે તે ઊંચે અને ઊંચે જ્યાં સુધી ગતિસહાયક તત્ત્વ-ધર્માસ્તિકાય હોય છે, ત્યાં સુધી ઊંચે જઈ આખરે સ્થિર થાય છે. જે સ્થાને આત્મ-સ્થિરતા થાય છે, તે સ્થાન લોકના ટોચના અગ્ર ભાગ પર આવેલું છે. અને

તેને સિધ્ધગતિ તરીકે કહે છે. અંતિમ શરીર છોડતી વખતે તેનું પરિમાણ હોય તેમાં તો ૧/૩ પોલો હોય છે. તેટલો ભાગ નીકળી જઈ ૨/૩ ભાગમાં તે જીવાત્માના તેટલા પ્રદેશો તે સિધ્ધ સ્થાનમાં વ્યાપ્ત થાય છે તે તેની અવગાહના કહેવાય છે. ભિન્ન ભિન્ન સિધ્ધાત્માઓના પ્રદેશો પરસ્પર અવ્યાબાધ રહી પરસ્પરનું પૃથક્ત્વ બતાવતા રહે છે. એવાં પરમ પુરૂષો વીતરાગ, વીતમોહ અને વીતદ્વેષ હોવાથી તેમનું સંસારમાં પુનરાગમન થઈ શકતું નથી એમ કહ્યું છું.

* * *

# વૈરાગ્ય પૂર્વક સદબોધ

- મણિરત્નમાલાને આધારે

જે ગ્રંથમાં અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન એમ ચાર પ્રકારના અનુબંધ હોય તે ગ્રંથ ઉત્તમ ગણાય છે. જેને સંસારના વિષયો તરફ અરુચિ થઈ હોય તેવો મુમુક્ષુ અધિકારી ગણાય.

દુ:ખરૂપ અને સુખરૂપ શું છે ? ખરું શું છે ? ખોટું શું છે ? તેનું પ્રતિપાદન કરી પરવસ્તુના ત્યાગ કરવા રૂપ અને આત્મ વસ્તુને ગ્રહણ કરવાના અભિપ્રાયરૂપ વિષય છે.

પરમ વૈરાગ્ય પૂર્વક સદબોધની પ્રાપ્તિના સાધનરૂપ ઉત્તમપદની પ્રાપ્તિ થાય તે સંબંધ કહેવાય. યોગ્ય અધિકારીને વિષય અંતઃકરણમાં સંતોષ ઉપજાવી દુઃખની નિવૃત્તિ કરાવી સદ્‌વિચારમાં દઢ નિશ્ચય કરાવે તેને પ્રયોજન કહેવાય.

(૧) હે કૃપાવંત ગુરુ ! આ પાર ન પામી શકાય એવા સંસારરૂપી સમુદ્રમાં બુડતો એવો હું તેને શરણ શું છે ? ગુરુ : સત્પુરૂષના ચરણ કમળનો આશ્રય અને તેની આજ્ઞા પ્રમાણે ચાલવું તે શરણ રૂપ છે. જે સંસાર સમુદ્રમાંથી પાર ઉતરવાનો રસ્તો છે.

સંસાર એટલે વારંવાર જન્મવું અને મરવું એ જ છે. જ્યાં સુધી ખરેખરું શરણ મળ્યું ન હોય ત્યાં સુધી તે જન્મ મરણ ટળતાં નથી.

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસપણું, સખાપણું અને આત્મનિવેદન. આ નવ પ્રકારની ભક્તિ છે. તે અધિકારીની યોગ્યતા પ્રમાણે ભગવાનનું આરાધન કરવાનું સૂચવે છે.

વ્યવહારમાં જેમ સતિ સ્ત્રીઓને પતિ પરમેશ્વર છે. સત્પુત્રોને

જેમ માતા પિતા પરમેશ્વર છે, અનુચરોને જેમ ભર્તા પરમેશ્વર છે. તેમ મુમુક્ષુને પોતાને સદ્બોધ આપનાર ગુરુ જ પરમેશ્વર છે. જે માણસ જપ-તપાદિક અને પ્રતિમા પૂજનાદિ સાધનો વડે નિર્મળ અંતઃકરણનો થઈ મુમુક્ષુ થયો હોય તેને માટે સાક્ષાત્ બ્રહ્મવેત્તા (જ્ઞાની) ગુરુ છે. તે જ પરમેશ્વર છે. ગુરુ સંસારનો ભય મટાડે છે માટે તેને પરમેશ્વર કહેવામાં આવે છે. ઇન્દ્રિયો તથા મનનો નિગ્રહ કરનાર સમદર્શી બ્રહ્મજ્ઞાની ગુરુની શાંત મૂર્તિમાં ચરણકમળના શરણે જનારના સંસારા સઘળા તાપ દૂર થાય છે. માટે જેને બંધનથી મુક્ત થવાની ઈચ્છા હોય, તેણે તેવા મહાત્મા ગુરુને શરણે જઈને આ અપાર સંસાર તરી જવો.

જેઓ નિર્મળ અંતઃકરણ વાળા થઈને મુમુક્ષુ થયા હોય છે, તેઓ જ આ માર્ગ ગ્રહણ કરે છે. તેથી જ શિષ્યે ગુરુને કૃપાવાળા-કૃપાળુ વિશેષણ આપી પોતાના ઉદ્ધારનું સાધન પૂછ્યું છે.

(૨) શિષ્ય : બંધાયેલો કોણ ? વિમુક્તકોણ ? ઘોર નરક કયું ? સ્વર્ગપદ અને મોક્ષ પદ શું કહેવાય ?

ગુરુ : વિષયોમાં પ્રીતિવાળો છે તે બંધાયેલો છે. વિષયોથી જે વેગળો રહે તે વિમુક્ત કહેવાય. પોતાનો દેહ તે જ ઘોર નરક છે. તૃષ્ણાનો ક્ષય કરવાથી સ્વર્ગ અથવા મોક્ષ મળે છે.

સાંભળવાના, સ્પર્શ કરવાના, જોવાના, ચાખવાના અને સૂંઘવાના અનેક પદાર્થો કે જે અંતઃકરણ ને ઇન્દ્રિય દ્વારા મોહ કરે છે તે વિષયો કહેવાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ ઇન્દ્રિયોના વિષયોનાં નામ છે. તે જ્ઞાનેન્દ્રિય કહેવાય છે. કાન શબ્દ વિષયમાં, ત્વચા સ્પર્શ વિષયમાં, જીભ રસ વિષયમાં, નાસિકા ગંધ વિષયમાં, આંખ રૂપ વિષયમાં આસક્ત થાય છે. આસક્ત થવાથી અંતઃકરણને ક્ષોભ થતાં બંધન થાય છે. માટે એ બંધન કરનારા સંસાર સંબંધી વિષયોથી દૂર રહેવું જોઈએ.

હે ભાઈ ! તારે મુક્તિ મેળવવાની જો ઇચ્છા હોય, તો વિષ કહેતાં ઝેરની પેઠે વિષયોને છોડી દે. જીવને બંધન કરનારા વિષયો તજવા યોગ્ય છે. તે વિષયોનું સ્વરૂપ સમજી તેમાંથી આસક્તિ છોડી દેવી જોઇએ. "એ વિષયો મારા છે અને હું તેનો ભોગવનાર છું" એમ જ્યાંસુધી મમત્વ છે ત્યાંસુધી જ તજવા કઠણ પડે છે. મન વિષય વગરનું થાય ત્યારે જ બંધન ટળે છે. બંધનથી છુટવા માટે ક્ષમા સરળતા, દયા, સંતોષ અને સત્ય એનું અમૃતની પેઠે સેવન કર. વ્યવહારમાં પણ આવા ગુણો પ્રાપ્ત કરવાથી કીર્તિ મળે છે અને પરમાર્થમાં એ ગુણો અંતઃકરણને શુધ્ધ કરવાના કારણ છે. અંતઃકરણ શુધ્ધ થાય એટલે પરમપદની પ્રાપ્તિ સુલભ થઈ જાય છે.

તું પૃથ્વી નથી, જળ નથી, તેજ નથી, વાયુ નથી અને આકાશ પણ તું નથી. મુક્ત થવાને માટે એ સર્વનો સાક્ષી ચેતનરૂપ તું પોતાને જાણ.

શ્રવણ ઇન્દ્રિયનો શબ્દ વિષય છે તો તેના વડે આત્મજ્ઞાનરૂપ કલ્યાણ કરનારા શબ્દોને સાંભળ. ત્વચા ઇન્દ્રિયનો સ્પર્શ વિષય છે તો પવિત્ર તીર્થનો સ્પર્શ કર કે મહાત્માઓને મળ. ચક્ષુ ઇન્દ્રિયનો રૂપ વિષય છે તો ભગવાનની પ્રતિમાઓનાં કે વૈરાગ્ય અને જ્ઞાનથી સંપન્ન મહાત્માઓનાં દર્શન કર. રસના ઇન્દ્રિયનો રસ વિષય છે તો તેના વડે ભગવદ્‌ભજનરૂપ અમૃતરસનો સ્વાદ લે, નાસિકાનો ગંધ વિષય છે તો તેના વડે ભગવાનની નિર્મળતા વિ.ની સુગંધી લે. આવી રીતે જે ઇન્દ્રિયોને ઉત્તમ વિષયોને માર્ગે પ્રવર્તાવે તેને પ્રાજ્ઞ જાણવો.

વિષયો ભોગવવા એ બંધનરૂપ જ છે; કેમકે તે આસક્તિને લીધે સાચા અને પોતાના માની ગ્રહણ કરવામાં આવે છે. માટે વિષયોમાં જે સુખબુદ્ધિ છે તે છોડી દેવી. જેને ઇન્દ્રિયો વશ હોય તેની જ બુધ્ધિ સ્થિર કહેવાય છે. વિવેક વડે સારૂ હોય તે ગ્રહણ કરવું અને નઠારુ હોય તે છોડી દેવું. જો બંધાવું હોય તો વિષયોમાં પ્રીતિ કરવી અને

મુક્ત થવું હોય તો વૈરાગ્ય રાખવો.

વિષયોમાંથી આસક્તિ દૂર કરવાનો સમય સાધના કાળ છે. સાધના કાળમાં જો વિષયો છૂટે છે તો જ જ્ઞાન થાય છે અને જ્ઞાન થયા પછી તે પાછા ઉભા થતા નથી.

વિષયોનું અત્યંત નીરસપણું જાણ્યા છતાં પણ જે દુષ્ટ બુધ્ધિવાળો ફરીને આસક્ત થઈ પ્રીતિ બાંધે છે તેને મૂર્ખ માનવો. પદાર્થોમાં પ્રીતિ અથવા આસક્તિ છે તે જ બંધન છે. વિષયરૂપ મેલ આત્માના પ્રદેશો ઉપરથી ટળવાથી આત્માનું જેવું શુધ્ધ સ્વરૂપ હોય તેવું દેખાઈ રહે છે. સમજણ વિના દેહમાં પોતાપણું માનીને જે દેહને દુઃખે દુઃખ માને, દેહને સુખે સુખ માને તે નરકમાં પડેલો છે એમ સમજવું. દેહાભિમાની છે તેને દેહ નરક રૂપ થઈ બંધન આપે છે. પણ જેણે દેહાભિમાન તજ્યું છે તે તો જીવન મુક્ત જ છે. દેહાભિમાનરૂપ પાશને "હું બોધરૂપ છું" એવા જ્ઞાનરૂપી ખડ્ગથી કાપી નાખીને સુખી થા. અર્થાત્ દેહાભિમાન ટળે કે તું મુક્ત જ છે, જો દેહને પોતાથી જાુદો કરીને અર્થાત્ મરણ ધર્મ વાળો દેહ એ હું નથી પણ તેનો દૃષ્ટા એવો પ્રત્યક્ષ આત્મા છું, એમ જાણીશ અને ચૈતન્યરૂપ એવા પરમાત્માને વિષે વિશ્રામ કરીને રહીશ તો તું હમણાં જ સુખી, શાંત અને બંધનથી મુક્ત થઈશ.

જો તૃષ્ણાનો ક્ષય થયો ન હોય, તો સ્વર્ગ દેવલોકમાંથી પાછા આવવું પડે છે જેણે તૃષ્ણાને જીતી તેને ઈન્દ્રોથી મોટો સમજવો. અને મુક્ત પણે તેને જ સમજવો. નિશ્ચયથી તો આત્મા નિરંતર મુક્ત જ છે. માત્ર તૃષ્ણારૂપ એક બંધન છે, તેનો નાશ થાય એટલે મોક્ષ થયો કહેવાય છે.

(૩) શિષ્ય : હે ગુરુ ભગવાન ! સંસારને કોણ ટાળે છે ? મોક્ષનો હેતુ કોણ ? નરકનું બારણું શું છે ? પ્રાણીને સ્વર્ગ કે મોક્ષ આપનાર કોણ છે ?

ગુરુ : નિજાત્મ બોધ - પોતાના સ્વરૂપનો બોધ થવો તે સંસારને ટળવાનું કારણ છે. પ્રસિધ્ધ નિજાત્મ બોધ એ જ મોક્ષનો હેતુ છે. નરકનું દ્વાર કામવાસના છે. અહિંસા સ્વર્ગ કે મોક્ષ આપનાર છે.

સંસાર એટલે પોતાનું મન સમજવું. કેમકે મન વડે જ સંસાર ઊભો થાય છે. મનમાંથી સંસાર ભાવો ન જાય ત્યાં સુધી મોક્ષ થતો નથી. વાસનાઓ એ જ સંસાર છે, એમ જાણી તે વાસનાઓને છોડી દેવી. વાસના જાય એટલે સંસાર ગયો જ સમજવો. જે અનેક પ્રકારના સંકલ્પો કરે છે તે સંસારના બંધને પામે છે. ચોરાશી લાખ અવતારમાં જન્મવું અને મરવું એ સંસાર કહેવાય. સંસાર સંકલ્પો અને વાસનાઓથી થાય છે કે જે નિજાત્મ બોધ પ્રાપ્ત થયા વિના મટતો નથી. જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તે સંસાર બંધન કરે છે.

ચારેય સાધન (વિવેક, વૈરાગ્ય, ષટસંપત્તિ અને મોક્ષેચ્છા)થી સંપન્ન થઈને ગુરુને શરણે જવું. તે જે ઉપદેશ કરે અને તેથી જે જ્ઞાન બોધ થાય તે નિજાત્મ બોધ કહેવાય. વિવેક એટલે ખરા ખોટાની સમજણ, વૈરાગ્ય એટલે જગતના વિષય ભોગમાં અનાસક્તિ તે(૧) શમ એટલે મનનો જિગ્રહ(૨) દમ એટલે ઇન્દ્રિયોનો નિગ્રહ(૩) ઉપરતિ એટલે વિષયોથી નિવૃત્તિ(૪) ગુરુ-શાસ્ત્રના વચન ઉપર વિશ્વાસ એ શ્રધ્ધા(૫) સુખ દુઃખ સહન કરવું તે નિતિક્ષા અને(૬) લક્ષમાં ચિત્તની એકાગ્રતા એ સમાધાન એ છનું નામ ષટ્સંપત્તિ છે. સંસારમાંથી છુટવાની ઇચ્છા તે મોક્ષેચ્છા.

યથાર્થ બોધ એ જ મોક્ષનો હેતુ છે. જેને સ્વરૂપ જાણવાની ઈચ્છા હોય તેણે સદ્ગુરુના શરણે જવું જોઇએ. ગુરુના શરણે રહે તો બોધ થાય. અને બોધ થાય ત્યારે જ મોક્ષ થાય. જેથી ફરી જન્મમરણ ન કરવા પડે.

કામવાસના એ નરકનું દ્વાર છે. જ્યાં સુધી મનમાંથી કામવાસના નિર્મૂળ થતી નથી ત્યાં સુધી તેની આસક્તિ મનમાંથી ખસતી નથી

અને નરકના દુઃખો ભોગવવા પડવાના છે. માટે મનમાંથી કામવાસનાનો ત્યાગ કરવો. અહિંસા સ્વર્ગ કે મોક્ષ આપનારી છે. સર્વ પ્રાણીઓ પર મનમાં સમભાવ રાખવો તે અહિંસા છે. અને વિષય ભાવ રાખવો તે હિંસા કહેવાય. કોઈપણ પ્રાણીની કાયિક, વાચિક અને માનસિક હિંસા ન કરવી તેનું નામ અહિંસા અને એ જ અહિંસા સ્વર્ગ કે મોક્ષને આપે છે.

(૪) શિષ્ય : હે ભગવન્ ! સુખે કોણ સુવે છે ? જાગતો કોણ છે ? શત્રુ કોણ છે ? મિત્ર કોણ છે ? તે કહો.

ગુરૂ : જે સમાધિનિષ્ઠ એટલે સમાધિમાં નિષ્ઠાવાળો છે. તે સુખે સુએ છે. જે સદ્અસદ્નો વિવેક કરી જાણે છે તે જાગતો-જાગૃત છે. વિષયોમાં જતી પોતાની ઈન્દ્રિયો જ આત્માની શત્રુ છે. તેજ ઈન્દ્રિયો જીતાઈ જાય તો તે જ મિત્ર તરીકે વર્તે છે.

સમાધિનિષ્ઠ હોય તે સુખે સુવે છે. સમાધિની સ્થિતિમાં રહેલો હોય તે સમાધિનિષ્ઠ કહેવાય છે. એ સમાધિ સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની છે.

સવિકલ્પ સમાધિના દશ્યાનુવિદ્ધ અને શબ્દાનુંવિદ્ધ એવા બે ભેદ છે. કામ સંકલ્પાદિક સર્વ દશ્ય તેનો હું દ્રષ્ટા છું એવું અનુસંધાન રહે તે દશ્યાનુવિદ્ધ કહેવાય અને હું અસંગ, સત્, ચૈતન્ય, આનંદ, સ્વયંપ્રકાશ છું એવું અનુસંધાન રહે તે શબ્દાનુવિદ્ધ કહેવાય. આ બે ભેદવાળી સવિકલ્પ સમાધિનો અભ્યાસ કરતાં કરતાં કામ સંકલ્પાદિક દશ્ય વૃત્તિઓનું અને હું અસંગ છું એવા શબ્દોનું અનુસંધાન ટળી જઈ કશું પણ સ્મરણ રહે નહિ અને બ્રહ્મ સ્વરૂપક વૃત્તિ થઇ જાય તે નિર્વિકલ્પ સમાધિ કહેવાય.

ધ્યાતા અને ધ્યાન એ બન્નેનો ત્યાગ કરી એક ધ્યેયને આકારે ચિત્ત થઈ જઈ, વાયુ વગરના સ્થાન પર રહેલા દીવાની પેઠે નિશ્ચલ થઈ

રહે તે સમાધિ કહેવાય છે. આ નિર્વિકલ્પ સમાધિ સવિકલ્પ કરતાં શ્રેષ્ઠ છે અને મહાસુખરૂપ છે. મુમુક્ષુઓ શ્રવણ-મનન-નિદિધ્યાસનના દૃઢ અભ્યાસથી તે સમાધિની સ્થિતિમાં સ્થિર રહે છે. નિર્વિકલ્પ સમાધિના અપરોક્ષ અનુભૂતિના પંદર અંગો છે.

(i) ઇન્દ્રિયોને તેના વિષયો ઉપર ન જવા દેવી એનું નામ 'યમ' છે. એનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. જે પાંચ વ્રતરૂપે રહેલ છે.

(ii) આત્માથી અભિન્ન એવી વૃત્તિ કરવી અને બ્રહ્મ-આત્માથી જુદા જે અસત્ય પ્રપંચાકાર વૃત્તિ છે તેને દૂર કરવી તે નિયમ કહેવાય છે. જે પાંચ છે.

(iii) જેનાથી સર્વ જગતનો વ્યવહાર થાય છે અને જેનાથી આ સંસાર સ્ફુરે છે એવા ચૈતન્ય રૂપ પરમાત્માને જાણીને નામરૂપ જગતનો ત્યાગ કરવો તેનું નામ ત્યાગ છે.

(iv) સંસાર ભાવો પ્રત્યે ઉદાસીન ભાવ વડે થઈ મૌન ધારણ કરવું. માનસિક મૌન ધારણ કરવું.

(v) જેને વિષે આદિમાં કે અંતમાં જગત દેખતું નથી અને જેના વડે આ જગત આખુ વ્યાપ્ત છે એવો આત્મા છે તે જ "દેશ" છે.

(vi) અખંડ આનંદરૂપ પરમાત્મા છે તે જ 'કાલરૂપ' છે.

(vii) જેમાં એક સ્થાન - બેસીને સુખેથી પરબ્રહ્મ પરમાત્માનું ચિંતવન થાય છે તેને આસન કહેવાય. અર્થાત્ પરબ્રહ્મનો આશ્રય કરવો તે આસન.

(viii) જે સર્વ ભૂત પ્રાણી માત્રનું મૂલ છે અને જે ચિત્તના બંધનરૂપ અજ્ઞાનનું પણ મૂળ છે અર્થાત્ સર્વના આશ્રય રૂપ જે બ્રહ્મ-આત્મા છે તે જ 'મૂલબંધ' છે.

(ix) બ્રહ્મ-આત્માનું જ્ઞાન થવાથી દેહના અંગો પણ લય પામી જાય છે. તે જુદા અનુભવાતા નથી એમ જાણવું તે "દેહ સામ્ય" કહેવાય.

(x) જ્ઞાનમય દૃષ્ટિથી આખા જગતને આત્મવત્ જોવું તેનું નામ 'દૃક્ સ્થિતિ' કહેવાય. અથવા દૃષ્ટિ, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીનો જ્યાં લય થાય એવું જે બ્રહ્મ છે તેને વિષે એક વૃત્તિ રાખવી તે 'દૃક્ સ્થિતિ' કહેવાય.

(xi) ચિત્ત આદિ સર્વ વૃત્તિઓને વિષે બ્રહ્મપણાની ભાવના કરીને સર્વ અંતઃકરણની વૃત્તિને રોકી રાખવી તેનું નામ 'પ્રાણાયામ' કહેવાય.

(xii) મનને આત્મસ્વરૂપમાં રાખવું, વશ રાખવું તેને પ્રત્યાહાર કહેવાય.

(xiii) મનને એક જગ્યાએ જ સ્થિર રાખવું તેને 'ધારણા' કહેવાય.

(xiv) હું બ્રહ્મસ્વરૂપ છું, કોઈને આધારે હું નથી એ રીતે મનને અચલ રાખવું 'તે ધ્યાન' કહેવાય.

(xv) નિર્વિકારપણાથી વૃત્તિ બ્રહ્માકાર થઈને રહે તેનું નામ 'સમાધિ' કહેવાય.

આવી પંદર અંગવાળી નિર્વિકલ્પ સમાધિ જેને પ્રાપ્ત થયેલ હોય તે જ નિરંતર સુખે સુએ છે. એના સુખનો અનુભવ જેને સમાધિ પ્રાપ્ત થઈ હોય તે જ જાણે છે. આવી સમાધિવાળો બહારની સઘળી ક્રિયા કર્યા કરે છે, તોપણ તે 'સમાધિ' ઊતરતી નથી. જેને આવી સમાધિ પ્રાપ્ત થઈ હોય તેને સુખે સુતા સમજવા.

ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનાં યોગમાં આઠ અંગો કહેલાં છે.

૧. અહિંસા, સત્ય, અદત્ત ન લેવું, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને ધારણ

કરવાને યમ કહેવાય.

૨. પવિત્રપણું (શૌચ) સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન (આરાધન) એ નિયમ કહેવાય.

૩. પદ્માસન, ભદ્રાસન દ્વારા શરીરની સ્થિરતાને આસન કહેવાય.

૪. પૂરક કુંભક અને રેચક કરવાને પ્રાણાયામ.

૫. ઈન્દ્રિયોને વિષયોમાં જતી રોકવી તે પ્રત્યાહાર.

૬. બીજા અંતરાય ન નડે એવી રીતે વૃત્તિ એક દેશમાં રોકી રાખવી તે ધારણા કહેવાય.

૭. આત્મ તત્ત્વમાં સહજપણે વૃત્તિ રહેવી તે ધ્યાન.

૮. આત્માના સ્વરૂપમાં જ વૃત્તિ એકાગ્ર થઈ રહે એનું નામ સમાધિ છે.

ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું ભાન રહે તે સવિકલ્પ સમાધિ, અને તેનું પણ ભાન ન રહે તે નિર્વિકલ્પ સમાધિ. સવિકલ્પના દઢ અભ્યાસ પછી નિર્વિકલ્પ થાય, માટે સવિકલ્પ સમાધિ નિર્વિકલ્પનું અંગ છે.

સદ્અસદ્નો જેને વિવેક છે તે જાગતો છે. સત્ એટલે આત્મા અને અસત્ એટલે દેહ આ બન્નેને જુદા જુદા જાણ્યા અનુભવ્યા તે જગતમાં જાગતો સમજવો.

આત્મા અને દેહને એક જાણનારા જે જગતમાં જાગે છે, છતાં તે ઊંઘતા જ છે એમ જાણવું, સમજવું. આત્મા નિશ્ચયથી સત્યરૂપ અને નિત્ય છે. દેહ છે તે અનિત્ય અને અસત્ય છે. આત્મા નિષ્કળ એટલે કલા વગરનો અર્થાત્ સમરસ છે. દેહ અનેક જાતિના વૃધ્ધિ અને ક્ષયથી ભરેલો છે. આત્મા જ્ઞાનરૂપ છે અને પવિત્ર છે જ્યાં દેહ માંસ રૂપ છે અને અપવિત્ર છે.

આત્મા અને દેહને વિભાગ કરી જુદા જાણવા એનું નામ જાગવું એમ કહ્યું છે અને તે જાગવું તે જ જ્ઞાન કહેવાયં છે.

હું બ્રહ્મરૂપ છું, સમરસ છું, શાંત છું, સચ્ચિદાનંદ રૂપ મારું લક્ષણ છે. અસત્યરૂપ આ દેહ છે તે હું નથી એમ જાણવું તેને જ્ઞાનીઓ જ્ઞાન કહે છે.

હું વિકારરહિત છું, હું આકાર રહિત છું, અવિદ્યારહિત છું, અને નાશરહિત છું. મિથ્યા પ્રપંચરૂપ દેહ છે તે હું નથી એમ નિશ્ચય થયો હોય તેનું નામ જ્ઞાન કહેવાય. 'પોતાની ઈન્દ્રિયો એ જ શત્રુ છે ! કારણ મુમુક્ષુ જ્ઞાન સાધના કરતો હોય તેમાં ઈન્દ્રિયો ભોગની ઈચ્છા કરે અને તે ભોગ ઈન્દ્રિયોને પૂરા પાડે તો ઈન્દ્રિયોજ તેના જ્ઞાનને ખબર ન પડે તેવી રીતે ચોરી લે છે. જીવ વિષયો તરફ ગયો એટલે પછી ભલે તે જ્ઞાનની વાત કરતો હોય પણ તેનું મન વિષયમાં ફરે એટલે તેનું જ્ઞાન નાશ પામે તેની તેને ખબર પડે નહિ. ઈન્દ્રિયો ઘણી બળવાન હોય છે, તે બળાત્કારથી મનને હરે છે.

આ સંસાર છે તે સમુદ્ર છે, આ દેહ છે તે વહાણ છે, ઈન્દ્રિયો છે તે ખીલા છે, મન અને જ્ઞાન-વિજ્ઞાન છે તે માલ છે. જીવ છે તે તેનો માલિક છે અને લોહચુંબક છે તે ઈન્દ્રિયોના ભોગ અથવા વિષયો છે. જેવા ઈન્દ્રિયોએ ભોગદીઠા કે તે તણાય છે અને ઈન્દ્રિયો તણાવાથી વહાણરૂપી દેહ જણાય છે. તેની સાથે તેનો માલ મન અને જ્ઞાન પણ તણાય છે એટલે કે જ્ઞાન નાશ પામી જાય છે. તેથી જ્ઞાનના સાધનમાં રૂકાવટ કરનાર ઈન્દ્રિયો જ શત્રુ છે. વિષયોના આકાર વડે સર્વ જ્ઞાનરૂપ ધનને હરિ લેનારા અને દેહમાં રહેલાં ઈન્દ્રિયોરૂપ ચોરોએ લોકનો નાશ કર્યો છે. જે જ્ઞાનરૂપ અગણિત ધન છે તેનો ઈન્દ્રિયો રૂપ શત્રુઓ નાશ કરે છે, તેને પોતાના અજ્ઞાનથી જાણી શકતો નથી.

જેમ માછલી ખાવાના લોભથી કાંટા ઉપર રાખેલા માંસને લેવા જતાં કાંટો વાગે છે તેથી મરણ પામે છે તેમ આ જીવ પણ ઈન્દ્રિયોના

સ્વાદને લેવાના લોભથી તેમાંને તેમાં આસક્ત રહેવાને લીધે તત્ત્વજ્ઞાન નહિ થવાથી વારંવાર જન્મ મરણના દુઃખને પામે છે આ હેતુથી જ ઇન્દ્રિયો જ મોટા શત્રુ રૂપ છે.

જો આ ઇન્દ્રિયો (અને મન) જિતાયા હોય તો મિત્ર પણ તે જ છે. મનને પણ જો સંયમથી બાંધ્યું હોય તો પછી તે કોઈપણ ભોગ ભોગવવાને ઇચ્છતું નથી. જે મળે છે તેમાં જ સંતોષ માને છે. આમ થાય એટલે ઇન્દ્રિયો પણ મિત્રની પેઠે જ વર્તે છે.

જો આપણે સદ્‌ગુરુના બોધથી ઇન્દ્રિયો ફાંસિયા જેવી દુઃખ દેનાર છે એમ જાણીએ તો તે જ ઇન્દ્રિયો આપણને સુખ આપનાર થાય છે. એટલે તેને આધીન ન થવાથી તે સુખ આપનાર થઈ મિત્ર બની જાય છે.

(૫) શિષ્ય : હે સ્વામી ! દરિદ્રી કોણ ? ધનવાન કોણ ? જીવતો છતાં મરેલો કોણ ? અમૃત જેવું સુખ આપનાર કોણ ? આ સમજાવો.

ગુરૂ : જે ઘણી તૃષ્ણાવાળો છે તે દરિદ્રી છે. જે સંતોષવાળો છે તે ધનવાન છે. પુરૂષાર્થ નથી કરતો તે જીવતો છતાં મરેલો છે. જે નિરાશા (આશા વગરનો) છે તે જ અમૃત જેવું સુખ આપનાર છે.

અનેક પ્રકારના સુખ ભોગની લોલુપતા રહ્યા કરે તે તૃષ્ણા કહેવાય છે. પોતાની પાસે ધન હોય છતાં તેમાં વધારો કરવા માટે ધંધો કરવો તેવા સ્વભાવને તૃષ્ણા કહેવાય છે. આવી તૃષ્ણાવાળો દરિદ્રી કહેવાય છે. જેને પોતાનો નિર્વાહ ચાલે તેટલું પોતા વાસ્તે હોય તેમ છતાં જે વધારે ભેળું કરવાને ઊંઘમાંથી ઊઠી આંખો ચોળતો પ્રભાતના પહોરમાં હડી કાઢે તે જ દરિદ્રી, તે જ મૂર્ખ અને તે જ પશુ જેવો સમજવો. માટે જેને ઘણી તૃષ્ણા હોય તે દરિદ્રી છે એમ સમજીને તૃષ્ણાનો ત્યાગ કરવો અને સંતોષ ધારણ કરવો.

સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા શાંત ચિત્તવાળા ને જે સુખ છે

તે સુખ આમતેમ દોડતા ધનાદિકની લાલચ કરનારાઓને ક્યાંથી હોય? ન જ હોય. જેને સર્વ વાતે સંતોષ છે તે જ શ્રીમાન એટલે ધનવાન છે. ઈચ્છા કરવી તે અસંતોષ અને ઇચ્છા ન કરવી તે સંતોષ. સંતોષથી બીજું કાંઈ વધારે સુખ નથી જે ઉદ્યમ ન કરે તે જીવતો મૂએલો છે. ઈશ્વરને ઓળખવાનો ઉદ્યમ કરવો તે જ ખરો ઉદ્યમ છે. પરમાત્મા ને મેળવવા સિવાયનો જે પુરૂષાર્થ કરે છે તે જીવતાં છતાં મૂએલા જ છે તેમ જાણવું. આશાના પાશમાં સપડાયેલો હોય છે તેને ગમે તેટલું સુખ હોવા છતાં તે મહાદુ:ખને ભોગવે છે. જેનામાંથી આશા-તૃષ્ણાનો નાશ થયો છે એટલે કે આશારહિત થયો છે તેનું સુખ અમૃત જેવું સુખ આપનારું છે. નિરાશા = નિર્ + આશા. એટલે કોઈ પણ પદાર્થની આશા ન રાખવી તે. નિરાશા અમૃતનું સુખ આપનારી છે. જે નિરાશા ના ગુણને ધારણ કરે છે તે સુખે સુએ છે.

(૬) શિષ્ય : હે સ્વામિન્ પાશ (બંધન) કોને કહેવાય ? મોહ કોણ ઉપજાવે છે ? સૌથી અંધ કોણ ? મૃત્યુ એટલે શું ?

ગુરૂ : મમતા છે તે પાશ જાણવો. કામ છે તે મદિરા પેઠે મોહ ઉપજાવે છે. જે કામથી આતુર થયેલો છે તે મોટો અંધ છે. પોતાનો અપયશ થાય તે જ મૃત્યુ કહેવાય.

જેને મમતાને નામે ઓળખવામાં આવે છે તે જ આત્મા માટે પાશ-ગળા ફાંસો છે. આ દેહ હું છું, મારા જેવો જગતમાં કોઈ નથી, હું જ વિદ્યાવાન છું, હું જ ધનવાન છું, હું જ રૂપવાન છું, હું જ મોટો છું, હું જ સમજું છું વિગેરે પ્રકારનું જે અભિમાન છે તે મમતા કહેવાય છે. એ મમતા જ ખરો પાશ છે. માટે મમતાને છોડી દેવી. મમત્વ મટી જાય એટલે મહા સુખરૂપ દશાની પ્રાપ્તિ થાય છે. માટે મમત્વના પાશને વિવેકરૂપ કાતરથી કાપી નાખવો.

કામ વાસના છે તે મદિરાની પેઠે મોહ ઉપજાવનાર છે. કામ વાસનામાં અંધ બનેલા વિદ્વાન છતાં મૂર્ખ બને છે, ચતુર હોવા છતાં

ભાન ભૂલે છે. મનુષ્યના રૂપમાં પશુ સમાન બની જાય છે. કામ વાસનામાં પણ સ્ત્રી પ્રત્યેનો કામ એ ખૂબજ દુઃખદાયી છે. જેઓની પરિપૂર્ણ વિવેક દૃષ્ટિથી ભેદબુદ્ધિ ટળી ન હોય તેઓના અંતઃકરણમાંથી કામનાઓનો નાશ થતો નથી. આવા ભોગની ઇચ્છાવાળાઓ સઘળું દેખતાં છતાં અંધ બની જાય છે. કામી માણસ દેખતાં છતાં આંધળો છે. માટે કામાંધ થવું નહિ.

પોતાનો અપશય એનું નામ જ મૃત્યું છે. જેની કીર્તિ છે તે જીવે છે. જેને યશ હોય છે તે જીવે છે; પણ જેનો અપકીર્તિ સહિત અપયશ હોય છે તે જીવતો હોય તો પણ મૂઆ જેવો છે. જગતમાં એકજન્મમાં મોતનું દુઃખ એકજ વાર ખમવું પડે છે, પણ અપયશનું દુઃખ તો ઘડીએ ઘડીએ અને ક્ષણે ક્ષણે મોત કરતાં પણ અધિક ખમવું પડે છે. જેને અપયશ પ્રાપ્ત થયો છે તેને મૃત્યુનું શું પ્રયોજન છે ? કાંઈ નહીં. જીવતો છતાં મૃત્યુ પામેલો જ છે. નાશવંત વસ્તુને માટે અપયશ નહી મેળવતાં તેનાથી દૂર રહેવું જ હિતાવહ છે.

(૭) શિષ્ય : ગુરુ કોણ કહેવાય ? શિષ્ય કોણ કહેવાય ? મોટો અસાધ્ય રોગ કયો છે ? તેનું ઔષધ શું છે ?

ગુરુ : જે હિતોપદેશ આપે તે ગુરુ, જે ગુરુનો ભક્ત હોય તે જ શિષ્ય. સંસાર છે તે મોટો અસાધ્ય રોગ છે. તે સંસાર કેમ છુટે તેનો વિચાર એ ઔષધ છે.

જ્ઞાનથી સર્વ કર્મ વાસના ક્ષય પામી સ્વરૂપ સ્થિતિ પ્રાપ્ત થવાને લીધે જન્મ મરણનો ફેરો મટે એ જ કૈવલ્ય મુક્તિ છે. તે શ્રવણ મનન, નિદિધ્યાસન દ્વારા સદ્‌ગુરુની કૃપાથી થાય છે. દુઃખને મટાડી સુખ પમાડે અર્થાત્ મુક્ત કરે તેને હિતોપદેશ કહેવાય.

અવ્યક્ત અને અવિનાશી જે બ્રહ્મ છે તે જ પરમ ગતિ છે. અને તે જ પોતાનું ધામ છે. તે સ્થિતિ પામીને જીવ જન્મમરણ પામતો નથી.

જ્ઞાન વગરનો મિથ્યાવાદી દંભી ગુરુ હોય તેનો ત્યાગ કરવો, કેમ કે તે પોતાની વિશ્રાંતિ જાણતો નથી તો બીજાને શું શાંતિ અપાવે ?

જે ગુરુ જ્ઞાનની મૂર્તિ હોય, પોતે વિષયોનો ત્યાગ કર્યો હોય તેમ શિષ્યોને ત્યાગ કરાવતો હોય અને જે શિષ્યોને મોક્ષનો ઉપદેશ કરતો હોય તે ગુરુ-સદ્‌ગુરુ કહેવાય. હિતનો એટલે સારા અને સાચા માર્ગનો તથા સ્વસ્વરૂપનો ઉપદેશ કરનારને ગુરુ કહેલ છે. જે સંસારના બંધનથી છોડાવે એવા જ્ઞાની હોય તેમને જ ગુરુ કરવા.

જે ગુરુનો ભક્ત હોય તે શિષ્ય કહેવાય. ગુરુની આજ્ઞા માનવી, તે કહે તે ઉપર વિશ્વાસ રાખવો, તેની પરમેશ્વરની મૂર્તિની પેઠે પૂજા કરવી ઈત્યાદિ ભક્તિ કરે તે ભક્ત કહેવાય. ગુરુના ભક્ત હોય એવા શિષ્યો આ જગતમાં ઘણા થોડા હોય છે. જેને જ્ઞાનીઓની કૃપાદષ્ટિ પ્રાપ્ત થઈ હોય તે જ તેવા ગુરુભક્ત થાય છે. અને ગુરુની સેવા કેમ કરવી તે જાણ છે.

ગુરુના મુખમાં જે વિદ્યા રહેલી છે તે ગુરુની ભક્તિ કરવાથી મળે છે. માટે ગુરુની ભક્તિ કરીને વિદ્યાનો'અભ્યાસ કરી પૂર્ણ બોધવાન થવું જોઈએ સાચી ગુરુભક્તિ તો અભિમાન વગરનો જે મુમુક્ષુ શિષ્ય હોય તે કરે છે. ગુરુ તે જ તીર્થરૂપ છે. માટે ગુરુને મૂકીને અન્યથા ભટકવું નહિ. ગુરુનો ઈશ્વર કરતાં પણ અધિક છે.

જેણે ગુરુના વચનનું અપમાન કર્યું, ઉલ્લંઘન કર્યું તેણે સત્પુરૂષોના વચનોનું ઉલ્લંઘનકર્યું એમ સમજવું. એના જેવો કોઈ બીજો દુષ્ટ ન સમજવો.

પ્રતિમા જડ છે અને સદ્‌ગુરુ ચૈતન્ય છે માટે પહેલી સદ્‌ગુરુની સેવા કરવી.

જેને કયાંય પણ વાસના નથી, જે પોતાની મુક્તિનો આધાર પોતા ઉપર રાખે છે, સંસારનું જેને બંધન નથી અને બંધ તથા મોક્ષને માનતો

નથી. તે પ્રારબ્ધથી પ્રેરાતાં પવનથી જેમ સૂકાયેલું પાન ફરે તેમ ફર્યા કરે છે. આદરરહિત, અભિમાનરહિત, કામરહિત ક્રોધરહિત, લોભ રહિત અને ઉપાધિરહિત તથા બોધવાન હોય તે સદ્ગુરુપદને યોગ્ય છે. તે જ શિષ્યને બોધ આપી બોધવાન કરે છે. જ્ઞાની હોય તેને જ ગુરુ કરવા યોગ્ય છે. અને એવા ગુરુની જે ભક્તિ કરે છે તે શિષ્ય કહેવાય.

સંસાર એ જ મોટો રોગ છેઃ સંસારરૂપી મહારોગનું સાચું ઔષધ તો 'સંસાર કેમ ટળે' એમ વિચાર કરવો એ જ છે. હું કોણ અને સંસાર કોને છે ? એવો વિવેક થયો કે તે જ વિવેકથી સંસાર ટળી જાય છે. જન્મ મરણ થાય તે સંસાર કહેવાય. અને તેની સાથે મારે કશો સંબંધ નથી. આમ વિચાર રાખવો તે વિચાર કહેવાય.

પંચ મહાભૂતના સમુહરૂપ આ દેહ હું નથી તેમ તેમાં રહેલ ઈન્દ્રિયોનો સમુહ પણ હું નથી, તેનાથી વિલક્ષણ કોઈ હું છું, એમ વિચારવું એ વિચાર કહેવાય છે. આ વિચારથી પોતાનું સ્વરૂપ ઓળખાતાં સંસાર ટળે છે, માટે સદ્‌વિચાર કરીને સંસાર ટાળવાનો પ્રયત્ન કરવો.

(૮) શિષ્ય : સારામાં સારું ઘરેણું શું છે ? ઉત્તમ તીર્થ શું કહેવાય ? ત્યાગ શેનો કરવાના છે ? સાંભળવા યોગ્ય શું ?

ગુરુ : શીલ છે તે સારામાં સારું ઘરેણું છે. પોતાનું નિર્મળ મન હોય તે જ ઉત્તમ તીર્થ કહેવાય. સોનું અને સ્ત્રી એ ત્યાગ કરવા યોગ્ય છે. ગુરુનાં અને વેદનાં (આગમનાં) વચનો સાંભળવા યોગ્ય છે. ગમે તો સ્ત્રી હોય કે પુરૂષ હોય, પરંતુ તેઓનું શીલ એ જ સારામાં સારું ભૂષણ છે. જો શીલ ન હોય તો બીજા બધા આભૂષણો ધૂળ સમાન છે. ધૂળ પડવા બરાબર છે.

શીલ એટલે કોઈપણ પુરૂષે કે સ્ત્રીએ નઠારા ભાવથી મન, વાણી કે શરીરની ક્રિયા ન કરવી અને પોતાને યોગ્ય જે જે ધર્મો શાસ્ત્રમાં

લખેલા છે તે પ્રમાણે વર્તવું તે શીલ કહેવાય છે.

શીલ માટે એમ પણ કહેવામાં આવ્યું છે કે પુરૂષોએ પોતાની બહેન કે માતા આદિ નજીકના સંબંધની સ્ત્રીઓ સાથે પણ સામા ઊભી બોલવું નહિ, તેમજ સ્ત્રીઓએ પણ પોતાના ભાઈ, બાપ કે કાકા, મામા સામું ઊભી બોલવું નહિ એ સારું છે. કેમકે ઇન્દ્રિયોનો સમુહ બળવાન છે. અને તે વિદ્વાનોને પણ ખેંચી જાય છે. માટે માતા, બહેન કે દીકરી સાથે એકાંતમાં બેસવું નહિ.

સંપત્તિનું ઘરેણું સુજનતા છે, શુરાતનનું ઘરેણું બહુ બોલવું નહિ તે છે, જ્ઞાન થવાનું ઘરેણું શાંતિ છે. શાસ્ત્ર સાંભળવાનું ઘરેણું વિનય છે. ધનનું ઘરેણું પાત્ર જોઇને આપવું તે છે. તપનું ઘરેણું ક્રોધ ન કરવો એ છે, મોટાઈનું અથવા અધિકારનું ઘરેણું ક્ષમા રાખવી એ છે. ધર્મનું ઘરેણું કપટ ન રાખવું એ છે, એ સર્વનું અને સુજનતા આદિ સર્વના કારણરૂપ આ શીલ છે તે જ ઉત્તમ ઘરેણું છે.

સુજનતા વિના સંપત્તિ વૃથા છે, બહુ વાચાળપણાથી શૂરાતન વૃથા છે, શાંતિ ન હોય તો જ્ઞાન વૃથા છે, વિનય ન હોય તો બહુશ્રુતપણું વૃથા છે, પાત્રને જોઇને ન અપાય તો ધન મળ્યું તે વૃથા છે. ક્રોધ થાય તો તપ કર્યું તે વૃથા છે, નિષ્કપટપણું અથવા નિર્બળપણું ન હોય તો ધર્માચરણ વૃથા છે. અને શીલ ન હોય તો સર્વ સ્થિતિ અને સુજનતા વગેરે તે સર્વ પણ વૃથા છે. આથી શીલરૂપી ઘરેણું સંસારમાં સર્વ સ્ત્રી પુરૂષોએ જીવન પર્યંત ધારણ કરવું જોઇએ. પોતાનું જે મન છે તે નિર્મળ હોય તો તે જ ઉત્તમ તીર્થ છે. તીર્થમાં કે ક્ષેત્રોમાં ફર્યા વિના પણ જો એક ઠેકાણે બેસીને અથવા ઘેર બેઠાં કામ-ક્રોધાદિક શત્રુઓને જીતીને, અભ્યાસથી મનને નિર્મળ કર્યું હોય તો તે તીર્થયાત્રા જેટલું જ ફળ આપે છે. અને પરમ પદની પ્રાપ્તિ પણ મનની નિર્મળતાથી જ થાય છે. 'મન એવં મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ' મન જ માણસને બંધનું અને મોક્ષનું કારણ છે. એમ જે મહાત્માઓએ

સિધ્ધાંત કર્યો છે તેનું કારણ પણ તે જ છે. મન જ બંધન કરાવે છે અને મન શાંત થવાથી મોક્ષ પણ થાય છે. કેમકે જે પદાર્થ કે વસ્તુ ઉપર જેવી આસક્તિ મન કરે તેવો તેમાં તેને ભાવ આવે છે. મન જો વિષયોને કલ્પીને તેમાં લંપટ થાય તો પોતાની મેળે જ બંધાય છે. અને સર્વત્ર આત્મભાવ કરીને વિષયથી વિમુખ રહી પોતે પોતાના કારણમાં સમાઈ રહે તો પોતાની મેળે જ મુક્ત થાય છે. માટે મનને વિષયોમાં નહીં જવા દેતાં, અભ્યાસ અને વૈરાગ્ય વડે ખીલે બાંધવું. 'હું' અને 'મારું' વગેરે મમત્વનો અભાવ કરનારુ જે જ્ઞાન છે, તે જ્ઞાન વડે જ મનનો લય થાય છે. માટે મનને નિર્મળ કરીને બોધના પાત્ર થવું. હું, મારું વગેરે ટળી જતાં રાગદ્વેષ જેમાં રહેતા નથી એવું મન બોધરૂપ થઈ જતાં પછી વિશેષ કર્તવ્ય નથી રહેતું. એટલા માટે જ મનને પરમ તીર્થરૂપ કહેલ છે.

સંયમરૂપ પાણીથી ભરેલી, સત્યરૂપ પ્રવાહવાળી, શીલરૂપ કાંઠાવાળી અને દયારૂપ લહેરોવાળી મનરૂપ નદી છે એ નદીને વિષે તું સ્નાન કર; કેમકે તે વિનાં બીજાં પાણીથી અંતરાત્મા શુધ્ધ થતો નથી.

જ્ઞાનરૂપ જેમાં પ્રવાહ છે, ધ્યાનરૂપ જેમાં પાણી છે, જે રાગદ્વેષ રૂપ મેલને ટાળે છે, એવા માનસતીર્થ એટલે મનરૂપ તીર્થમાં જે નહાય છે, તે પરમ ગતિ પામે છે. તે મનને તીર્થરૂપ કરવાને માટે સદ્‌ગુરુ અને સત્સમાગમ આદિ તીર્થ સેવનની જરૂર છે.

કનક અને કાંતા એ ત્યાગ કરવા લાયક છે; એ બે પદાર્થ બંધન કરનારા છે. કલ્યાણ કરવાની જેની અપેક્ષા છે, તેણે વિષય અને ઇન્દ્રિયોનો સંયોગ છે તે ક્ષોભને પમાડનાર છે માટે સાધનાકાળમાં તે યોગ થવા ન દેવો જોઈએ.

જેનું સર્વમાં સમાન અંતઃકરણ થયું હોય તે ખરેખર કલ્યાણને પાત્ર છે. આવા બોધવાન પ્રાપ્ત વિષયોમાં આસક્ત થઈ મલિન થતા નથી.

શુધ્ધ ચૈતન્યરૂપ સુંદર આત્માને સાંભળીને એટલે ગુરુમુખે તથા શાસ્ત્ર દ્વારા સ્વરૂપ જાણીને પણ પાસે આવેલા વિષયોમાં અતિ આસક્ત થઈને શું મલિનતા પામે છે ? નથી પામતા. પરિપૂર્ણ બોધવાન આસક્ત ન થતાં મલિનતા ન પામવાથી સદૈવ મુક્ત સ્થિતિમાં રહે છે. ક્ષોભ થવાના કારણો સમીપ છતાં પણ પરિપૂર્ણતા તથા આત્મવિચારથી આસક્ત ન થતાં જે મલિનતા ન પામે તેને પછી બંધન વસ્તુ કાંઈ છે જ નહિ જેઓને વૈરાગ્ય થઈ પરિપૂર્ણ બોધ થવાથી સર્વાત્મક ભાવ થઈ ગયો હોય તેવાઓ વિષયો પ્રત્યે વિહવળ થાય નહિ એ સ્વાભાવિક છે. આવા મહાત્માઓ મળવા દુર્લભ છે. આ ઉપરથી મુમુક્ષુએ સમજવાનું એ છે કે, મનને ક્ષોભ કરે એવા વિષયોનો પ્રસંગ જ દૂર રાખવો.

કામ વિષયોનો સંગ કરનારા લોકોનો સંગ થાય તે પણ નરકને આપનાર છે. તો પછી પ્રત્યક્ષની તો વાત શી કરવી ?

સ્ત્રી તથા સોનાનાં ઘરેણાં અને કપડાં આદિ પદાર્થો કે જે માયાથી રચાયેલા છે, તેમાં ઉપભોગની બુધ્ધિથી જેનું મન લોભાય છે એવો મૂઢ, પતંગ જેમ દીવાથી અંજાઈ જઈ નાશ પામે છે તેમ નાશ પામે છે એટલે સંસારમાં પરિભ્રમણ કરે છે.

લોઢાની બેડી કે લાકડાના હડરૂપી પાશમાં જે બંધાયો હોય તે કોઈ દિવસ પણ છૂટે છે; પરંતુ જે સ્ત્રી અને ધનરૂપ બેડીથી બંધાયો હોય તે કોઈ દિવસ પણ છૂટતો નથી. માટે મુમુક્ષુ સાધકોએ આ બન્નેનો ત્યાગ કરવા યોગ્ય છે.

નિરંતર ગુરુના મુખથી વેદવચન (શ્રુત) સાંભળવા એ જ સાંભળવાનું છે. બ્રહ્મ ચિદ્રુપ છે, નિરામય એટલે માયાના મેલરહિત છે. વાણીથી કહી શકાય તેમ નથી. પ્રણવ એટલે ૐ કારનું આદિ છે, ચલે નહીં તેવું છે અને સદા નિશ્ચય રૂપ છે. સત્પુરૂષ કે સદ્ગુરુનાં સુબોધ આપનારા વચનો સાચા માર્ગે ચલાવે છે, મનને નિર્મળ બનાવે

છે અને બ્રહ્મસ્વરૂપ-આત્મસ્વરૂપને ઓળખાવે છે; માટે તે પણ વેદવચન-શાસ્ત્રવચન જેવાં જ સમજવા માટે તેવા સદ્બોધ આપનારાં વચનો નિરંતર સાંભળવા કલ્યાણ કરાવનારા બ્રહ્મવેત્તા ખરા જ્ઞાની પુરૂષોના જ વચન છે. માટે તે નિરંતર સાંભળવા યોગ્ય છે.

(૯) શિષ્ય : હે ગુરુ ! બ્રહ્મ (મોક્ષ) ગતિના હેતુ કોણ છે ? અને સંત કોણ કહેવાય ? તે મને કહો.

ગુરુ : સત્સંગતિ, ધન, વિચાર અને સંતોષ એ ચાર બ્રહ્મ (મોક્ષ) ગતિના હેતુ છે.

જેઓની સર્વમાંથી આસક્તિ ઊઠી ગઈ હોય, જેને વૈરાગ્ય થયો હોય, જેઓએ મોહને મટાડી દીધો હોય અને જેઓ શિવતત્ત્વ (સિધ્ધ) એટલે પરબ્રહ્મમાં નિષ્ઠા રાખનારા હોય તે સંત કહેવાય.

બ્રહ્મ (મોક્ષ) ગતિના ચાર હેતુ કહ્યા.

(૧) પહેલાં સત્સંગ છે. જે ઠેકાણે રૂડાપુરૂષોની સંસારનું બંધન કાપનારી અધ્યાત્મ કથા થતી હોય અને તે કથાના ઉપદેશ પ્રમાણે પોતે વર્તતા હોય અને બીજાઓને વર્તાવતા હોય ત્યાં જિજ્ઞાસુપણાથી જવું તે સત્સંગ કહેવાય. એવા સત્સંગથી અપૂર્વ કલ્યાણ એટલે પોતાના શુધ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

સત્સંગ અને વિવેકરૂપ નેત્ર જેને ન હોય તે અંધ કહેવાય છે અર્થાત્ સત્સંગ અને વિવેક વગરના અંધ અવળે માર્ગે ચાલ્યા જાય છે.

ગમે તેટલું ભણેલો હોય ને ભેદ જાણતો હોય તો પણ વિવેક વગરનો હોય તો તેને પોતાની વિદ્યા પોતાને દુઃખ આપનારી થાય છે.

સત્સંગ અને વિવેક બુદ્ધિના જડપણાને મટાડે છે. ચિત્તમાંથી કામક્રોધાદિક મેલને દૂર કરાવીને તેને નિર્મળ બનાવે છે. સત્સંગથી સઘળું સવળું જ થાય છે, માટે જ સત્પુરૂષો સત્સંગ કરવાનો ઉપદેશ કરે છે.

જગતનો પ્રસંગ રહેવો એ કોઈ દિવસ ન તૂટે એવો પાશ છે. તે જ પ્રસંગ સત્પુરૂષો પ્રત્યે થાય તો મોક્ષનું દ્વાર ખુલ્લું જ છે માટે સંસારના વિષયોનો અને તેને ભોગવનાર વિષયી લોકોનો આદિથી અનુભવાતો આવતો પ્રસંગ છોડી દઈને સત્પુરૂષનો પ્રસંગ રાખવો. એકાદવાર પરિચયમાં આવવું તે સંગ કહેવાય અને નિરંતર પરિચયમાં આવવું તે પ્રસંગ કહેવાય. માટે નિરંતર સુજન સમાગમ રાખવો. ક્ષણવારનો સત્સંગ પણ ઉત્તમફળ આપે છે તો નિરંતર સત્સંગ તો ઉત્તમ ફળ આપે જ. તો નિરંતર સત્સંગ થાય તેની શી વાત કરવી ? ક્ષણ વારનો સજ્જનનો સંગ રહે તો પણ ભવસાગર તરવા માટે તે નૌકારૂપ થાય છે. માટે વિવેક સહિત સત્સંગતિ થાય તે જ બ્રહ્મગતિના હેતુ રૂપ પ્રથમ સાધન છે.

(૨) દાન એ મોક્ષ ગતિ માટેનો બીજો હેતુ છે. જેને જેનો ઉપયોગ હોય તેને તે ઈશ્વર પ્રીત્યર્થ આપવું તે દાન કહેવાય. માટે દૈવયોગથી પોતાની પાસે હોય તે પાત્રને આપવું. અને આપીને અર્થીનો આર્શીવાદ લેવો. જેમ જેમ દયા-અનુકંપા ભાવથી દાન વધતું જાય તેમ તેમ અંતઃકરણ નિર્મળ થતું જાય છે. દેવાનો નિશ્ચય થયા પછી જે દાન દેશકાળ અને પાત્ર જોઇને પરાર્થ માટે પ્રેમથી આપવું તે સાત્વિક દાન છે. જે શ્રેષ્ઠ ગણાય છે. મોક્ષદ્વારના ચાર દ્વારપાળ પણ કહ્યા છે-શમ, સંતોષ, સત્સંગ અને વિચાર.

અજિતેન્દ્રિય માણસમાં બોધની વાત રહેતી જ નથી ઇન્દ્રિયોનો નિગ્રહ જ સર્વપ્રકારની શક્તિ આપનાર છે. અને તે ઇન્દ્રિય નિગ્રહ મનનો નિગ્રહ કરવાથી થાય છે. આને દાંતિ કહેવાય છે. નિગ્રહ કરવો તે મોટામાં મોટું તપ છે. દાંતિ એટલે ઇન્દ્રિયોનું દમન કરવું એ બ્રહ્મગતિનો હેતુ છે.

(૩) બ્રહ્મ-મોક્ષગતિ માટેનો ત્રીજો હેતુ વિચાર છે. વિચાર એ પણ વિવેક જ છે. નિત્ય અને અનિત્ય વસ્તુનો સમજીને નિશ્ચય કરી

અનિત્યનો ત્યાગ કરવો ને નિત્યનું ગ્રહણ કરવું. આત્મસ્વરૂપ છે તે નિત્ય છે. બાકી જે નજરે દેખાય છે તે પદાર્થના પર્યાય છે જે અનિત્ય છે. એવી રીતે જે નિશ્ચય થાય તે જ વસ્તુ વિવેક કહેવાય.

આત્મ સ્વરૂપ જાણવા માટે અને નામરૂપ દૂર કરવાને માટે સત્સંગ, સુવિચાર, સત્શાસ્ત્ર અને સદ્ગુરુ એ ચાર સાધનો જોઇએ છે. ઔદારિક, તૈજસ અને કાર્મણશરીર એમ ત્રણે શરીર પ્રત્યેનું જે દેહાભિમાન છે તે તજે તો જીવન મુક્ત દશા પ્રાપ્ત થાય.

જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ અવસ્થાથી પર થઈ તુર્યાવસ્થામાં આવવું અને પછી તે અવસ્થાથી પણ પર થવા રૂપ સ્થિતિ કરવાનું જાણવું તે વિવેક છે. એ વિવેક ઉત્પન્ન થવા બ્રહ્મવિદ સદ્ગુણ સંપન્ન ગુરુને શરણે જવું. જેથી લક્ષ ચોરાશીનો ફેરો ટળી જવાનો ઉપાય હાથ આવે.

(૪) ચોથુ સાધન સંતોષ છે. જે કોઈપણ વ્યવહાર કરવામાં આવતો હોય તે શાંતપણે કરવો. જે કાંઈ મળે તેમાં સંતોષ માનવો. પરેચ્છાથી મળે તે ભલે, પણ કોઈ વસ્તુ મેળવવાની લોલુપતા રાખવી નહીં. નિષ્કામપણે રહી સંતોષને ધારણ કરવો.

એની મેળે મળેલા લાભથી સંતોષી પરિષહને સહન કરનાર, વૈરભાવ વગરનો, મળેલી સિધ્ધિ અસિધ્ધિ માટે હર્ષ શોક નહીં કરનારો વિહિત કે સ્વાભાવિક કર્મ કરનારો, કર્મ કરતાં છતાં બંધાતો નથી. સંતોષીને સુખદુઃખ થતાં નથી, મત્સર થતો નથી અને જે મળે એમાં તૃપ્ત રહી લોલુપતા રાખતા નથી માટે સમજવાનું એ છે કે, ન મળે તો ખેદ ન કરવો, મળે તો જે મળે તેમાં સંતોષ રાખવો. એવી શ્રેષ્ઠ વૃત્તિથી બ્રહ્મ-આત્માની પ્રાપ્તિ થાયછે કે જેના વડે મહાન મુમુક્ષુઓ પૂર્વે અક્ષય પદને પ્રાપ્ત કરી ગયા છે.

જેઓની સર્વમાંથી આસક્તિ ઊઠી ગઈ હોય ને વૈરાગ્ય થઈ ગયો

હોય, જેઓએ મોહને મટાડ્યો હોય અને જેઓ શિવતત્ત્વ એટલે પરબ્રહ્મ-પરમાત્મામાં નિષ્ઠાવાન હોય તે સંત કહેવાય.

વૈરાગ્ય પાંચ પ્રકારના કહ્યા છે. ૧. મંદ વૈરાગ્ય ૨. સાધારણ વૈરાગ્ય ૩. ઉન્મની વૈરાગ્ય ૪. તીવ્ર વૈરાગ્ય અને ૫. નિર્મળ વૈરાગ્ય. આ વૈરાગ્ય મુમુક્ષુ અધિકારી અને વિવેકી જીવોને થાય છે.

૧. અનેક પ્રકારથી જે મનમાં કલેશ આવી વૈરાગ્ય થાય છે તે મંદ વૈરાગ્ય કહેવાય. એ વૈરાગ્ય જ્યાં સુધી કાંઈ દૂઃખ હોય તે ન મટ્યું હોય ને સાંભર્યા કરતું હોય ત્યાં સુધી જ ટકે છે.

૨. જ્યાં સુધી સાંભળેલાં, જોયેલા સુખની અને વૈભવની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી જે વૈરાગ્ય રહે છે તે સાધારણ વૈરાગ્ય છે. કાલાંતરે તેવો યોગ બને તો તે વૈરાગ્ય ટળે છે, નાશ પામે છે. સાધારણ વૈરાગ્ય મંદ વૈરાગ્ય કરતાં વધારે વખત સુધી ટકે છે.

૩. વાણીથી બોલબોલ કરવાથી કાંઈ વળવાનું નથી. કાંઈપણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય તો અર્થ સરે. જે કાંઈ નજરે જોવામાં આવે છે તે તો જોત જોતામાં ટળી જાય છે ઈત્યાદિ આપણા મનમાં ઉત્કંઠા રહી બીજી વાતો પર અભાવ આવે તે ઉન્મની વૈરાગ્ય કહેવાય. મન હારી જાય ત્યારે આ ઉન્મની વૈરાગ્ય થાય છે.

પોતે ભણ્યો હોય તેનું અભિમાન કરીને કોઈની સાથે વાદ ન કરે, સંતોષથી વરતે અને જગત સર્વ નાશવાળું છે એમ દેખે તેને ઉન્મની વૈરાગ્યવાળો સમજવો. આ વૈરાગ્યથી મોક્ષનું સાધન મળે છે ને તે સાધનથી પરમપદ પમાય છે. યોગ સાધન કરતાં છતાં પણ કદી સાધના અધુરી રહી કે તેથી ભ્રષ્ટ થયો તો પણ તે દેહ પડે, ત્યારે ફરીને ઉચ્ચકુળોમાં જન્મ પામી આગળની સાધના પૂરી કરે છે.

૪. નાના પ્રકારના ભોગો, સ્ત્રી, પુત્ર, ઘરબાર સર્વ અત્યંત અપ્રિય અને બંધનકારક લાગતાં આ સંસાર ભયંકર સર્પ જેવો જણાય,

દશે દિશાએ દાવાનળ બળતો હોય તેવો તાપ અંતરમાં થાય ત્યારે જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે તીવ્ર વૈરાગ્ય કહેવાય છે.

૫. સર્વ લોકમાં કંઈ નથી. એ સઘળા અસ્થિર દુઃખમય અને સુખ ભોગવી રહ્યા પછી તરત તેમાંથી પાછું પડવું પડે તેવા છે. માટે એવા લોકમાં રહીને શું કરવું ? આવી રીતે જે વૈરાગ્ય થાય તેને નિર્મળ વૈરાગ્ય કહે છે. આ વૈરાગ્યમાં કોઈપણ લોકના ભોગની ઈચ્છા થતી નથી. જેને નિર્મળ વૈરાગ્ય ઉત્પન્ન થાય તેને કોઈ પણ વિષયમાં આસક્તિ થતી નથી અને જગતમાં દેખાતાં વિષયો તેને બાધ પણ કરી શકતા નથી કેમકે સઘળાં પદાર્થો ઉપર તેને સમાનપણે નિઃસ્પૃહપણું થયું હોય છે. નિરંતર તત્ત્વ શોધવામાં જ તેની વૃત્તિ રહે છે. નિર્મળ વૈરાગ્ય જ પરમ સુખની સીમા પ્રાપ્ત કરાવે છે.

જે આ પાંચ વૈરાગ્યને એક પછી એક ઉત્તરોત્તર પ્રાપ્ત કરતો આગળ વધે છે તે વીતરાગતા પામવાનો અધિકારી બની જાય છે.

જેને સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો હોય તે અપાસ્ત મોહ (મોહ મટાડેલો) કહેવાય છે. ખરું હોય તેને ખોટું જાણવું તે મોહ અને ખરા ને ખરું જાણવું તે મોહની નિવૃત્તિ.

પરમાત્મા કે આત્મા શસ્ત્રોથી છેદી ન શકાય, અગ્નિથી બાળી ન શકાય, પાણીથી સોડવી ન શકાય, વાયુથી સૂકવી ન શકાય એવો આત્મા-પરમાત્મા નિત્ય છે, જ્ઞાન અપેક્ષાએ સર્વ વ્યાપક છે. અચળ છે, અનાદિ છે. પરમકલ્યાણ રૂપ આત્મ સ્વરૂપ તે જ શિવ તત્ત્વ છે. શિવ તત્ત્વમાં પ્રીતિ રાખી લક્ષ્યાર્થથી આત્માની એકતા કરી તેમાં જ વૃત્તિને જોડી દેવી તેનું નામ નિષ્ઠા કહેવાય. જેને પરમાત્મ તત્ત્વ સાથે એકતા થઈ હોય તેનો સર્વભેદ ટળી જાય છે. જેને પરબ્રહ્મમાં એકનિષ્ઠા થઈ સત્ય સ્વરૂપ સમજાયું હોય અને જેથી જેનો સર્વ પ્રકારનો મોહ ટળી ગયો હોય તે જ સંત કહેવાય. મોહ મટી જવાથી સુખ-દુઃખ, રાગદ્વેષ, હર્ષ-શોક જેને નથી થતાં એવો આત્મવેત્તા સત્પુરૂષ પોતે

કલ્યાણ રૂપ થઈને અન્યના સંસારરૂપ ત્રિવિધતાપ રૂપી રોગોને મટાડી તેને પણ કલ્યાણ રૂપ કરે છે. શાસ્ત્રો આવા પુરૂષોનો જ સંગ કરવાનું કહે છે. સાધુ-પુરૂષ, સંતપુરૂષના દર્શન માત્રથી જીવ પવિત્ર થઈ જાય છે. આવું સત્પુરૂષનું માહાત્મ્ય છે. સર્વમાં વિરાગ, મોહ રહિતપણું, અને આત્મ સ્વરૂપમાં નિષ્ઠા મહાન પ્રબળ સાધનોથી થાય છે. આવી સ્થિતિવાળા સંત કહેવાય છે.

(૧૦) શિષ્ય : હે કૃપાળુ ! પ્રાણીમાત્રનો જવર કયો છે ? મૂર્ખ કોણ ? મારે શું કરવું ? જીવવું કયું કહેવાય ? તે સમજાવો.

ગુરૂ : ચિંતા એ પ્રાણીમાત્રને લાગુ પડેલો જ્વર છે. જે વિવેકહીન છે તે મૂર્ખ છે. શુધ્ધ આત્મસ્વરૂપી એવા શિવ અને અરિહંતની ભક્તિ કરવી. જે દોષ વગરનું જીવન તે જીવ્યું કહેવાય. ચિંતા છે તે સર્વ પ્રાણીમાત્રને જ્વરરૂપ છે. સુખનો નાશ અને દુઃખની પ્રાપ્તિ તે જ્વર કહેવાય છે. જે કાંઈ ચિંતા અથવા દુઃખ થાય છે તે અજ્ઞાનથી જ થાય છે. જ્ઞાનને આવરણ થવાથી અજ્ઞાન થાય છે અને અજ્ઞાનથી સુખ સમજાતું નથી અને તેથી ચિંતા થાય છે.

ચિતા અને ચિંતા બેય સરખાં છે. ચિતા માત્ર જીવ વગરનાંને જ બાળે છે, પણ ચિંતા તો જીવતા માણસને પણ બાળી નાખે છે. ચિંતા વડે જ દુઃખ પેદા થાય છે. જેને નિશ્ચય પ્રાપ્ત થયો છે તે ચિંતા કરતો નથી. તેથી તે સુખી અને શાંત છે. તેને કોઈ વાતમાં તૃષ્ણા અથવા ઈચ્છા રહેતી નથી.

જેનામાં વિવેક ન હોય તે મૂર્ખ કહેવાય.

શિવ (સિધ્ધ) અને વિષ્ણુ (અરિહંત) ની ભક્તિ કરવી એ હે શિષ્ય ! તારે માટે કર્તવ્યરૂપ છે. શિવ અને અરિહંત બન્ને સ્વરૂપે એક જ છે. સર્વના અનુભવમાં શિવ કે અરિહંત આવે છે કારણ સ્વરૂપથી બન્ને એક જ છે.

દોષ રહિત ઉદ્યમ કરીને જે જીવવુ થાય તે જ જીવવું કહેવાય; કેમકે દોષવાળો ઉદ્યમ કરીને જીવ્યા તો પણ શું અને ન જીવ્યા તો પણ શું ?

જેઓ કંઈ પણ જેમાં દોષ ન હોય એવો નિર્મળ ઉદ્યમ કરીને જીવે છે એને કશું બંધન થતું નથી અને એવાઓનું જીવવું પોતે પોતાને કલ્યાણને માર્ગે ચલાવે અને બીજાઓને કલ્યાણને માર્ગે ચડાવવા રૂપ થાય છે તેથી તેઓનું જીવવું સફળ છે.

જે વિનય વિવેકથી નિર્દોષ રહી પરમ કીર્તિના અને પરમસુખના પાત્ર થયા હોય અને જેઓ પરોપકાર માટે પોતાના બળ બુદ્ધિ વગેરે સંપત્તિ વાપરવામાં ઉદાર રહે છે, તે જ જીવતા છે, પછી તેમનાં શરીરો હયાત હોય તો પણ શું અને ન હોય તો પણ શું.

શમ-દમ પાળીને પ્રભુભક્તિ કરી છેવટે આત્મસ્વરૂપ ઓળખી જેણે જન્મ સફળ કર્યો તેનું જ જીવવું તે જીવવું કહેવાય.

(૧૧) શિષ્ય : વિદ્યા કોને કહેવાય ? બોધ કોને કહેવાય ? લાભ કોને કહેવાય ? જગત કોણે જીત્યું ?

ગુરૂ : જે બ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત કરાવે તે વિદ્યા. જેના વડે મુક્તિ મળે તેનું નામ બોધ. આત્માને ઓળખવો તે જ લાભ. જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.

જેના વડે બ્રહ્મગતિ પ્રાપ્ત થાય તે જ ખરી વિદ્યા કહેવાય. જો બ્રહ્મવિદ્યા પ્રાપ્ત ન થાય તો બીજી જેટલી જેટલી વિદ્યા શીખવામાં આવે તે વેંઠ કરવા બરાબર છે. સર્વ વિદ્યાનો અભ્યાસ પરમાર્થ જાણવા માટે છે. પરમાર્થ જાણવામાં ન આવે તો સઘળો અભ્યાસ ફોગટ જાય છે. બોધથી પરમાર્થ જણાય છે. તે પ્રત્યક્ષ છે. વેદ-આગમ જાણી લેવાથી કે શાસ્ત્રોનો પાઠ કરી જવાથી કાંઈ મુક્તિ થતી નથી. મુક્તિ તો જ્ઞાનથી જ થાય છે.

આ મેં જાણ્યું અને હવે આ મારે જાણવાનું છે એમ જે માને છે તેનો કરોડો કલ્પે પણ મોક્ષ થતો નથી; એટલે કે બોધ પરિણમતો નથી. બ્રહ્મનિષ્ટ સદ્‌ગુરુના ઉપદેશથી જ જ્ઞાન-આત્મજ્ઞાન થાય છે. અનુભવ વગર બોલવું તે સાવ નકામું છે. પોતાને જેની પ્રાપ્તિ ન હોય તે બીજાને કેવી રીતે આપી શકાય ? ન જ આપી શકાય. આટલું જાણ્યું અને આટલું જાણવાનું છે એવી ચિંતામાં આકુળ રહેનારાઓ પરમ તત્ત્વને જાણતા નથી, જાણી શકતા નથી. જેનાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય તે જ વિદ્યા કહેવાય. અનુભવી ગુરુ પાસેથી જ તે વિદ્યાનો બોધ લેવો, કેમકે ગુરુ વિના જ્ઞાન થતું નથી. અનેક વિદ્યાઓ પણ જો તે સ્વરૂપાનુસંધાન કરનારી ન હોય તો તે કેવળ શ્રમ માત્ર જ છે.

જે મુક્તિનો હેતુ છે એટલે જેના વડે મુક્તિ પ્રાપ્ત થાય તેને બોધ કહેવાય. જે શિખામણથી મોક્ષ થાય તે શિખામણનું નામ બોધ કહેવાય. જે જન્મમરણને ટાળનારી શિખામણ આપતા હોય તે જ સાંભળવા યોગ્ય છે. યુક્તિવાળું વચન બાળકનું અથવા મુર્ખ માણસનું કહેલું હોય તો પણ તે ગ્રહણ કરવું. જે શિખામણથી લક્ષ ચોરાશીના ફેરામાં પડી અનેક દુઃખ ભોગવવાં પડે તેવી શિખામણ કોઈની જરાપણ સાંભળવી નહિ. જે મોક્ષ થાય તેવો બોધ કરે તે જ સગો, સંબંધી અને મિત્ર કહેવાય. આત્માને જાણવો એ વિના બીજો કાંઈ લાભ નથી, કેમકે બીજા લાભ છે તે આવીને પાછા નાશ પામી જનારા છે અને આત્માને ઓળખવા રૂપ જે લાભ તે અવિચળ છે.

આત્મજ્ઞાન વિના જે જે લાભ માટે પ્રયત્ન કરવો, તે આત્માને દૂર રાખનાર હોવાથી મોટી હાનિ કરનારો છે. એ હાનિ જેવી બીજી એકે હાનિ નથી. આત્મજ્ઞાનની હાનિ એ જ ખરેખરી મોટી ખોટ અને આત્મજ્ઞાનનો લાભ એ જ ખરેખરો મોટો લાભ છે. એટલે જ આત્માને જાણવો એ જ લાભ છે એમ કહ્યું છે. જેણે પોતાનું મન જીત્યું હોય તે જગતને જીતે છે. જે કાંઈ સંકલ્પ વિકલ્પ થાય છે તે મન કરાવે છે.

એ મનને પ્રણવનો અભ્યાસ કરી જીતવું જોઇએ. જે મનની ઉન્મની અવસ્થા પ્રાપ્ત કરે છે તેણે બધું જીતી લીધું છે એમ કહેવાય. જેણે મન જીત્યું છે તેણે જ જગતને જીત્યું સમજવું. એવા જગતને જીતનારને પછી કોઈ જીતી શકતું નથી.

(૧૨) શિષ્ય : શૂરવીર કરતાં મોટો શૂરવીર કોણ ? પ્રાજ્ઞ, અતિધીર અને સમ કોણ કહેવાય ?

ગુરૂ : જે કામના બાણોથી વીંધાયો ન હોય તે સૌથી મોટો શૂરવીર ગણાય. જે લલનાના કટાક્ષોથી મોહ ન પામ્યો હોય તે. ખરો શૂરવીર તો તે જ કહેવાય કે જે કામનાં બાણથી પણ વિહ્‌વળ થાય નહિં. જે પુરૂષ લલના કહેતાં સ્ત્રીના કટાક્ષથી મોહ નથી પામતો તે પુરૂષ પ્રાજ્ઞ, તે જ પુરૂષ ધીર અને તે જ પુરૂષ સમ ચિત્તવાળો એટલે વૈરાગ્ય વગેરે સર્વ ગુણ સંપન્ન સમજવો.

સંગનો ત્યાગ કરવો એ સત્પુરૂષોનો માર્ગ છે. કોઈના દોષ જોવા નહિ. સીધા માર્ગે ચાલવાથી ઠેકાણે પહોંચાય છે. ઈન્દ્રિયો મહા બળવાન છે તેનું દમન કર્યા વગર તે વશ રહેતી નથી. જો અનર્થોથી અળગા રહેવું હોય, તો સત્પુરૂષનો સંગ કરવો. સંગ સર્વનો તજી દેવો, પણ તે તજી શકાતો ન હોય તો સત્પુરૂષ સાથે સંગ કરવો; કેમકે સત્પુરૂષનો સંગ એ સંસારના બંધનમાંથી છુટવાનું ઓષડ છે. આ સમદષ્ટિવાળા અને સ્ત્રીના કટાક્ષથી મોહ નહિ પામેલા હોય તે જ પ્રાજ્ઞ, ધીર અને સમ કહેવાય છે; જે અસાવધાન માણસ છે તે પડે છે ને જે સાવધાન છે તે પડતો નથી.

(૧૩) શિષ્ય : બધા જ ઝેરમાં મોટું ઝેર કયું ? સદાય દુઃખી કોણ ? ધન્ય કોણ ? પૂજા કરવા યોગ્ય કોણ ?

ગુરૂ : વિષયોરૂપી ઝેર સૌથી મોટું ઝેર છે. વિષયોમાં નિરંતર પ્રીતિવાળો હોય તે સદાય દુઃખી છે. જે પરોપકાર કરે છે તે ધન્ય છે. જેની તત્ત્વમાં નિષ્ઠા હોય તે જ પૂજવા યોગ્ય છે.

જગતમાં અનેક પ્રકારનાં ઝેર છે, એ ઝેર ખાનારો એક જ વખત મરે છે, પણ વિષયરૂપ ઝેરને ચાખનાર તો વારંવાર મારે છે. માટે બધા ઝેરમાં વિષયો છે એ મોટું ઝેર છે. બીજા ઝેરને ઉતારવાના અનેક ઉપાયો છે, પણ જેણે વિષયરૂપ ઝેર ચાખ્યું હોય તેનું તે ઝેર ઉતારવાને એકે ઉપાય નથી. સઘળાં ઝેર કરતાં વિષયરૂપ ઝેર મહાબળવાન છે, માટે તેને પડખે પણ ચડવું નહિ. નિરંતર જેને વિષયોમાં જ પ્રીતિ લાગી હોય, તેના જેવો બીજો કોઈપણ દુઃખી નથી. કેમકે વિષયો પરાધીન હોવાથી ઈચ્છા પ્રમાણે ન મળે તોપણ દુઃખ થાય છે ને જો મળે તો તે ભોગવ્યા પછી તેથી વધારે મેળવવાની તૃષ્ણા થાય એટલે તેથી પણ મહાદુઃખ થાય છે.

જે માણસ પરોપકાર કરે છે તે જ ધન્ય કહેવાય છે. જેથી આત્માનો બોધ થાય એવા બોધનું નામ પરોપકાર છે. કેમકે એ જ્ઞાન વડે કરીને મોક્ષરૂપ અલભ્ય લાભ સંપાદન થાય છે. જે પુરૂષ જેથી મોક્ષપદ મળે એવા આત્મજ્ઞાનનો બોધ કરે તે જ ખરો પરોપકારી કહેવાય આત્મજ્ઞાનરૂપ ઉપકારથી તો જન્મ મરણનો ફેરો ટળી જાય છે. માટે એના જેવો પરોપકાર બીજો કોઈ નથી. એવા પરોપકાર કરનારા જે પુરૂષો છે તે જ ધન્ય કહેવાય છે. આવા પરોપકારીના જન્મ અને જીવન સફળ છે.

જે પુરૂષ તત્ત્વમાં નિષ્ઠાવાળો હોય તે સેવા કરવા યોગ્ય છે. સાધના કરનારાઓમાં જે તત્ત્વને જાણનારા જ્ઞાનીઓ છે તે શ્રેષ્ઠ છે. તત્ત્વજ્ઞ પુરૂષ આ જગતમાં કદી પણ ખેદ પામતો નથી. આવા એક તત્ત્વનિષ્ઠની પૂજા, સેવા ભક્તિ કરવાથી મુક્ત થવાય છે. મન, વાણી અને તનથી જે તત્ત્વવેત્તાની ભાવથી ભક્તિ કરે છે તે એક તત્ત્વજ્ઞાનીના પ્રસન્ન થવાથી કે તેનો અનુગ્રહ થવાથી મુક્ત થાય છે. આવી રીતે તત્ત્વવેત્તાની સેવા કરનાર મુક્ત થાય છે. તત્ત્વ વેત્તાઓને આત્મબોધ હોય છે માટે તે સર્વથી પૂજવા યોગ્ય છે.

જેને જ્ઞાનવાન-આત્મજ્ઞાની થવું છે તેણે ઉત્તમ ધર્મનું પાલન કરવું જોઈએ. કોઈની સાથે દ્વેષ કે કજિયો કરવો નહિ, મનમાં કાંઈ ઉદ્વેગ અથવા ચિંતા ન કરવી, પ્રાણીમાત્ર પર સમભાવ રાખવો અને આ 'હું' અને આ 'મારું' એ બે વાતોનો ત્યાગ કરવો, તે ઉત્તમ ધર્મ કહેવાય છે. આવા ઉત્તમ ધર્મ પ્રમાણે અધિકારીએ વર્તવું જોઈએ.

જે સાધક મુમુક્ષુ આત્મામાં જ પ્રીતિવાળો છે, આત્માથી જ તૃપ્તિ પામેલો છે અને આત્મા વિષે જ સંતુષ્ટ થયો છે, તેને પછી કાંઈ પણ કરવાનું રહેતું નથી. આવા જે આત્મબોધવાળા જ્ઞાનીઓ હોય છે, તેઓ પોતાના આત્માના આનંદમાં મગ્ન રહી પ્રારબ્ધ હોય ત્યાં સુધી શરીરને ભોગવે છે. આવા જે સત્પુરૂષો હોય તે પરમાત્મા જ છે એટલા માટે તે જ પૂજવા યોગ્ય છે.

(૧૪) શિષ્ય : સર્વ અવસ્થામાં ન કરવાનું શું છે ? પ્રયત્નથી વિદ્વાનોએ શું કરવાનું છે ? સંસારનું મૂળ શું છે ?

ગુરુ : સ્નેહ અને પાપ એ કરવાનાં નથી એ સર્વ અવસ્થામાં કરવાનાં નથી. વિદ્વાનો એ બ્રહ્મવિદ્યાનું અધ્યયન અને ધર્મ એ બે કાર્યો બધી અવસ્થામાં કરવાનાં છે. ચિંતા એ સંસારનું મૂળ છે.

કોઈપણ નામરૂપવાળા પદાર્થો છે તે પ્રત્યે સ્નેહ ન રાખવો કારણ સ્નેહનો નાશ થતાં અત્યંત દુઃખ થાય છે. સ્નેહ આસક્તિથી થાય છે અને સ્નેહનો નાશ થતાં દુઃખ થાય છે. સંસારમાં અનેક પ્રકારનાં પાપ કર્મો રહેલા છે, તેમાં પણ કોઈ પ્રાણીને સંસારમાં બંધાઈ જાય એવો બોધ કરવો તે મોટામાં મોટું પાપ છે. સંસારનાં બંધન જેવું દુઃખ દાયક એ કે બંધન નથી અને એટલા જ માટે એવા બંધનમાં બંધાઈ જવાનો બોધ કરવો એ મોટું પાપ ગણાય છે. માટે તેવું પાપ કરવું નહિ.

જે સમજુ પુરૂષો હોય તે આરંભથી માંડી વિદેહસ્થિતિને પ્રાપ્ત થાય ત્યાં સુધી ઉપરના બે દોષને દૂર કરે છે એટલે કે સંસારના નામરૂપમાં

આસક્તિ બાંધતાં નથી અને કોઇને સંસારના બંધનમાં પણ નાખતા નથી તેને બદલે તેઓ બ્રહ્મવિદ્યાનો જ લક્ષ કરે છે અને તેને અનુરૂપ ધર્મ આરાધે છે. સર્વ દુઃખનો નાશ કરનારી બ્રહ્મવિદ્યા એ મહાવિદ્યા છે. અવિચ્છિન્ન સુખ આપનારી એ વિદ્યાને નિરંતર આત્મયોગીઓ ધારણ કરે છે.

બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ ધર્મ પાળવાથી થાય છે. મન, વાણી વગેરેથી કોઈનું બગાડવું નહિ, નીતિ ન્યાયથી વર્તવું, યમ નિયમાદિક પાળવા, સત્ય અને સદાચારથી વર્તવું, દયા અનુકંપા ભાવ રાખવો, મનમાં ઉદ્વેગ ન રાખવો, પ્રાણીમાત્ર પર સામ્યભાવ રાખવો, 'હું અને મારું' એવા મમત્વનો ત્યાગ કરવો. આવા અનેક ધર્મો મહાત્મા પાસેથી સમજી લઈને પાળવા.

સંસારનું મૂળ ચિંતા છે. આધિ, વ્યાધિ, ઉપાધિના યોગે જે જે ચિંતા થાય છે તે જ સંસારનું મૂળ છે. મનમાંથી ચિંતા મટે એટલે મન મટયું અને મન મટયું એટલે સંસાર મટયો જ છે. જયાં સુધી વિવેકથી સત્યાસત્ય સમજાયું નથી, ત્યાં સુધી ચિંતારૂપી ડાકણ શરીર તથા મનને બાળ્યા કરે છે અને જન્મ મરણના ફેરામાં નાંખે છે. માટે વિવેકથી સત્યાસત્ય સમજી મિથ્યા ઊભી થતી ચિંતાને દૂર કરવી. એ દૂર થાય એટલે સર્વ દુઃખ દૂર થયાં અને સંસારનું મૂળ કપાઈ ગયું સમજવું. જે કાંઈ થયું હોય ને થાય તેને ભૂલી જવું એ જ ચિંતા મટવાનો ઉપાય છે.

(૧૫) શિષ્ય : વિદ્વાનો કરતાં પણ મોટો જ્ઞાની કોણ ? સર્વ પ્રાણીઓને બોજારૂપ કોણ છે ? દિવ્યવ્રત કયું કહેવાય ?

ગુરૂ : કામવાસના રૂપ પિશાચીથી જે છેતરાયો ન હોય તે વિદ્વાનોમાં મોટો કહેવાય કે જે આત્મજ્ઞાની છે. કામવાસના સર્વ પ્રાણીઓને બેડીરૂપ છે. જેમાં દીનપણું ન હોય તે દિવ્યવ્રત છે. બ્રહ્મચર્ય

પાળવું એ દિવ્યવ્રત છે. અને તેથી આત્મજ્ઞાન થતાં મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે.

(૧૬) શિષ્ય : કોઈથી પણ જાણી ન શકાય એવું શું છે ? કોઈથી ન ત્યાગ થઈ શકે એવું શું છે ? પશુ કોણ કહેવાય ?

ગુરૂ : સ્ત્રીનું મન અને તેનું ચરિત્ર જાણી ન શકાય એવું હોય છે. તેવી જ રીતે પુરૂષનું મન અને ચરિત્ર પણ તેવું જ હોય છે. ખરાબ આશાઓ ત્યાગી શકવી મુશ્કેલ છે. જેને આત્મવિદ્યા પ્રાપ્ત થઈ નથી તે પશુ સમાન છે.

પુરૂષ અને સ્ત્રીના મન અને તેમની આંતરિક પરિણતિ સહેલાઈથી જાણી શકાતી જ નથી. સર્વજ્ઞ પુરૂષ સિવાય કોઇને આ સમજણ આવી શકતી નથી.

જગતમાં જેટલા નામરૂપવાળા પદાર્થો છે તે સર્વે તજી શકાય પણ એક દુરાશાને તજી શકાતી નથી. મિથ્યા આશા એ જ દુરાશા છે. મનમાં જે જે ખોટા મનોરથ ચિંતવવા તે દુરાશા છે. આવી દુરાશાનો ત્યાગ કરવો કઠણ છે.

આગળ અગ્નિ બળતો હોય, પાછળથી સૂર્યનો તાપ લાગતો હોય, રાત્રે ગોઠણિયાં વાળીને સૂતો હોય, હાથમાં ભિક્ષા કરતો હોય ને ઝાડની નીચે સૂતો હોય, તેવો તપસ્વી પણ આશાપાશને છોડતો નથી. જે આશાને તજી શકે છે તે જ પોતાના સ્વરૂપનો જાણનાર છે.

આત્મવિદ્યા વગરના માણસમાં ખરું ખોટું સમજવાનું જ્ઞાન હોતું નથી, તેથી તેને પોતાની અચિંત્ય ચિંતામણિ સમાન શક્તિ અને કિંમતને જાણી શકતો નથી. એટલા માટે જ જે વિદ્યા-આત્મવિદ્યા વિનાનો છે તે પશુસમાન છે.

(૧૭) શિષ્ય : વાસ અને સંગ કોની સાથે ન કરવો ? મુમુક્ષુઓએ શું આચરવાનું અને કરવાનું ?

ગુરૂ : મૂર્ખ, પાપી, ખલ અને નીચનો સંગ કરવો નહિ. સત્પુરૂષની સંગતિ, મમતા રહિતપણું અને ઈશ્વર પ્રણિધાન મુમુક્ષુઓએ કરવાનું છે.

જ્યાં તત્ત્વને જાણનારા, ફળથી ભરેલા અને શીતળ છાયાવાળા સજ્જન રૂપી વૃક્ષ ન હોય ત્યાં કોઈ દિવસ રહેવું નહિ. જ્યાં મૂર્ખ, પાપી, ખલ અને નીચ પુરૂષોનો વાસ હોય ત્યાં તેમજ સત્પુરૂષોનો વાસ ન હોય ત્યાં રહેવું નહિં.

જ્યાં સત્પુરૂષો રહેતા હોય તેવા દેશમાં રહેવાથી સુખ શાંતિ મળે છે. ઉપદેશ ન કરતા હોય એવા સત્પુરૂષો પાસે પણ જવું, કેમકે તેઓની સહજ વાતો હોય તે પણ ઉપદેશ રૂપ હોય છે. સત્પુરૂષોની સાધારણ વાતો પણ બોધ આપનારી હોય છે. એઓ તો સદાય કલ્યાણ થાય તેવી જ વાતો કરતા હોય. માટે મૂર્ખ, ખલ, પાપી અને નીચની સોબતથી દૂર રહેવું મુમુક્ષુ માણસે સત્સંગ કરવો, મમતા રહિત થવું અને ઈશ્વર ભક્તિ કરવી.

સર્વ કલ્યાણના સાધન કરાવે, વ્યવહારના પ્રપંચમાંથી અને સંસારના દુઃખમાંથી છોડાવે અને પરમ નિવૃત્તિની પ્રાપ્તિ કરાવે એવા સત્પુરૂષના સંગનું નામ સત્સંગ છે.

જે પુરૂષને 'હું મુક્ત થયો છું' એવું અભિમાન હોય, દેહને વિષે મમતા પણ હોય તે પુરૂષ જ્ઞાની કે યોગી કહેવાય નહિ, એને કેવળ દુઃખ ભોગવનાર જ સમજવો. માટે મમત્વ રહિત થવું.

સત્સંગને ઓળખી સત્સંગ કરવો અને મમત્વ રહિત થઇને ઈશ્વર ભક્તિ કરવી. ઈશ્વરની ભક્તિ તે સર્વોત્તમ છે પણ તે સાથે સર્વ પ્રકારે અભિમાન છોડી દેવું અને સત્પુરૂષનો સંગ કરવો.

(૧૮) શિષ્ય : હે સ્વામી ! હલકાઈ (નીચતા)નું મૂળ શું ?

મોટાઈનું મૂળ શું ? ઉત્પન્ન થયો કોણ કહેવાય ? મૂઓ કોણ કહેવાય ? તે જણાવો.

ગુરૂ : કોઈની પાસે માગવું તે માગણપણું છે તે જ જીવની હલકાઈ છે. પોતાનું પદ (આત્મ સ્વરૂપ) ને માંગવું તે મોટાઈ છે. જેનો ફરીને જન્મ ન થાય તે ઉત્પન્ન થયો કહેવાય. જેનું મૃત્યુ ફરીને ન થાય તે મૂઓ કહેવાય. કોઈપણ વસ્તુની માગણી કરવી તે હલકાઈ, દરિદ્રનું લક્ષણ છે. માંગવાનું થાય તે કોઈ વિષયની પૂર્તિ માટે થાય એમ વિચારતાં વિષયાધીનપણું હોવાથી હલકાઈ પ્રાપ્ત થાય. માટે માગવું કે માગવાની ઈચ્છાએ બેય હલકાઈ આપનારાં છે.

પોતાનું સ્વરૂપ ઓળખવા માટે જે યાચના કરવી પડે તે તો ઊલટું મોટાઈનું કારણ છે. સંસારનાં વિષયભોગો ને મૂકીને સત્પુરૂષો પાસે સદ્‌ગુણ, સદાચાર અને આત્મ સ્વરૂપને સંપાદન કરવાની યાચના સુખેથી કરવી જોઇએ તે મોટાઈનું મૂળ છે. સ્વપદ જાણવાથી ઉત્તમ મોક્ષપદ મળે. એથી બીજી મોટાઈ છે જ નહિં. સંતોષથી અને વૈરાગ્યથી અંતર્વૃત્તિ રાખનારાં જ જગતમાં મોટા છે. અને તે જ બીજાને મોટાઈ શીખવે છે અને મોટાઈ શીખવીને પણ પોતે મોટા બને છે તેમને જ ધન્ય છે.

જેને ફરીને જન્મ ન લેવો પડે તે ખરો જન્મેલો કહેવાય જ્ઞાન વગર પુનર્જન્મ મટતો નથી. જન્મ લેવાની માયામાંથી જે નીકળે છે તે જન્મ્યો કહેવાય. કેમકે તેને ફરીને જન્મ લેવો પડતો નથી.

જેનું ફરીને મૃત્યુ થતું નથી તે જ ખરો મૂએલો જાણવો. બળેલા લુગડાની રાખ જેમ લુગડા જેવી જ દેખાય પણ તે વાપરવામાં કામ ન લાગે તેમ જ્ઞાનીનો દેહ પણ દેખવા માત્ર છે, તે કાંઈ કૃત્ય કરતો નથી. માટે ખરું મરવું તો જ્ઞાનીનું જ કહેવાય કે જેને દેહ પડયા પછી ફરીને દેહ ધરવો પડતો નથી.

(૧૯) શિષ્ય : મૂંગો કોણ કહેવાય ? બહેરો કોણ કહેવાય ? વિશ્વાસને પાત્ર કોણ નથી ?

ગુરુ : સમય પ્રમાણે જે ઘટે તેવું ન બોલી શકે તે મૂંગો કહેવાય. જે વાક્ય ખરું અને હિતરૂપ હોય તે વાક્યને ન સાંભળે તે બહેરો કહેવાય. દંભી, કપટી વિશ્વાસને પાત્ર નથી.

જગતમાં જેને મુદ્દલ વાણી ન હોય એવા મૂંગા ઘણા હોય છે; પરંતુ મૂંગો તો તે જ કે જેને વખત પ્રમાણે શાસ્ત્રનાં પ્રમાણ સહિત બોલતાં ન આવડતું હોય. ગમે તેવી શુધ્ધ ભાષા જાણતો હોય અને ગમે તેવી વાણીમાં ચતુરાઈ હોય, પણ જેના મોઢામાંથી સમયને અનુકુળ, વિવેકથી ભરેલું અને સારો માર્ગ દેખાડનારું વચન ન નીકળે તે માણસ બોલે છતાં મૂંગો જ છે; કેમકે તેની વાણી મૂંગાની વાણીની પેઠે નકામી છે.

જે માણસ સાચાં અને હિતકારક ગુરુ આદિના વચનો સાંભળતો નથી તે બહેરો સમજવો. જેમ બહેરા પાસે જેટલું બોલીએ તેટલું તે સાંભળતો નથી, તેમ કેટલાક તો હિતનાં વચનો બહેરાની જેમ જાણે સાંભળતો ન હોય તેમ સાંભળીને કાઢી નાંખે છે તે બહેરો છે. માટે જે સાચાં અને હિતના વચન કે જેથી પોતાનાં અસંખ્ય દુઃખ ટળી જાય તેને નથી સાંભળતો નથી, તે જ બહેરો છે.

દંભી, કપટી સ્ત્રી હોય કે પુરૂષ તે વિશ્વાસ કરવા યોગ્ય નથી. કારણકે એવા લોકોના દુષ્ટપણાની કે એના અંતઃકરણની વાત જાણી શકાતી નથી. ઉપરથી કાંઈ દેખાતું હોય ને મનમાં કાંઈ હોય. માટે એવા વિશ્વાસ લાયક નથી.

(૨૦) શિષ્ય : એક તત્ત્વ કયું કહેવાય ? ઉત્તમ શું કહેવાય ? કયું કામ કરવાથી વ્યક્તિ શોચ કરવા યોગ નથી થતો ?

ગુરૂ : એક તત્ત્વ 'શિવ' છે. સારુ ચારિત્ર જે હોય તે ઉત્તમ કહેવાય. શિવ-અરિહંતની સેવા કરનાર એ શોચ કરવા યોગ્ય થતો નથી.

જીવ-શિવનો ભેદ ટાળીને અભેદ એકરૂપ જાણવા તે એક તત્ત્વ કહેવાય. જેણે એક તત્ત્વના બોધથી દૃષ્ટા, દર્શન અને દશ્ય રૂપ ત્રિપુટી ટાળી નાંખી છે તેને પછી કાંઈ પણ સાધન કરવાનું રહેતું નથી. જે સાધન વડે શિવ તત્ત્વની પ્રાપ્તિ થાય તે જ ખરું સાધન કહેવાય. એ તત્ત્વ કાંઈ ક્રિયા કરવાથી પ્રાપ્ત થતું નથી પણ સત્પુરૂષની કૃપાથી ને તેના બોધથી મળે છે. તત્ત્વનો બોધ એ જ એકલો સર્વ આશારૂપ ઘાસને બાળવા માટે અગ્નિ સમાન છે. આશા બોધરૂપી અગ્નિમાં બળી જવાથી તત્ત્વના આનંદમાં નિમગ્ન થઈ જવાય છે એ તત્ત્વ 'શિવ' તત્ત્વ છે.

શિવતત્ત્વને પ્રાપ્ત કરવા માટેના બોધ માટે જે સાધનોની જરૂર પડે તેને સચ્ચરિત્ર કહેવાય છે તે સચ્ચરિત્ર જ ઉત્તમ કહેવાય છે.

કામ, ક્રોધાદિકને જીતી, મન તથા ઈન્દ્રિયોને વશ રાખી શિવ-અરિહંતને એક ભાવે એવા કરે તે વ્યક્તિ શોચ કરવા યોગ્ય નથી કેમકે તે ક્રિયા કરવાથી તેને કોઈ કર્મનું બંધન થતું નથી. પરંતુ અંતઃકરણ નિર્મળ થવાથી ઉત્તમ બોધનું પરિણમન થાય છે.

(૨૧) શિષ્ય : શત્રુ થકી પણ મોટો શત્રુ કોણ છે ? વિષયો વડે શું પુરાતું નથી ? દુઃખનું મૂળ શું છે ?

ગુરુ : ક્રોધ, અનૃત, લોભ અને તૃષ્ણા સહિત કામ છે તે મોટો શત્રુ છે. કામાદિક વિકારો વિષયો થકી પુરાતા નથી. હું અને મારું એવું જે મમત્વ છે તે દુઃખનું મૂળ છે.

ક્રોધ, અનૃત, લોભ અને તૃષ્ણા સહિત જે કામ છે તે શત્રુ કરતાં પણ મોટો શત્રુ છે. મનમાં કામ જીતાયો એટલે મોટામાં મોટો શત્રુ વશ થયો એમ સમજવું. કામ ભોગની ઈચ્છામાં પ્રતિબંધ થતાં રોષ ઉત્પન્ન થાય તે ક્રોધ છે. અનાત્મને વિષે આત્મભાવ થવો તે અનૃત કહેવાય છે. એ આત્મભાવ અનાત્મ વસ્તુમાં થયો તેનો સંચય કરવો

તે લોભ છે. મિથ્યા પદાર્થમાં વારંવાર મન દોડે અને પાછુ વાળતાં પણ તે પદાર્થમાંથી પાછું ન વળતાં લપટાઈ રહે તે તૃષ્ણા છે. આમ ક્રોધ, અનૃત, લોભ તૃષ્ણા સાથેનો કાળ એ મોટામાં મોટો શત્રુ છે. અનૃત એટલે મોહ, મદ અને મત્સર ભાવ થવા તે. ગમે તેટલા વિષયો ભોગવ્યા હોય તોપણ તૃપ્ત થતા નથી. કામાદિક શત્રુઓ એવા જે વિષયો જેમ જેમ ભોગવાય છે, તેમ તેમ ઊલટા વધે છે પણ ઘટતા નથી. એટલા માટે વિષયોથી પુરાય નહિ એવા કામાદિક શત્રુઓ છે. જો કામાદિક ટળી જાય તો ત્રિવિધ તાપ ટળી જાય છે અને શાંતિ થાય છે. એક કામને શમાવી દેવામાં આવે તો બીજા ક્રોધાદિક શત્રુઓ એની મેળે શમી જાય છે.

મમતા એ દુઃખનું મૂળ છે. કોઈપણ વાતમાં અહંકાર કરવો તે મમતા છે. આવી રીતે મમતા રાખનાર દુઃખ ભોગવે છે. જો મમત્વ ટળે તો મોક્ષ થતાં વાર નથી લાગતી. જ્યારે હું અને મારું એવું મમત્વ નથી ત્યારે મોક્ષ અને જ્યારે હું અને મારું એવું મમત્વ છે ત્યારે બંધન થાય છે. મમતા અને અભિમાન એ સર્વ દુઃખના મૂળ છે માટે તેને ટાળી નાખવાં જોઈએ.

(૨૨) શિષ્ય : મુખનું ઘરેણું શું કહેવાય ? સત્ય શું કહેવાય ? શું ત્યાગ કરવાથી સુખ છે ? ઉત્તમ દાન કયું કહેવાય ?

ગુરૂ : સાક્ષરતા મુખનું ઘરેણું છે. જે સર્વના હિત રૂપ હોય તે સત્ય કહેવાય. સારી રીતે કામ ભોગનો ત્યાગ કરવાથી સુખ છે. અભયદાન આપવું તે ઉત્તમ દાન છે.

બ્રહ્મવિચારમાં કુશળ થવું તે સાક્ષરતા છે. બ્રહ્મ વિચારના ઉચ્ચાર અને તે વિદ્યા વિના બીજાું જે કાંઈ બોલવું તે મિથ્યા છે.

જેથી ભૂત પ્રાણીનું હિત થાય તે સત્ય કહેવાય. સંસારના દુઃખથી

છુટવા માટે પોતાનું રૂપ ઓળખી ઉત્તમ જ્ઞાન સંપાદન કરી જીવન મુક્ત થવું એ જ સત્ય છે.

સમજણ કેળવીને કામભોગનો ત્યાગ કરવો તેથી સુખ પ્રાપ્ત થાય છે. ગૃહસ્થાશ્રમમાં પણ કલ્યાણના માર્ગમાં વિરોધ ન આવે તેમ પોતાની ગૃહિણી સાથે અનુરક્ત રહેવું. નિરંતર અભય આપવો એ જ ઉત્તમદાન છે. અભયદાન આપવાની ઈચ્છા રાખતા હોય તેમણે કોઈથી ચોરી ન શકાય ને કોઈ દિવસ પૂરે નહીં એવી મુક્તિનું દાન આપવું. મુક્તિને માથે ભય નથી. એ સદાય નિર્ભય જ કહેવાય છે. જેને અભયદાન લેવું હોય તેણે યોગ્ય સત્પુરૂષ પાસેથી મુક્તિ થાય તેવું જ લેવુ, તે સિવાય બીજા દાનમાં ભય રહેલો છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે. જે જે દશ્ય વસ્તુ છે તે તે સર્વ ભયથી યુક્ત છે માટે વૈરાગ્યપૂર્વક સંસારના ભયથી અન્યને છોડાવવો તે જ અભયદાન છે.

(૨૩) શિષ્ય : કોનો નાશ થવાથી મોક્ષ થાય ? કોઈપણ દિવસ ક્યાં ભય નથી ? અતિ શલ્ય શું કહેવાય ? ઉપાસના કોની કરવી ?

ગુરૂ : મનનો નાશ થવાથી મોક્ષ થાય. મુક્તિમાં કોઈ દિવસ ભય નથી. પોતામાં રહેલું મુર્ખપણું શલ્ય રૂપ છે. ઉપાસના ગુરુની અને વૃધ્ધજનોની કરવી.

મનનો નાશ થવાથી મોક્ષ થાય છે, કેમકે ન હોય ને ન ઈચ્છેલું હોય તેવું જ મન ઉત્પન્ન કરે છે. હર્ષ-શોક, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, બંધ-મોક્ષ, એ આદિ અનંત વિકારો મનના છે. એ મન ટળે એટલે પછી મોક્ષ કોને જોઇએ ? કેમકે આત્મા તો પોતે નિત્ય મુક્ત છે જ. તેનું ભાન મનના નાશ થવાથી થાય છે. મનનો નાશ કરવાની રીત સત્પુરૂષ પાસેથી જાણીને શીખવી જોઇએ. સંકલ્પ વિકલ્પ જાય એટલે મન તો મરેલું છે. ગુરુકૃપાથી મનનો નાશ કર્યો કે પછી મોક્ષ જ છે.

મુક્તિને વિષે ભય નથી. તે સિવાય જેટલા પદાર્થ કે જેટલાં ઠેકાણાં છે તેમાં ભય છે. એથી મુક્ત થવાને ઉત્તમ જ્ઞાન સંપાદન કરવું જોઇએ જ્ઞાનવાન તત્ત્વવેત્તા પુરૂષોને ગુરુ કરી, તેને શરણે જઈ જ્ઞાન પ્રાપ્ત કરવું અને તે જ્ઞાનથી સ્વરૂપ પ્રાપ્તિ થતાં જેમાં કશો ભય નથી એવી મુક્તિ પ્રાપ્ત થાય છે.

સંસારમાં અનેક પ્રકારનાં શલ્ય છે પણ તેમાં પોતાની મૂર્ખતા એ મોટું શલ્ય છે. બીજા શલ્યથી તો થોડું દુઃખ થાય છે, પણ આ મૂર્ખતારૂપ શલ્યથી તો અનેક જાતનાં દુઃખ થયા કરે છે. જ્યાં સુધી બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી તે મુર્ખ કહેવાય છે. જે અજ્ઞાની છે તેને આ જગત દુઃખના ઢગલારૂપ છે અને જે જ્ઞાની છે તેને આ જગત આનંદ રૂપ છે. આ મનુષ્ય જન્મમાં જ પોતાના મૂર્ખતારૂપ શલ્યને નાશ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે, માટે અવિદ્યારૂપ શલ્યનો નાશ કરવો. બીજી વિદ્યા કે ચતુરાઈથી સંસારમાં ડાહ્યો કહેવાતો પુરૂષ બ્રહ્મવિદ્યા ભણીને પોતાનું સ્વરૂપ ન ઓળખે તો તે મૂર્ખ છે. આ પ્રમાણે જેને જ્ઞાન નથી તે મૂર્ખતાથી દુઃખ ભોગવે છે અને તેના દુઃખોનો આરો આવતો નથી તે મોટા શલ્ય કરતાં પણ મોટું શલ્ય છે.

ગુરૂ અને વૃધ્ધજનોની ઉપાસના કરવી જોઈએ. ગુરૂ પાંચ પ્રકારના છે. ૧. પિતા ૨. કુલગુરુ ૩. વિદ્યાગુરુ ૪. મંત્રગુરુ ૫. બ્રહ્મગુરુ - જ્ઞાનગુરુ. આપણા જીવનમાં જુદી જુદી અવસ્થાએ જુદા જુદા ગુરૂઓનું સ્થાન રહેલું છે. ૧. બાલ્યાદિ અવસ્થાનો ગુરુ પિતા છે ૨. પોગંડ અવસ્થાનો ગુરુ કુલગુરુ છે. ૩. કિશોર અવસ્થાનો વિદ્યા આપનાર વિદ્યાગુરુ છે. ૪. યુવાવસ્થાનો મંત્ર આપનાર મંત્રગુરુ છે. ૫. બ્રહ્મને ઓળખાવનાર જ્ઞાનીગુરુ છે.

આ પાંચમા ઉત્તમગુરુ જ્ઞાનીગુરુ કહેવાય છે. તે સૂર્ય સમાન છે. આ ગુરુની પ્રાપ્તિ થયે અજ્ઞાન નાસી જાય અને જ્ઞાનરૂપી કમળનો ઉદય થાય. માટે જ્ઞાનીગુરુની ઉપાસના કરવી. જ્ઞાની ગુરુ સિવાય કોઈ આ

સંસારરૂપ સમુદ્રમાંથી પાર ઉતારી શકે તેમ નથી. માટે એવા જ્ઞાનવાન ગુરુની ઉપાસના કરવી. જે જ્ઞાની ગુરુની શ્રધ્ધાથી સેવા કરે છે, તે માણસને સ્વર્ગ ઘરનાં આંગણા જેવું છે, ચક્રવર્તીની સંપત્તિ દાસી જેવી છે, સૌભાગ્યાદિ ગુણની પંક્તિ પોતાની મેળે દેહરૂપ ઘરમાં આવી રહે છે, સંસાર તરવો રહેલો બની જાય છે અને મોક્ષ હસ્ત કમલવત્ થઈ જાય છે. બાકીના ચાર ગુરુનો પણ તિરસ્કાર ન થાય તે રીતે વર્તવું જોઈએ.

(૨૪) શિષ્ય : પ્રાણને હરનારો કાળ આવે ત્યારે રૂડી બુધ્ધિ વાળાએ તરત શો પ્રયત્ન કરવો ?

ગુરૂ : સુખને આપનારાં અને યમ (કાળ)નો નાશ કરનારાં સત્પુરૂષના ચરણારવિંદનું વાણી, શરીર અને ચિત્ત વડે ચિંતવન કરવું.

જ્યારથી શરીર પ્રાપ્ત થયું ત્યારથી તેનું મૃત્યુ તો નિશ્ચિત થઈ ચૂક્યું જ હોય છે. આ કાળ જ્યારે ઓચિંતો આવે ત્યારે બુધ્ધિમાન માણસે વાણી, મન અને શરીરથી ભગવાન આત્માનું ચિંતવન કરવું, પરમાત્માના ગુણોનું ચિંતવન કરવું, સત્પુરૂષના ચરણોના આશ્રયને સ્વીકાર્યો હોય તો મૃત્યુ પણ મહોત્સવ બની શકે છે.

મરતાં સુધી મમત્વની શિક્ષાને ગળે બાંધી રાખે છે તેને મોત કાંઈ છોડતું નથી. આવા મનુષ્ય શરીરને, જે અમુલ્ય છે તેને પોતાના મૂળ કર્તવ્યને કરવું નહીં તે મૂર્ખતાની નિશાની છે.

ભગવદ્ ભજન તો શરીર સારું હોય ત્યાં સુધી કર્યા હોય તો અંતકાળે તે હાજર થઈ જીવને દુઃખ ન થવા દેતાં આનંદ પૂર્વક દેહત્યાગ કરાવે છે.

(૨૫) શિષ્ય : ચોર કોણ કહેવાય ? સભામાં કોણ શોભે ? શાંતિ રૂપ સુખ કોણ આપે ? દાન દેવાથી શું વધે છે ?

ગુરૂ : નઠારી વાસનાઓ એ ચોર છે. જ્ઞાનવાન હોય તે સભામાં

શોભે છે. સુવિદ્યા-બ્રહ્મવિદ્યા શાંતિનું સુખ આપે છે. સુવિદ્યા દાન આપવાથી વધે છે.

મહાજ્ઞાની પુરૂષને કોઈ પદાર્થ તેમાં દેખવાથી કે સાંભળવાથી વૃત્તિ ચોંટી જાય તો તે દેહ છૂટયા પછી જ્યાં વૃત્તિ હોય ત્યાં જન્મ લેવો પડે છે. આ વૃત્તિને વાસના કહેવાય છે. આવી વાસના સાધકને મોક્ષમાં જતો અટકાવી દે છે.

દેહના કૃત્ય દેહ કરે છે એવું બોલીને નરકમાં પડવા જેવાં ને જન્મ મરણનાં દુઃખ ભોગવવા જેવાં કર્મ કરનારનો મોક્ષની ઈચ્છાવાળાએ સંગ કરવો જ નહિ ને એવાની વાતો પણ સાંભળવી નહિ. મુક્તિ તો સંશય, વાસના અને અજ્ઞાન ટળે ત્યારે સહજપણે પ્રાપ્ત થાય છે. હૃદયમાંથી અજ્ઞાનરૂપ ગાંઠ ગળે એટલે મોક્ષ જ છે, માટે અહંગ્રથિ (હુ અને મારું) કર્મગ્રંથિ (પાપપુણ્ય) અને સંશય ગ્રંથિ (આમ હશે કે નહિ હોય) ટાળીને તથા વાસના રૂપ ચોરને અળગા રાખીને સુખેથી મુક્ત થવું. અંતઃકરણમાં સંશય જ્યાં સુધી ન મટે ત્યાં સુધી મુક્ત થવાય નહિ.

નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થઈ પોતાના સ્વરૂપનો યથાર્થ અનુભવ થઈ એવી જ અખંડાકાર વૃત્તિ રહે તેનું નામ સુવાસના છે. આવી સુવાસના રસાયણની જેમ રોગોનો નાશ કરે છે, તેમ જ અવિદ્યાના વિક્ષેપોનો નાશ કરે છે. વાસના શમ્યા વિના જે પોતાને જ્ઞાન થયું છે તેમ માને છે તે કૂતરા જેવો સમજવો.

મન ઈન્દ્રિયને વશ કરી પ્રથમથી જ વાસનાથી દૂર રહેવાનો અભ્યાસ કરવો જોઈએ, નહી તો અંતકાળે પછી તે ટાળવી કઠણ થઈ પડે છે.

શાંતિ સરખી સુખ આપનારી સુવિદ્યા એ બ્રહ્મવિદ્યા છે. આત્મા સુખરૂપ છે, અવિદ્યાને લીધે તે જીવ દુઃખ ભોગવે છે, પણ તે જ

આત્મા બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થઈ કે જીવ બુદ્ધિ છોડીને શાંતિ પામે છે.

દાન આપવાથી સુવિદ્યા એટલે બ્રહ્મવિદ્યા વધે છે. જ્ઞાન કલા એવી છે કે એક વાર ઉત્પન્ન થાય પછી નિરંતર વધ્યા જ કરે છે તત્ત્વ જ્ઞાનરૂપ કલા તો નિરંતર વધ્યા જ કરે છે, માટે એવી બ્રહ્મવિદ્યાનું દાન કરવું. પૃથ્વીને અન્ન આપીએ તો જેમ વધે છે તેમ પાત્રે આપેલી બ્રહ્મવિદ્યા પણ વૃધ્ધિ પામે છે. માટે જે વૃધ્ધિ પામતી જાય તે જ સુવિદ્યા અને તેનું દાન જ ખરું દાન છે.

(૨૬) શિષ્ય : નિરંતર બીક કોનાથી રાખવી ? બંધુ કોણ કહેવાય અને માતા-પિતા કોણ કહેવાય ?

ગુરૂ : લોકોના અપવાદથી અને સંસારરૂપ વનથી નિરંતર બીક રાખવી. જે વિપત્તિ આવી પડે તેમાં સહાય કરે તે બંધુ અને જે પાલન પોષણ કરે તે માતા-પિતા કહેવાય.

ગમે તે સારી ક્રિયા ઉપર અથવા ગમે તે ગુણ ઉપર ઉપરથી કુતર્ક બાંધીને વિચારવગરના લોકો બીજા ઉપર ખોટું આળ ચડાવે છે તેનું નામ લોકાપવાદ કહેવાય. એની નિરંતર બીક રાખવી જોઈએ. જો કે સાવ શુધ્ધ હોય તોપણ જો લોકની વિરુધ્ધ હોય તેવું કામ પણ કરવું નહિ અને તેવું આચરણ પણ કરવું નહિ. આ વાત વ્યવહારીને તેમજ જ્ઞાનીને બન્નેને સમાન છે. જ્ઞાનીઓનાં સારા આચરણ ઉપરથી બીજાઓએ બોધ લેવાનો છે, માટે એવા પુરૂષોએ તો જરૂર લોકાપવાદનો ભય રાખી રહેણી કરણી સારી રાખવી જોઈએ.

કોઈ પુરૂષ અજ્ઞાન દશામાં ગમે તેવાં આચરણ કરતો હોય પણ જ્યારે તેને જ્ઞાન થયું ત્યાર પછી પણ જેથી લોકાપવાદ લાગે તેવાં આચરણ તજી દેવાં જોઈએ.

મહાપુરૂષ જે જે આચરણ કરે છે, તેનું જોઈને બીજાઓ પણ તે તે આચરણ કરે છે અને મહાપુરૂષે જે પ્રમાણે કર્યું હોય તે પ્રમાણે લોક

વર્તે છે. લોકનો આવો સ્વભાવ છે, તેથી એના હિતને માટે નિર્મળ આચરણ પણ લોકને કલ્યાણનો માર્ગ સુઝાડે તેવાં ન હોય તો જ્ઞાનીઓ તજી દે છે.

જેમ લોકાપવાદની બીક રાખવી જોઈએ તેમ આ સંસારરૂપ વગડાનાં દુઃખો ભોગવવા સંબંધી પણ બીક રાખવી જોઈએ.

વિપત્તિમાં જે પોતાને સહાયકરે તે બંધુ કહેવાય. જે સંસારનું દુઃખ ટાળે ને ટાળવાની સહાયતા કરે તે જ આપત્તિને ટાળનારો ખરો બંધુ સમજવો. જે જન્મ આપીને અને અન્ન વસ્ત્ર પૂરાં પાડીને ઉછેરી મોટા કરે તે માતા પિતા કહેવાય. સૂક્ષ્મપણે વિચાર કરતાં પરમાર્થ માર્ગે ચડાવી અખંડ સુખની પ્રાપ્તિ થાય તેવા રસ્તે ચડાવે તે જ ખરાં માતા-પિતા છે. આવી રીતે પાલન પોષણ કરી બંધનમાંથી છોડાવે તે જ માતા પિતા સમજવાં. માતા પિતાનો ધર્મ એવો છે કે બાળકને દુઃખમાંથી છોડાવી સુખી કરે. આ રીતે સંસારરૂપ મહાદુઃખમાંથી છોડાવનાર, મહા સદાચારને આચરનાર બ્રહ્મનિષ્ઠ ગુરુ છે. માટે ખરું જોતાં તો બંધુ પણ તે જ છે અને માતા-પિતા પણ તે જ ગુરૂ છે.

(૨૭) શિષ્ય : બુધ્ધિ વડે ન જણાય એવું છેવટે શું રહે છે ? કોને જાણવાથી આ જગત જાણવામાં આવે ?

ગુરૂ : સુખરૂપ અને બોધરૂપ એવું જે શાંત શિવ-મોક્ષ તત્ત્વ છે તે બુધ્ધિ વડે જણાતું નથી. પૂર્ણ પરબ્રહ્મ એવા આપણા આત્માને જાણવાથી આ જગત સંપૂર્ણપણે જાણવામાં આવે.

બુધ્ધિ આત્માને જાણવા તરફ વળે છે, ત્યાં દૂરથી આત્મારૂપ થઈ જવાથી તેનામાં જાણવાપણું રહેતું નથી; કેમકે એકતા પ્રાપ્ત થઈ એટલે પોતે પોતાને શું કહે ? આટલા માટે શિવ-મોક્ષને બુધ્ધિથી ન જણાય તેવું કહ્યું છે અને સઘળું દૂર કરતાં માત્ર એ જ એક અવશેષ પૂર્ણ રહે છે.

પૂર્ણ બ્રહ્મ એવા આત્માને જાણ્યા પછી બીજું કાંઈ જાણવાનું રહેતું નથી; કેમ કે જે કાંઈ છે તે સઘળું આત્માને વિષે છે અને આત્માને જાણ્યા વિના કાંઈ બીજું જાણ્યું હોય તો તે બધું ન જાણ્યા બરાબર છે. આત્માના અનુભવથી જે જાણ્યું તે જ જાણ્યું કહેવાય છે. એ આત્માનું જ્ઞાન થવાથી જગતનું જ્ઞાન થાય છે. એ આત્માનું જ્ઞાન ન હોય તો જગત જાણવામાં આવતું નથી.

(૨૮) શિષ્ય : જગતમાં દુર્લભ શું છે ? સર્વનો ત્યાગ એટલે શું ? માણસોથી ન જીતાય એવું શું છે ?

ગુરૂ : સદ્‌ગુરુ, સત્સંગ અને આત્મવિચાર એ જગતમાં મેળવવા દુર્લભ છે. પોતાના આત્માનો બોધ થવો (પરિણમવો) તે સર્વનો ત્યાગ છે. કામ (વાસના) માણસોથી જીતાય તેમ નથી.

સદ્‌ગુરુ, સત્સંગ અને બ્રહ્મ-આત્મ વિચાર એ ત્રણે લોકમાં મળવા કઠણ છે; કેમકે એ સ્વર્ગ અને પાતાળ (નર્ક)માં મળવા મુશ્કેલ છે, માત્ર મૃત્યુ લોકમાં (તિર્ચ્છા લોકમાં) કોક જ સમયે અને કોક જ સ્થળે મળે છે. કોઈ પૂર્વ પુણ્યના યોગથી જ તેવો સંયોગ બને છે. સદ્‌ગુરુ મળી જાય તો પછી ભવનો ફેરો રહેતો નથી. રાગદ્વેષ અને સુખ-દુઃખાદિ દ્વન્દ્ર રહિત તથા બ્રહ્મરૂપ ગુરૂ ક્વચિત્ જ મળે છે. શુધ્ધ જ્ઞાનવાન સમદષ્ટિવાળા સંત મળે ત્યારે જ તેમનો સદ્‌બોધ પ્રાપ્ત થઈ આત્મવિચાર થાય છે.

સારાં શાસ્ત્રો વાંચવા, સત્પુરૂષોનો બોધ સાંભળવો, સદૈવ સંસાર ભાવમાં વૈરાગ્યદષ્ટિ રાખવી અને આત્માનો ક્ષણે ક્ષણે વિચાર કરવો એ સત્સંગ કહેવાય. સત્સંગ છે તે ચિંતામણિ જેવો છે. નિરંતર દુર્લભ એવા સત્સંગને ગ્રહણ કરવો એ જ મનુષ્ય જન્મનું કર્તવ્ય છે.

નિરંતર સંસારમાં વૈરાગ્ય ભાવ ધારણ કરી આત્મ અનાત્મ વસ્તુનો વિચાર કરી બ્રહ્મ-આત્માનું સ્વરૂપ ઓળખી તેનાં શ્રવણ-

મનન-અને નિદિધ્યાસનમાં મગ્ન રહેવું એ આત્મ-બ્રહ્મ વિચાર કહેવાય. આ પૂર્વના પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. પોતાના કલ્યાણ રૂપ એવો દુર્લભ બ્રહ્મ-આત્મવિચાર નિરંતર કરવો જોઇએ.

સદ્‌ગુરુ, સત્સંગ અને બ્રહ્મ-આત્મવિચાર પ્રાપ્ત થવા એ અતિ દુર્લભ છે. અને તેને મેળવનારાઓ પણ દુર્લભ છે; તેમાં પણ ખરું સ્વરૂપ ઓળખે એવા તો હજારોમાં એકાદ પણ નીકળવો કઠણ છે. વ્યવહાર કુશળતાથી કે શબ્દાદિકના જ્ઞાનથી તત્ત્વજ્ઞાન સંપાદન થતું નથી; તેનો અનુભવ કરવામાં આવે તો તેથી પ્રાપ્ત થાય છે.

પોતાના સ્વરૂપનો જે બોધ થવો તેને સર્વનો ત્યાગ કહેવાય. જ્યાં સુધી પોતાના સ્વરૂપનો બોધ ન થયો હોય ત્યાં સુધી ગમે તેટલા જગતના પદાર્થનો ત્યાગ કરે તો પણ તે ત્યાગ કહેવાય નહિ. જગતના સર્વ વિષયાદિક પદાર્થોનો તેમજ આ શરીર અને શરીર સંબંધી પદાર્થોનો ત્યાગ થાય અને તેથી જુદું પોતાનું નિર્મળ સ્વરૂપ ઓળખાય, તેનું નામ પોતાના સ્વરૂપનો બોધ કહેવાય. જગતમાં ઘરબાર લુંટાવી દે તેવા ઉદાર પુરૂષો ઘણા હશે, પરંતુ કામ ક્રોધાદિકનો તથા શરીર પ્રત્યેની મમતાનો ત્યાગ કરનારા કોઈક જ વિરલા છે. માટે મમતાનો ત્યાગ કરી શરીરથી જુદું પોતાનું સ્વરૂપ ઓળખી અસંગ થઈ રહે તે જ ખરો સર્વનો ત્યાગ છે.

કોઈથી ન જીતાય એવો કામ છે; કામને વશ થવાથી લક્ષ ચોરાશીના ફેરામાં ફરવું પડે છે. જીવ કામને વશ થઈ આશા-તૃષ્ણાને આધીન થતાં પોતાનું પરાક્રમ અને સ્વરૂપ ભૂલી ગયો છે. આવા અનર્થ રૂપ કામને જીતનારા જગતમાં વિરલા જ હોય છે. કામને જીતી લેવો એટલે કામનું સ્ફુરણ અંતઃકરણમાં ઊગે જ નહિ એવી રીતે તેને જીતી લેવો, એ વાત ઘણી કઠણ મુશ્કેલ છે. કોઈ મહાપુરૂષના સંગ તથા ઉપદેશથી તથા પૂર્વ પુણ્યથી આત્મ વિચાર વડે જ કામને જીતી શકાય છે. મનમાં જે કાંઈ ઈચ્છા ઉત્પન્ન થવી તે કામ (કામના) કહેવાય છે.

(૨૯) શિષ્ય : પશુથી પણ પશુ કોણ કહેવાય ? અમૃત જેવું જણાય તેવું ઝેર કયું ? મિત્ર જેવા લાગે એવા શત્રુ કોણ છે ?

ગુરૂ : જે ધર્મ કરતો નથી અને જેને શાસ્ત્ર ભણવા છતાં પણ પોતાના સ્વરૂપનો બોધ નથી તે પશુથી પણ પશુ કહેવાય. એટલે પશુથી પણ નઠારો કહેવાય. અમૃત જેવો જણાય તે કામ છે. મિત્ર જેવા લાગે તેવા શત્રુઓ પુત્રાદિ સંબંધીઓ છે.

ધર્મ પ્રમાણે ચાલવાને અને આત્મસ્વરૂપ ઓળખવાને મનુષ્ય શરીરમાંજ શક્તિ વિશેષ રહેલ છે. પણ એ શક્તિ વિશેષનો ઉપયોગ કરી પોતાને ઓળખે નહીં તો મનુષ્ય દેહ મળ્યા છતાં તેનું સાફલ્ય નહિ થવાથી પશુથી પણ બદતર-નઠારો કહેવાય છે. ધર્મનું આચરણ કરનાર જ સાચો વિવેકજ્ઞાની કહેવાય. જેને એ વિવેકજ્ઞાન થયું તે જ મનુષ્ય કહેવાય છે. જે પુરૂષ શાસ્ત્રોનું જાણપણું ધરાવે છે, પણ તેનો પરમાર્થ જાણતો નથી તે પુરૂષનું જાણપણું ઉપાધિરૂપ છે. જ્ઞાન વગર સઘળી વિદ્યા ભારરૂપ છે. ઘણાં શાસ્ત્રો ભણીને તેના અર્થને સમજતાં નથી તેઓ કેવળ ગર્દભની પેઠે ભાર જ ઉપાડે છે. તત્ત્વનું જાણપણું ન થાય ત્યાં સુધી સઘળું ભણતર ભારરૂપ છે. અભ્યાસની સફળતા એ આત્મજ્ઞાન થવું તે છે.

કામ ભોગવતાં પહેલાં અમૃત જેવો લાગે છે, પણ ભોગવ્યા પછી તે વિષ જેવો લાગે છે માટે કાળને અમૃત જેવા વિષની ઉપમા આપી છે.

પુત્રાદિ સઘળાં સંબંધીઓ પરિણામે વિચાર કરતાં શત્રુ રૂપ છે, તેમ છતાં તે મિત્ર જેવાં લાગે છે. કારણકે તેને જોતાં પુરૂષનું મન હરખાય છે અને તેના દુઃખને જોઇને તેને ટાળવાનો પુરૂષાર્થ કરતાં તેને ધર્મમાં ધ્યાન રહેતું જ નથી. આવા આવા બીજા કારણોથી છોકરાં આદિ સર્વ વહાલાં લાગે છે, પણ જે પરિણામે સમજે નહિ તેને શત્રુરૂપ થઈ પડે છે તેમ કહ્યું છે.

(૩૦) શિષ્ય : વીજળીના જેવું ચંચળ શું શું છે ? ઉત્તમ દાન કયું કહેવાય ? કંઠે પ્રાણ જાય તો પણ શું ન કરવું ? કંઠે પ્રાણ જાય ત્યાં સુધી પણ શું કરવું ?

ગુરૂ : ધન, યૌવન અને આયુષ્ય વીજળીના જેવું ચંચળ છે. સુપાત્રને આપવામાં આવેલ દાન ઉત્તમ દાન કહેવાય છે. કંઠે પ્રાણ આવી જાય તો પણ પાપકર્મ ન કરવું. કંઠે પ્રાણ જાય ત્યાં સુધી શિવાર્ચન કરવું.

વિજળી જેમ ઉત્પન્ન થઇને ક્ષણવારમાં ઉત્પન્ન થઈ નાશ પામે છે તેમ ધન, યૌવન અને આયુષ્ય ક્ષણવારમાં નાશ પામે છે. અર્થાત્ વીજળી જેટલાં જ તે પણ ચપળ છે - અસ્થિર છે. આ ત્રણ વસ્તુ ચંચળ છે; પરંતુ પુણ્ય યોગથી મળે તેણે પોતાનું કલ્યાણ થાય તેવું સાધન કરી લેવું અને બીજાને પ્રાપ્ત કરવામાં સહાયતા કરવી.

ધન, યૌવન અને આયુષ્યની સત્તામાં જે સુકર્મ થાય તે તુરત કરી લેવું અને સ્વાભાવિકપણે જે જતા રહેવાના છે તે પદાર્થ માટે શોચના કરી રડવું નહિં. સમજુ અને અણસમજુનાં બન્નેનાં તે જાય છે, પણ સમજુના સફળ થાય છે અને અણસમજુનાં નિષ્ફલ જાય છે, એટલો જ ફેર છે.

સુપાત્રને દાન આપવું તે ઉત્તમ કહેવાય છે. સુપાત્રને થોડું પણ દાન આપ્યું હોય તેનું ફળ અનેક ગણું સારું આવે છે. જે સદ્‌ગુણી, સદાચારી અને જેને તત્ત્વનું જ્ઞાન હોય તે સુપાત્ર કહેવાય છે. જ્ઞાનીને થોડું પણ આપવાનું ફળ ઘણું થઈ પડે છે. માટે સુપાત્ર-કુપાત્રનો વિચાર કરી દાન આપવું.

કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ પાપ થતું હોય તેવું કામ ન કરવું.

કંઠે પ્રાણ આવી જાય ત્યાં સુધી શિવ અર્ચના કરવી જોઇએ. ગમે તે દશામાં શિવ અર્ચના કરી હોય તોપણ તે અતિ કલ્યાણ કારક છે. સઘળાં

પ્રાણી માત્રમાં મારા જેવો જ આત્મા છે, એમ જાણી સમભાવથી વર્તવું અને મારામાં પણ તેમનાં જેવો છે આત્મા છે, તેમ નક્કી કરી તેની સાથે એકતા કરી તેમાં લીન થઈ જવું તે શિવ-અર્ચના કહેવાય છે.

જે સર્વાત્મમાં સમદષ્ટિ વાળો થયો હોય તે સંસારથી છુટી જાય છે.

(૩૧) શિષ્ય : કાર્ય શું કરવું ? નિરંતર આસ્થા કોની ન કરવી ? અને નિરંતર શું ચિંતવવું ?

ગુરૂ : ભગવાન આત્મા પ્રસન્ન થાય તેવું કાર્ય કરવું. નિરંતર સંસાર સમુદ્રની આસ્થા ન કરવી અને સંસારના અસારપણાની તથા આત્મતત્ત્વની ચિંતવણા કરવી.

નિરંતર નિષ્કામ કર્મ યોગ દ્વારા ભગવાન આત્માને પ્રસન્ન કરવા પ્રયત્નશીલ બનવું. મન સાથે એક નિષ્ઠાથી આત્મતત્ત્વની ઉપાસના કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરે તેને કોઈ કર્તવ્ય રહેતું નથી. સંસારમાં નિરંતર આસ્થા ન રાખવી. એ આસ્થા મરતી વખતે નઠારી ગતિ કરાવે છે; કેમકે નિરંતર સંસારના અભ્યાસને લીધે ઈશ્વર અથવા આત્માનો વિચાર ભક્તિ વિ. થતાં નથી. અને સ્ત્રી પુત્રાદિમાં જ જો ધ્યાન રહી જાય અને મૃત્યુ થઈ જાય તો જ્યાં વૃત્તિ રહી ગઈ હોય ત્યાં જન્મ લેવો પડે છે. મરણ સમયે જે જે પદાર્થ સંભારતાં શરીરને તજે છે, તે તે પદાર્થને તે પામે છે. કેમકે તે પદાર્થમાં સદા ચિંતન વડે તેના અંતઃકરણમાં વાસના લાગી ગયેલી હોય છે. માટે સહુએ વિચારીને પોતાનું અન્યાય રૂપ આચરણ હોય તે અસત્ય સમજી છોડી દેવું જોઈએ. અધર્મનો નાશ થાય એટલે પ્રપંચનો એની મેળે નાશ થઈ જાય છે.

આ સંસારમાં જે નામરૂપ દેખાય છે, તે સઘળું મિથ્યા છે અને શિવરૂપ આત્મતત્ત્વ સત્ય છે એવી રીતે નિરંતર ચિંતવ્યા કરવું. જે જન્મ મરણના સાધન રૂપ થાય છે તેમાં મિથ્યાબુધ્ધિ રાખવી અને

નિર્વિકાર ચૈતન્યના અંશરૂપ મારું સ્વરૂપ છે એમ સમજવું, આવી સ્થિતિ થવાથી ઉત્તમગતિ મળે છે. પરબ્રહ્મમય સ્થિતિ થાય છે. માટે નિરંતર આત્મતત્ત્વનું ચિંતવન કરવું.

(૩૨) ગળામાં ગયેલી કે કાનમાં ગયેલી આ પ્રશ્નોત્તર રૂપ મણિરત્નમાલા પ્રયત્નથી સેવા કરવા યોગ્ય પરબ્રહ્મના ચરણારવિંદ જેમ સત્યાત્યના વિચારવાળાને આનંદ આપે તેમ આનંદ આપો.

(તુલસીદાસજી કૃત મણિરત્નમાલામાંથી)

* * *

શ્રી રાજ-સોભાગ-સત્સંગ-મંડળ
સાયલા